કુમાર

વર્ષ દશમું અંક નવમો ભાદરવો ઓગણીસો નેવ્યાશી

ભાદરવો

આવતી કાલનાં નાગરિકોનું માનિતું માસિક

૧૯૮૯

તંત્રી · રવિશંકર રાવળ

૧૧૭ મો અંક



વળતી વેળા

ફોટો · આણીદમિયાં સૈયદ



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

¶, વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશના: ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
સુરતના એજન્ટ: વનરાજ બ્રધર્સ: લીમડા ચોક: સુરત
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



માનો લાડકવાયો
ચિત્રકાર · સોમાલાલ શાહ

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિકઃ ભાદરવોઃ સંવત ૧૯૮૯

શાંતિ સૂની થઈ!

(પૃથ્વી)

અસંખ્ય ગિરિશૃંગમાં નીરવતા મૂંગી આથડે,
અઘોર નભ-ઘુમ્મટે ઝબક તારલાઓ ચરે;
અપાર અત્રનિપટે સકળ શ્વાસ જંપી ગયા,
અગાધ ઉદધિતણાં ગહન ગાન સૂનાં થયાં:
મિનાર સહુ ચક્રવાલ રચતા અનન્તે અડે,
દિશા-પગીર સૌ અધન્ય ક્ષણ સાંધી ઝોકે ચડે;
ટગુમગુ થતા દીવા ઝબકતા થયા ને ઠર્યા,
અને અવનિને ઉરે તિમિરના થરો આવર્યા.

કહે, ' પ્રથમ વિશ્વ આ અખિલ શબ્દબ્રહ્મે ભર્યું,
પછી સૃજનનું અપૂર્વ સમ પુષ્પ આ પાંગર્યું;'
અનાદિ પણ એથી યે સદય શાંતિમાં સૌ ઠર્યું,
ફરી અહહ! રાજ્ય એ પ્રખર શાંતિએ પાથર્યું.
નથી રવ જરીઃ બને! સભર શાંતિ સૂની થઈ!
અથાગ પટ આવર્યા : તિમિરની ય આંખો ગઈ!

કૃષ્ણલાલ શ્રીધરાણી

' કલ્પના છે કે શરૂઆતમાં શબ્દબ્રહ્મથી આ અવકાશ ભર્યું હતું, અને પછી એમાંથી સર્જન થયું. પણ આ કાવ્યમાં એવું કહ્યું છે કે એ શબ્દબ્રહ્મની યે પહેલાં શાંતિ હતી. અને એ જ આદિ શાંતિએ આજે જાણે ફરી સામ્રાજ્ય જમાવ્યું હોય તેમ લાગે છે. જુઓને, શાંતિની વાણી હતી તે ય સૂની થઈ લાગે છે; અને જુઓને, અંધારાને ય જે આંખો હતી તે ગઇ લાગે છે! ' તાજેતરમાં પ્રકટનારા ' કોડિયાં ' નામક કાવ્યસંગ્રહમાંના ' પગલાં ' નામના વિભાગનું આ છેલ્લું સ્વનિત (સૉનેટ) ' કુમાર ' માટે મોકલતાં કવિ પોતે જ ઉપરના શબ્દોમાં તેને સમજાવે છે. અને એ જાણ્યા પછી તો, એની પદાવલિ બહુ વિશદ ન હોવા છતાં પણ, કાવ્યાર્થ સ્પષ્ટ થઇ જાય છે. પ્રથમ આઠ પંક્તિમાં શાંતિનું વર્ણન કર્યું છે — સરસ કર્યું છે. પહેલી ચાર લીટીમાંની કલ્પનાઓ માંહેના વિશેષ્યનું ઉચિત ગુણવિશેષણ કરતાં જે વિશેષણો તે તે લીટીની શરૂઆતમાં જ મૂક્યાં છે તે, લીટી પછી લીટીમાં ઉપમા જેમ ફરતી જાય છે તેમતેમ વધતાં જઇને વર્ણનને અસરકારક બનાવે છે. પછી નવમી લીટીથી પલટો લઇને છેલ્લા ષટ્કમાં પોતાનું ઉપરનું વિધાન કવિ રજુ કરે છે; અને ચોટની છેલ્લી બે લીટીમાં શાંતિને પણ વાણી આરોપતી તથા અંધારાને યે આંખો આપતી સબળ કલ્પના વડે પોતાનું એ વિધાન મનોગત કરાવે છે. એમાંનો ' બને ! ' જેવો ઉદ્ગાર પણ નિરર્થક નથી રહેવા દીધો. —બ.ક.ઠા.

સામયિક ચિંતન

હાઈસ્કૂલનાં સંસ્મરણો

મકાન જ ભવ્ય અને પાકું હતું. ઓરડાઓ જોકે મોટા હતા, છતાં અમારે બેસવાનું તો ભીંતો પાસે ગોઠવાએલા બાંકડાઓ ઉપર જ હતું. એ છુટા ઓરડાઓમાં પણ અમે તો બંધાએલા જ રહેતા. જેટલો વખત ભણવાનું તેટલો બધો વખત અમારે પાટલીઓ પર જ બેસી રહેવાનું ને ભણ્યા કરવાનું.

આ મકાન સાંભરે છે કે એક વાત સાંભરે જ છે. તે એ કે વેળાસર પહોંચવા માટે ઘેરથી જમીને તરત જ અમે નાસતા. મકાનમાં આવીને બેસતા કે તરત પાઠ લેવા–દેવાનું શરૂ થતું. પેટમાં ભાર થાય એટલે ઊંઘ આવવા માંડે; આંખ જ્યાં બીડાવા જાય ત્યાં શિક્ષકની નજર આંખ પર પડે, એટલે આંખ ઊઘડી પડે! એમ આંખને બીડાવું–ઊઘડવું ચાલે ને પહેલો કલાક કાઢવો આકરો થઇ પડે. પણ ભણવાનો સમય જ અગીઆરથી પાંચનો, – જમ્યા પછી તરતનો.

હાઇસ્કૂલ સાંભરતાં જ તેની કડવીમીઠી કૈંક સ્મૃતિઓ તાજી થાય છે. ચોથા ધોરણના હમેશ સ્વચ્છ રહેનારા અને વિદ્યાર્થીઓ પ્રત્યે સદા યે હસીને જોનારા મહેતાજી યાદ આવે છે. અમારા ચારે વિભાગમાં અમારા એ માસ્તર સૌથી ભલા ને ભણાવવામાં સારા હતા.

પહેલવહેલું અંગ્રેજી લેવાનું આવતું. અમારા ભણતરમાં અંગ્રેજી મહત્ત્વનું. એને માટે ઘણા સમયો. તે શીખવાય પણ બહુ જ કાળજીથી. બીજું ન આવડે તો જરાક ચાલે, પણ અંગ્રેજીમાં ભૂલ પડે તો ભલા માસ્તરની આંખ પણ લાલ થાય. શાળાનું કામ એ મહત્ત્વના વિષયથી જ શરૂ થવું જોઇએ.

અંગ્રેજીમાં, ચાલ છે તેમ પાઠ, વાચન, અર્થ, કવિતા, અન્વય, સમજણ વગેરે ચાલતાં હતાં. ઉપરાંત અધરવર્ડ્ઝ (સમાનાર્થ) અને રૂટ્સ (ધાતુ) ચાલતા. સમાનાર્થો અને ધાતુઓ માટે ગાઇડબુકો મળતી. એ લઇને ગોખી નંખાતું. આટલું યાદ આવતાં અમારા વર્ગના એક વિદ્યાર્થી યાદ આવે છે. તેને ધાતુઓ કદી યાદ જ ન રહે. બીચારો ગોખીગોખીને મરી જાય. અઢાર વર્ષનો, અને એને ઘેર એક દીકરી! ઠપકો ખાતાં યે શરમાતો. પણ જેવું પૂછ્યું કે ગોખેલું ગૂમ! હોકાની જેમ ઊભો રહે. શા માટે અઢાર વર્ષે અંગ્રેજી ભણવા બેઠો હશે એ હીરો? અને શા માટે એને રૂટ્સ ગોખાવતા હશે, તે તો દેવ જાણે. ગુજરાતી ભાષાનું તો પૂરૂંપાધરૂં લખતાં યે આવડતું ન હતું ત્યાં અમને ભાષાશાસ્ત્રનું આ અંગ શા માટે શીખવાડાતું હશે એ તો શીખવાડનારા જાણે. મિ. શામજીને રૂટ્સ આવડે નહિ ને રોજ એમની હેરાનગતિ. પણ એને એક શબ્દનો ધાતુ આવડે; ને તે declareનો. De = Down & Clarus = clear. પછી તો અમારા માસ્તરે તેનો વારો આવે ત્યારે એ એક જ શબ્દનો ધાતુ પૂછવાનું રાખેલું!

જેમ આ રૂટનું ભણતર ભૂલાતું નથી તેમ ભૂગોળનું ભણતર ભૂલાઇ ગયું છે છતાં તે ભૂલાતું નથી. જોકે જ્યોગ્રોફીમાંથી તો ઇંગ્લંડ, સ્કૉટલંડ અને આયરલંડ ચાલતા, પણ અમને તો ત્યાંના આખા કાઉન્ટ્રીઓ, તેમની નદીઓ, ડુંગરા, શહેરો, ગામડાં બધું શીખવું પડતું. એક તો બહારના દેશની ભૂગોળ; અને અંગ્રેજી નામો વિચિત્ર એટલાં બધાં કે એક શીખીએ ને બીજું ભૂલીએ! ન એમાં વાર્તા, ન એમાં કથા, ન કશો રસ. એ બધું શી રીતે યાદ રહે? પણ એનો રસ્તો શોધેલો. ગોખવું, ગોખવું, ને ગોખવું. ગોખવું ઘણા સહેલું ગણે છે. પણ ઊલટું, સમજવું સહેલું છે ને ગોખવું અઘરૂં છે. વિનાકારણ મગજમાં ઠોકીઠોકીને ખુંચાડવું એનું નામ ગોખવું ભૂગોળ આંખો મીંચીને હું ગોખી જ નાખતો સંસ્કૃત શીખનારા પંડિતો ગોખી નાખે તેમ. એટલેકે માથું ફરી જાય ત્યાં સુધી ગોખી નાખવાથી માથું ઠેકાણે આવતું. પણ એ ઠેકાણે રહે માત્ર પાઠ અપાઇ

રહે ત્યાં સુધી. પછી પાછું ફરી જવું. રોજ ભૂગોળનો પાઠ પૂરો થયો એટલે ગોખેલું ગુમ! હું કહેતો કે અત્યારે આમાં પૂરા માર્ક તો મળ્યા, પણ બહાર જાઉં ત્યારે ફરીવાર પૂછી જોઉં. અત્યારે એ સાવ જ ભૂલી ગયો. ખરેખર પાઠ આપીને ગોખેલું હું ફેંકી જ દેતો, ફેંકી જ દેતો.

એવા વિચારો તો હવે ઊઠે છે કે આમ ભૂગોળ કયા ભવ માટે શીખવતા હશે? વિલાયતનાં ગામડે ગામડાં અમારે તે શીદને મોઢે કરવાં પડ્યાં હશે? હિન્દુસ્તાનનાં ગામડાં તો હજુ યે મને નથી આવડતાં; એ ભૂગોળ તે દિ'જ ભૂલી જતો હતો. આજે યાદ હશે? મારો એટલો વખત ન લીધો હોત તો? મને એ ગોખતાં ખરેખર કંટાળો આવતો. પણ હું લાચાર હતો. હું માફી વિદ્યાર્થી હતો. મારો નંબર નીચે જાય તો માફી જાય; એટલે મારે તો ગોખીને તૈયાર રહેવું જ જોઇએ.

મારો ભાઇ ભૂગોળમાં ગોખી ન શકે. બીચારો ગોખવા બેસે પણ મગજ ઘેરાય, આંખો ઘેરાય, ચોપડી ઘેરાય, ને શરીર ઘેરાઇને પથારીમાં જાય. નિશાળમાં તો ભૂગોળમાંથી વિલાયતની એક નદી કે પહાડ પણ યાદ ન રહ્યો, તે છતાં તે આખી દુનિયા જોઇ આવ્યો! દુનિયાની મોટી મોટી નદીઓ ને શહેરો તેની આંખ તળે નીકળી ગયાં. તે સાચી ભૂગોળ જાણી આવ્યો!

ભૂગોળ સાથે ઇતિહાસ સાંભરે છે. હજી પણ સમજાતું નથી કે હિંદનો જે ઇતિહાસ અમે ગુજરાતી સાતમી ચોપડીમાં ત્રીજી ચોપડી સાથે ભણી ગયા હતા તે ફરીવાર કેમ અંગ્રેજી ચાલતો હતો. અકબર અને તેનો બાપ હુમાયૂં વળી પાછો શિવાજી ને શાહજી, ગુજરાતીમાં ભણ્યા ત્યારે એ સહેલા લાગેલા ને ગમેલા. તે જ ઇતિહાસ હમણાં એટલે કે અંગ્રેજીમાં કડણુ લાગવા માંડ્યો, ન ગમવા લાગ્યો. કારણ કે જૂની જાણીતી હકીકતને ગોખવી પડતી. એમાં ઇતિહાસનો કે અમારો વાંક ન હતો. વાંક હતો અંગ્રેજી મારફત ભણવાનો જાણીતી હકીકતને પણ નવી જાણી અંગ્રેજીમાં સમજવી ને યાદ રાખવી અને તેને મોઢે બોલી જવી! માસ્તર ભણાવતી વખત વાત ગુજરાતીમાં કહી જાય, તેનું અંગ્રેજી બોલે, બેચાર વખત કહી જાય. પછી એક એક પૅરેગ્રાફ કરી લાવવાનું કહે. પણ અમારું અંગ્રેજી તો શરૂઆતનું. ઇતિહાસની હકીકત અંગ્રેજીમાં કેમ બોલાય? છતાં રસ્તો નીકળ્યો હતો. ચોપડીમાં છાપ્યા પ્રમાણે ગોખી લાવવું એટલે પત્યું. માત્ર ભાષા સમજીને ગોખવું; અર્થનો અનર્થ ન થાય તેમ ગોખવું. અને શિક્ષક પણ આખરે એ જ માગતા હતા. હવે બરાબર સમજાય છે કે ઇતિહાસનું ભણતર તો જાણે ઠીક, પણ એમાં અંગ્રેજીનું ભણતર હતું.

માસ્તરે અંગ્રેજીમાં શીખવવાનું હતું, કેમકે હાઇસ્કૂલમાં બધું અંગ્રેજીમાંજ ચાલે. અંગ્રેજી ભાષાજ એ ભણતરનું વાહન. પરીક્ષાઓ અંગ્રેજીમાં ચાલે. કેમકે બધાને અંગ્રેજી, ભણતર ભણવાનું. વારુ ત્યારે ઇતિહાસને પણ અંગ્રેજી મારફત ગોખ્યે છુટકો. શીખવાનું તો એમાં કશું હતું જ નહિ!

ઇતિહાસ જાણે અંગ્રેજીમાં ચાલે એ તો ઠીક, પણ સંસ્કૃત પણ અંગ્રેજીમાં ચાલે! ભાષા સંસ્કૃતને ભણવી અને તે અંગ્રેજીમાં! એક તરફ અંગ્રેજી ન આવડે, એ નવું, ને બીજી તરફ સંસ્કૃત નવું. પણ એક નવો વિષય નવા વિષયદ્વારા શીખવો! પણ મૅટ્રિકમાં અંગ્રેજીમાં જ પરીક્ષા લેવાય એટલે પહેલેથી અંગ્રેજી દ્વારા જ શીખવાની ટેવ પડવી જોઇએ.

પણ અંગ્રેજી દ્વારા શા માટે? કેમકે કૉલેજમાં પાછું અંગ્રેજીમાં ચાલે. તેનું કારણ? એવો ઠરાવ! અંગ્રેજી ભાષાનું એવું જોર હશે!

અમારા સંસ્કૃતના શિક્ષક બહુ રમૂજી ને વિચિત્ર હતા. સંસ્કૃતના ભારે જાણનાર હતા. સરસ રીતે સમજાવનાર હતા. અઘરાનું ખૂબ સહેલું કરતા હતા. ગુજરાતીમાં સમજાવે તો પાંચ મિનિટ થાય. તે પાંચ મિનિટે પાછું અંગ્રેજીમાં સમજાવતા હતા. પણ તેમ છતાં રમૂજી હતા. ઠોઠ છોકરાઓને તે બનાવી બનાવીને રડાવતા હતા. સંસ્કૃત મૂગા અઘરૂં. તેમાં કેટલા યે નિયમો અને ઉપનિયમો યાદ રાખવાના. તે લાગુ પાડતા જવું અને વાક્યો રચતા જવાં. હવે એ બધું બધાને ક્યાંથી આવડે? વર્ગનો પોણો ભાગ સંસ્કૃતથી કંટાળેલોજ રહેતો. પણ ઇતર ભાષામાં બીજું પર્શિયન. હિંદુ માબાપો કેટલાંકને તો પર્શિયન લેવા પણ ન દે.

સંસ્કૃત તો આપણી માતૃભાષાની માતા. એને તો ભણવી જ જોઇએ.

કોણ જાણે કોણે દોઢડહાપણ વાપરીને હાઇસ્કૂલમાં સંસ્કૃત દાખલ કરાવ્યું હશે! જે ભણવા આવ્યો તેણે સંસ્કૃત ભણવાનું. ઘાંચી, મોચી, સઈ, સુતાર, આજના જમાનામાં તો અંગ્રેજી ભણે તે બધાયને સંસ્કૃત ભણવાનું. એટલું બધું અઘરૂં ને એમાં કોઇને કશાનો રસ જ ન પડે. ખરો रामः गच्छति કે रामः न गच्छति એમાં ચૌદ પંદર વર્ષના જુવાનને તે લેવાદેવા શી? પણ હું ભણતો ને વળી મને આવડતું. આવડતું એટલા માટે કે હું તૈયાર કરતો; રસ એટલા માટે કે મારી જાય!

બનતું એવું કે કેટલાક પછી સંસ્કૃતના દુઃખે ઊડી જતા. કેટલાક સંસ્કૃતમાં નાપાસ થઇ માંડમાંડ સડતા. કેટલાક બીચારા ત્રણચાર વર્ષ સુધી મહેનત કરીને માંડમાંડ સંસ્કૃત ભણ્યા. પણ ત્યાં તો દુકાને વેપાર કરવાને ચોપડા લખવા બેઠા ને કાયમના સંસ્કૃતને સંભારતા મટયા. અમારા વર્ગના ત્રણચાર છોકરાઓ મૅટ્રિક સુધી પહોંચ્યા. એ ત્રણચાર જણા માટે આખો વર્ગ સંસ્કૃત ગોખતો હતો, ને ભણતો હતો. પણ અમારા સંસ્કૃત શિક્ષક રમૂજી હતા. ન આવડે તો આકરાં મેણાં મારતા. ઘરડે ઘડપણ એવું બોલતાં શરમ ન આવતી. પણ માસ્તરની સામે તે વખતે કોઇને ઊઠતાં કે ફરિયાદ કરતાં ન આવડતી. તે વખતે છોકરાઓ ભણતરખોર હતા, બંડખોર ન હતા. તે વખતે ભણીને પાસ થતા, રખડીને નાપાસ નહોતા થતા.

આમ ભણતા ભણતા અમે પાંચમી અંગ્રેજીમાં આવ્યા. અમારા માસ્તર તીખા ને કડવા હતા. બહુ આકરા. માફ કરજો અમે એમને ......કહેતા. સાચે જ સૌ એનાથી બીએ એવા એ ભયંકર હતા. તે વખતના માસ્તર તો ભયંકર રહેતા પણ ખરા. છોકરાઓ સાથે વાતો કરતા જ નહિ. તેમની સાથે કશો સંબંધ જ નહિ. ચડ ચડ ઝડ ઝડ અકડાઇથી વર્ગમાં દાખલ થતા અને ખુરશીએ પહોંચી 'યુ ગો ઑન' કરીને પાઠ લેવા અને સમજાવવા માંડતા, તે ઘંટ વાગે ત્યાં સુધી. કોઇને જંપવા પણ ન દે, ખસવા પણ ન દે. પોતાની તીવ્ર આંખ તળે સડક કરીને બેસાડી જ રાખે. છોકરાઓની સાથે એટલી જ વાતઃ 'લેસન કેમ ન કર્યાં? આમ આવ.' તમાચો ને ધપ્પો! ઠપકો ને ઠેસ! બસ આવી ગયું. આવા ભણતરને ડિસિપ્લીન કહેતા. એ માસ્તરો ભારે ડિસિપ્લીનેરિયન કહેવાતા. કૉલેજના પ્રોફેસરો જેમ વર્ગમાં આવીને ચાલ્યા જાય ને ન કાંઇ બોલે કે ચાલે, એમ અમારા એ માસ્તર રાખતા.

પણ આવા માસ્તરો એટલે અંગ્રેજી માત્ર ભણેલા. ડાહ્યા છતાં ન આવડે તો વઢે, ગાળો દે ને મારે. અમારા માસ્તરને જોકે બહુ ગાળો ન આવડતી. પણ પાડોશના એક માસ્તરને એમાં ભારે ફાવ હતી. નવાઇ જેવું છે કે હાઇસ્કૂલના શિક્ષકો પણ તે દિ ગાળો દેતા. આજે તો કોણ જાણે જમાનો બદલાયો હોય તો.

હાઇસ્કૂલના છોકરાઓ પણ સામા એવા જ હતા. અમે માસ્તરોના ચાળા તો પાડતા જ પાડતા. કોઈની બોલીના તો કોઇની ચાલના વગેરેના. એમના નવાંનવાં નામો પણ પાડતા. એ સંબંધે વાત કરતા તુંકારો વાપરતાઃ અર્થાત્ સમાનાર્થે એકવચન. માસ્તરો અમારા લેસનના લોભી હતા, અમે તેના દેવામાંથી છૂટવાના લોભી હતા. બાકી માસ્તર કોણ અને અમે કોણ?

શિક્ષણશાસ્ત્રોની ચોપડીઓ જોઇ ત્યારે તો એમાં એમ લખેલું જાણ્યું કે હાઇસ્કૂલનું શિક્ષણ ભારે મહત્ત્વનું ગણાય. તે કાળ તરુણાવસ્થાનો હોઇ ભારે નાજુક ગણાય. શિક્ષક તરુણ વિદ્યાર્થીનો ઉત્તમ આદર્શ થવો જોઇએ. શિક્ષક જેટલી ઊંડી છાપ પોતાના વિદ્યાર્થીઓમાં પાડશે તેટલી ઊંડી પડશે. વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડવું શિક્ષકના હાથમાં છે. શિક્ષક એ જ આ સમયમાં ભારે મહત્ત્વની વ્યક્તિ છે.

શિક્ષણશાસ્ત્રમાં આ વચનો નવાં પણ છે ને જૂનાં પણ છે. અમારા શિક્ષકોએ કાંઇ એવું જાણ્યું હશે કે નહિ? કે સાવ કોરા હશે? અત્યારના શિક્ષકો તો શિક્ષણશાસ્ત્ર જાણતા જ હશે. પછી તો કોણ જાણે.

અત્યારે કહેવાય છે કે પરિણામો સારાં આવતાં નથી; અગાઉ સારાં આવતાં. એ તો સાચું હોય તે ખોટું; પણ અમારા શિક્ષકો ખરેખર બહુ ખંત અને આગ્રહથી ભણાવતા.

ગિજુભાઈ

જે માત્ર મૂંગો અવાજ સાંભળી આવે છે તેને પાડવામાં આવેલો સાદ

પાત્રો

નદી સરોવર વન મયૂર ચાતક મેઘ

[ઉનાળાના દિવસો પૂરા થયા છે. વર્ષાની શરૂઆતના દિવસો છે. સુક્કા પાનના રંગ જેવું વસ્ત્રધારી વન અને ક્ષીણ પ્રવાહના મેલા પાણીના રંગ જેવાં વસ્ત્ર પહેરી નદી અને સરોવર આવે છે અને આકાશમાં આવતી વાદળી સામે ટાંપી રહે છે.]

નદી : હવે તો વરસે તો સારૂં. મારૂં તો અંગે અંગ આ તાપથી જળી જાય છે.

સરોવર : અને મારા કાંઠા ય કયાંના કયાં દૂર રહી ગયા. આ કરતાં તો શિયાળો સારો. આ તાપ તો અસહ્ય છે.

વન : એ તો શિયાળો હોય ત્યારે ઉનાળો ઇચ્છીએ અને ઉનાળો આવે ત્યારે શિયાળાનાં સુખનાં સ્મરણ કરીએ. શિયાળામાં કયાં ઠંડાગાર નહોતા થઇ ગયા !

નદી : તોપણ શિયાળામાં સરોવર તેને આરેથી ત્યાંનાં ફૂલોની એને ઝાડોની હૂંફ મેળવતું. હું યે એવી હૂંફ મેળવતી. પણ આ તો કાંઠાના ફૂલઝાડ તો કયાં ય રહ્યાં અને દિવસે દિવસે ક્ષીણ થતા જવાનું.

વન : પણ આજે તો કાંઠાનાં ફૂલઝાડમાં ય કયાં જીવન છે ? બધાં ઠૂંઠાં જેવાં થઇને ઊભાં છે. જાણે પૃથ્વી ઉપર દુર્વાસા મુનિનો શાપ ઊતર્યો છે. અને આ લૂ તો જાણે લીલું ભરખવા જ નીકળી હોય તેમ બધે ય ફરી વળે છે. કયાંય લીલું તરણું ય નથી રહેવા દેતી.

નદી : ઉનાળાની આ લૂ અને શિયાળાનો ભૂખરો પવન બસ ત્રાહ્ય તોબા. એ કરતાં તો ચોમાસું જ સારૂં. બારે મહિના ચોમાસું રહેતું હોય તો ? બસ વાદળાં, વીજળી, અને વરસાદ બીજું કાંઇ નહિ.

સરોવર : તેને બારે મહિના રોકવા માટે તો આપણે સબળ થયા પછી સાદ પાડીપાડીને મરી જઇએ છીએ; પણ સાંભળે કોણ ? ચારે કાંઠે ઘૂમી-ઘૂમીને હું તેને સાદ પાડું છું, પણ તેને તો બધું ગગનમાં ગાજે છે. બસ હસીને ચાલ્યો જાય.

વન : અને નદી પણ કયાં સાદ નથી પાડતી ? હું પણ જયાં બધાં નવાં પાન અને ફૂલોનો મુકુટ તૈયાર કરૂં ત્યાં તો ભાઇ પધારી જાય.

નદી : એમ ચાલ્યા જ જવું હોય ને સાંભળવું જ ન હોય તો પછી આવવું જ શા માટે જોઇએ શા માટે વનને સમૃદ્ધ કરવું અને પ્રવાહ વહેતા કરી દેવા જોઇએ ?

સરોવર : હું કહું છું તો પછી વિનાશ જ શું ખોટો છે.

[ચાતક પ્રવેશ કરે છે.]

નદી : આ ચાતક આવે. તેને મેઘને સાદ પાડવા કહીએ. આપણામાં તો હવે સાદ પાડવા જેટલું ય જોર નથી. (ચાતકને) ભાઈ ચાતક ! અમારા વતી જરા મેઘને સાદ પાડીશ ?

ચાતક : એ કાંઇ કોઇના સાદ પાડયે આવતો નથી. અને કોઇના સાદે......

સરોવર : (વચ્ચેથી) ઠીક, ભાઇ ઠીક; તારે જો સાદ ન જ પાડવો હોય તો સીધી ના જ પાડી દે ને ! તારૂં ડહાપણ સાંભળવા જેટલી ધીરજ અને નવરાશ અત્યારે અમારામાં નથી.

[મયૂર પ્રવેશ કરે છે.]

ચાતક : આ મયૂર આવે તેને કહો, એ સાદ પાડશે; અને તેનો સાદ પણ સંભળાશે. મારે એવો સાદ કયાં છે કે મેઘ સુધી પહોંચે ?

મયૂર : એ તારે કહેવું નહિ પડે. તું તારે જા, ને તારી ડોક લંબાવીને રાંકની જેમ જે જે વાદળ આવે તેની સામે મોઢું માંડી બેસી રહેજે.

નદી : મયૂર, એને જવા દે. એની સાથે વાતો કરવામાં કયાં વખત કાઢે છે. જો પણે પેલી વાદળી આવે છે. તું સાદ પાડ.

[વાદળીને જોઈ ચાતક દૂર ઝાડ ઉપર બેસે છે. મયૂર ટહૂકે છે પરંતુ પવનથી વાદળી દૂર ખસી જાય છે.]

નદી : મને તો લાગે છે કે આ વખતે મેઘને બોલાવવો જ નહિ; પછી ભલે જે થવાનું હોય તે થાય.

મયૂર : બોલાવ્યા વિના તો ઓછો જ આવવાનો હતો ? હું તો તેને જોઉં છું એટલે મારાથી તો સાદ પાડયા સિવાય રહેવાતું જ નથી. મૂંગા મૂંગા ડોક લંબાવી બેસી રહ્યે કશું વળે નહિ.

[ફરી વાદળાં એકઠાં થવા લાગે છે.]

સરોવર : બસ હવે બધા બંધ. એકલો મયૂર જ સાદ પાડે. (વનને) વન, તું તારે ત્યાંનાં બધાં પંખીઓને ચૂપ રહેવાનું કહી દે. આ વખતે તો જરૂર આવશેજ. જો, જો, પણે પેલી વીજળી જો; તેનો નેજો ફરકે છે.

મયૂર : મને તો ખાતરી જ હતી કે એઆવશે. દૂર દૂર સાગરનાં મોજાંનાં પગથિયાં ઉપરથી જ મેં તો તેને જોયો હતો. હવે તો એનાં બાણ છૂટે એટલી જ વાર. શુષ્કતાનો નાગપાશ રજેરજ થઇને ઊડી જશે.

[વાદળ ગડગડે છે.]

નદી : સાંભળ્યો તેનાં રથનાં પૈડાંનો અવાજ? આ દિશામાંથી જ આવે છે.

મયૂર : હવે તું સાદ પાડ. જોજે, એના રથનાં એ પૈડાંનો અવાજ ભેદીને તારો સાદ એના કાન ઉપર પડે એવો સાદ પાડજે. અમે બધા ચૂપ થઇ જઇએ છીએ.

સરોવર : પણે જોયું? દૂર ક્ષિતિજમાં તેનાં બાણ પડે છે.

નદી : બસ, બસ! હવે ચૂપ. મયૂરને સાદ પાડવા દો.

[મયૂર ટહુકે છે અને મેઘ ગડગડે છે.]

મયૂર : આવી પહોંચ્યો તેનો રથ. હવે તો બધું ય સમૃદ્ધ થશે.

સરોવર : તું ચારે કાંઠે ઘૂમી રહીશ; નદી ઊછળી રહેશે; ને આ અત્યાર સુધી રંક રહેલા વનમાં કોઇ સમ્રાટ જેટલી સમૃદ્ધિ આવશે. પછી તો આપણે બધાં સાથે મળીને સાદ પાડીશું.

નદી : હવે તો મેઘને આંહી જ રોકી રાખીશું, બારે મહિના.

વન : ને હું મારાં નવાં પાન અને ફૂલોનો આવે તો એક મુકુટ બનાવી તેને આપીશ!

સરોવર : (વનને) અને પછી તું તારાં બધાં ય પંખીઓને ગાવાનું પણ કહેજે. મેઘને તો આ વખતે આંહી જ રાખવો એ નક્કી.

મયૂર : ચાતકને મન તો જાણે ઝાડ ઉપર જઇને ડોક લંબાવી બેસી ગયા એટલે મેઘ આવશે; સાદ પાડવા જેટલો ય વિવેક શા માટે કરે?

નદી : પણ આપણા આમંત્રણનો એ પણ ઠીક લાભ ઉઠાવશે.

[મયૂર ફરી ટહુકે છે અને થોડીવાર પછી શ્યામ વસ્ત્રધારી હાથમાં સફેદ ચળકતા લૂગડાનો વિદ્યુતનેજો અને ખભે સપ્તરંગી ધનુષ્ય લઈ મેઘ ત્યાંથી પસાર થાય છે. સૌ તેની સામે જોઇ રહે છે. પડદો પડે છે.]

[વરસાદના દિવસો પૂરા થવા આવ્યા છે. નીલ રંગનાં વસ્ત્ર પહેરી સરોવર અને નદી આવે છે. બન્નેની વચ્ચે જરા આગળ આવીને મયૂર ઊભો છે. લીલાં તાજાં પાન જેવાં વસ્ત્રમાં અને ગળામાં અનેકવિધ પુષ્પની માળા પહેરી પાન અને ફૂલોનો મુકુટ ગૂંથતું વન એક ખૂણે બેઠું છે.]

મયૂર : બસ, હવે તો આપણે બધાયે સાથે સાદ પાડવાનો છે. નદી ક્ષીણ થઇ હતી, સરોવર ખાબોચિયું બની ગયું હતું અને વન કંગાળ થયું હતું ત્યારે તો મેં એકલે સાદ પાડી મેઘને બોલાવ્યો; પણ હવે રોકી રાખવાનું કામ તો આપણા બધાયનું. (વનને) તું તારો મુકુટ જલદી તૈયાર કર. હું, સરોવર અને નદી ત્રણે તેને સાદ પાડી રોકી રાખીએ છીએ.

નદી: જરૂર જરૂર; હવે કાંઇ તેને જવા દેવાય?

સરોવર: ચાલો બધાં સાથે સાદ પાડીએ.

મયૂર: ચાલો.

[મયૂર ટહુકે છે. નદી હસીને સાગર તરફ દોડી જાય છે અને સરોવર હસીને કાંઠાનાં ફૂલ અને ઝાડ પાસે જાય છે.]

મયૂર: વાહ! જો એમ જ કરવું હોય તો હું ચાલ્યો જાઉં.

નદી–સરોવર: નહિ નહિ, ચાલો; એ તો જરા ગમ્મત.

[ફરી મયૂર ટહુકે છે અને નદી તથા સરોવર સાગર તરફ અને કાંઠાનાં ફૂલઝાડ તરફ દોડી જાય છે.]

મયૂર : વાહ નદી! જ્યારે ચાલવાની શક્તિ નહોતી ત્યારે તો સાગરને ય પેલે પાર રહેલા મેઘને સાદ પાડવા અધીર થઇ હતી, ને આજે જ્યારે અંગે-અંગમાં જોમ આવ્યું ત્યારે તો મેઘની સામે જોવાની ય નવરાશ નથી?

સરોવર: એ તો વર્ષાના જલધારમાં સાગરની વાતો સાંભળી જોમ આવ્યું. પછી તો એ બધા જોમથી સાગર તરફ જ દોડે ને? પછી મેઘ રહે મેઘને ઠેકાણે અને ઝાડફૂલ તેની જગ્યાએ. આપણે તો આપણાં ફૂલઝાડને કદી છોડતાં નથી.

નદી : છોડવાં તો ઘણાય હોય, પણ કરો શું? તમે ય ક્યાં વર્ષામાં ઓછા ધમપછાડા કરો છો, ને આ બંધન તોડવા ક્યાં પ્રયત્ન નથી કરતા? પણ ન તૂટે ત્યારે

ચૂમાઇની એ જૂના ભાઇબંધો સાથે જ વાતો કરીને? એ તૂટ્યા પછી કેટલાક એ જૂના દોસ્તો સાથે વાતો કરવા ઊભા રહો છો તે હું જોઉં.

મયૂરઃ પણ હવે એ બધું જવા દો ને જુઓ આ મેઘનો રથ તો ચાલ્યો. (દૂર ધીમો ગડગડાટ સંભળાય છે.) વાતો પડતી મૂકો. પહેલાં ગમ્મત કર્યા વિના સાદ પાડો, નહિ તો વળી શિયાળાના ભૂખર પવનથી અને ઉનાળાની લૂથી પાછા હતા એવા ને એવા થઇ રહેશો. પછી તો ઓઠ ઉઘાડવાની યે શક્તિ નહિ રહે.

[ચાતક પ્રવેશ કરે છે. તે મયૂરને સાંભળીને]

ચાતકઃ મયૂર તું જ સાદ પાડ ને! તારે સાદે આવ્યો હતો તે તારે સાદે રોકાશે. નદી તો એ ટાઢ અને તાપ બધું યે ભૂલી ગઈ. તેને તો યાદ છે માત્ર સાગરનું વિશાળ હૈયું. તેની પાસે હવે આ નાનકડાં ફૂલ અને ઝાડ શા વિસાતમાં? તેને તો હવે સાગરની સાથે દુનિયાને આરે આરે ફરવું છે અને ગીત ગાવાં છે. તેને સાદ પાડવાની શે નવરાશ હોય? ને સરોવરે શું કામ સાદ પાડે? એ તો ક્ષીણ થાય એટલે બીજાને સાદ પાડવા વીનવવા!

મયૂરઃ તો ભલે, હું એકલો સાદ પાડીશ; પણ આ વખતે તો મેઘના રથનાં પૈડાંને નહિ જ ચસકવા દઉં.

ચાતકઃ (હસે છે) મયૂર! એ કાંઇ તારો સાદ સાંભળીને આવ્યો નથી અને તારે સાદે એ રોકાશે ય નહિ. એ તો જ્યારે આ નદી કેવળ રેખા જેવી થઈ ગઇ હતી, સરોવર નાનકડા ખાબોચિયામાં પુરાઇ ગયું હતું, વન ભિખારી બન્યું હતું અને આખી યે ધરણી શુષ્કતાના ભુજંગપાશમાં સપડાઇ હતી ત્યારે સૌના પ્રાણનો આર્તનાદ સાંભળીને એ આવ્યો. સરોવરને છલકાવી દીધાં, નદીમાં પૂર આણ્યું, વનને અને આખી ધરણીને સમૃદ્ધ કરી દીધી. હવે એનું કામ પૂરું થયું. હવે તું સાદ પાડ કે નદી, સરોવર અને આખી ધરણી મળી સાદ પાડે તો ય એ નહિ રોકાય. એને તમારા સાદની કે વનના મુકુટની પરવા નથી; એ તો આવીને ભરી દેવા, શુષ્કને રસાળ કરવા અને વિનાશમાંથી જીવન સર્જવા આવે છે ને એ કરીને ચાલ્યો જાય છે.

[પડદો પડે છે]

પ્રહ્લાદ પારેખ

ઝાંખી

• ઉપજાતિ-વંશસ્થ •

પૃથ્વીથકી માનવ અલ્પ જેટલો
પૃથ્વી ય સૂર્યોથકી સ્વલ્પ તેટલી
આધક વા, તારકઝુંણ્ડ કેટલાં
નિહારિકા એક વિષે સમાય?
આકાશગંગાજળમાં નિહારિકા
અનંત, જાણે લઘુ બુદ્‌બુદો રમે.
પરંપરા આવી અનેક ગંગની
ફેલાય દિક્‌કાલ ન તો ય આવરે.
અસંખ્ય બ્રહ્માણ્ડતણો પસારો
થોડાંક બિન્દુ અવકાશમાં પડયાં.
વિશાળ મેદાન વિષે શું વિખરી
બેચાર દાણા પડિયા જ રાઇના.
દિક્‌કાલની એમ વિશાળતાનો
અનંતશ્રેણી લગ પાર ના'વે,
વિજ્ઞાનના ઉત્ક્રમ સાથ એ વધે
નવા નવા નિત્ય પ્રદેશ ખોલે.

મનુષ્યથી ઉર્વિ વિશાળ જેટલી
અણુથકી માનવદેહ એટલો;
અણુ વિષે યે અણુઓ અનંત
બીજા સમાયા, જયમ સૂર્યમાળા
વિષે ગ્રહો ચન્દ્રગણો ઉપગ્રહો
અસંખ્ય તારા ખરતા દિનેદિને
પસારતા પૂંછડું ધૂમકેતુ
અનેક સત્ત્વો ન ગણાય જેહને.
અણુનું અલ્પત્વ વિરાટ એટલું
પ્રત્યેકમાં વિશ્વ સ્ફુરે, રમે, શમે;
બ્રહ્માણ્ડની સર્વ લીલા છવાય ને
સૂક્ષ્મત્વનો કયાંય ન પાર આવે.

ઊંચે નિહાળું લઘુ બિન્દુ જેવડો
અફાટ હું સાગરમાં જણાઉં;
નીચે કરું જો દગ તો વિરાટ શો
વ્યાપી રહુ બિન્દુની પાસ સિન્ધુ.
વિશાળતાથી હું ફુલાઈ જાઉં તો
અલ્પત્વની યાદ મને બચાવતી,
સૂક્ષ્મત્વથી જો હું નિરાશ થાઉં તો
'વિરાટ હું' એ સ્મૃતિ પ્રાણ પૂરતી.

શામપ્રસાદ શુકલ

ગામડિયાને ગણે છે કોણ ?



શહેરના લગભગ મધ્ય ભાગમાં, ફરતા કૉમ્પાઉન્ડ અને નોખી જ બાંધણીથી તરી નીકળતું આલીશાન એક મકાન ઊભું છે. મકાનના નીચલા ઓરડાઓ ઓકડાશાળાનું સ્મરણ કરાવતા ઘોંઘાટથી ગાજી ઊઠે છે. પહેલે માળે કાને લેખણ ખોસેલાં 'ગાંસડોએક' માણસ ઊંધું માથું રાખી ઢરડયે જાય છે. બીજા માળના એક ભાગમાં, આંગળીને વેઢે ગણાય એટલાં 'માણસ' કાગળીઆ ઉથલાવતાં કાંઇક નોંધતાં દેખાય છે. બીજા ભાગના એક ખંડમાં પાનનો બીડો ચગળતા, 'મોટું માણસ' લાગતા એક આદમી આરામખુરશી પર પડ્યા છે.

'શા'બ, વખત છે ? આવું ?'

આટલું બોલી રજાની રાહ જોયા વિના જ, રિવાજથી ટેવાએલો એક આદમી અંદર પેસે છે.

'આવ, જોઇતારામ.'

આખા મોઢામાં દોડાદોડી કરતા પાનને એક ગલોફામાં હડસેલી, ધોળી આરસી જેવી દીવાલ તરફ 'શા'બે' નજર ફેંકી, અને પોતાના પાનથી પચરંગી થએલી દીવાલમાં ઓર એક રંગનો ઉમેરો કરવા પિચકારી છોડી દીધી.

'શા'બ, વીશ દિ'થી કારકુનો પાસે મહેનત કરાવું છું, પણ એ ટાંગા પાધરા જ નથી થતા.' કાગળીઆં ઉથલાવતાં ઝીણી સોયના નાકા જેટલી નજર ફેંકતાં તેણે કહ્યું.

'આ વરસનું બજેટ ગુંચવણભરેલું છે. બીજી મંજુરી માગતાં મરતબો રહે એમ નથી, અને આટલી ટૂંકી મંજુરીમાં ટૂંકાવી દેવું પરવડે એમ નથી.' અંદરની મૂંઝવણ શા'બે ઠાલવી દીધી.

'પણ એ મૂંઝવણમાંથી મેં તો મારગ કાઢ્યો છે. એ મંજૂર હોય તો કહું.'

'કહે જોઇએ.' શા'બે અધીરાઇથી પૂછ્યું.

'આપણા બજેટમાં પચીશ હજારનો ખાડો આવે છે, ખરૂં ને ?'

'જોઇતારામ, તું ભૂલ્યો; પચાસ હજારનો આવે છે.' શા'બ વચ્ચે જ બોલી ઊઠ્યા.

'બરાબર, આમ તો પચાસ હજાર; પરંતુ પચીસ હજારની કાપકુપ તો આપણે તે દિવસે કરી નાખી છે !' કારકુને ખુલાસો કર્યો.

'એ ઉપરાંત બીજી પચીસ હજારની કાપકુપની વાત કરે છે ને ? પણ હવે એમાં કપાય એવું જ ક્યાં છે ?' કપાળ પર હાથ મૂકતાં શા'બ બોલ્યા.

'કપાય એવું ન હોય તો યે કાપ્યા વિના કાંઇ છૂટકો છે ?' જોઇતારામે ખરી વસ્તુસ્થિતિ રજુ કરી.

'કપાય અને કળાણ પડે તો આપણો ભરમ



સંત ફ્રાન્સિસ પ્રાર્થનામાં
(એક અંગ્રેજ કલાકારનું ચિત્ર)



વિશ્રામધામ

ફોટો • બલવન્ત ભટ્ટ

ભાંગી જાય અને નાલાયકમાં ખપીએ.' શા'બે પાન-દાનીમાંથી પાન કાઢતાં રાજ્યની 'ખાનદાની' જાળવી રાખવા ભાર મૂક્યો.

'એટલે જ કળાણુ ન પડે અને છતાં કાપી શકાય એવો કેડો મેં કાઢ્યો છે.'

'એમ ? તો તો ઘણું ઉત્તમ. કહે જોઇએ !'

'આપણા કેળવણીખાતામાં પાણીનો ખર્ચ ખૂબ આવે છે. મેં ઘણાં રાજ્યના આંકડા મંગાવી જોયા છે. બેત્રણ રાજ્યો બાદ કરતાં આટલો ખર્ચ પાણીનો કોઇ રાજ્યમાં નથી.' આમ કહીને પાણીખર્ચ નામંજૂર કરતાં કોડીબંધ રાજ્યો જોઇતારામે ગણાવી દીધાં.

'એટલે શું આપણે છોકરાંને પાણી ન પાવું ?' ઉપરી શા'બના દિલનો દયાનો ખૂણો હલતો હોય એમ જણાયું.

'મોટાં મોટાં શહેરોમાં અને બહુબહુ તો કસ્બામાં પાણી આપવું. ગામડાંનાં છોકરાં પોતાની મેળે સગવડ કરી લે.'

'હા, એ ઠીક છે; શહેર કે કસ્બામાંથી કાઢી નાખશું તો પ્રજા કકળાટ કરી મૂકશે.' શા'બે કાપકૂપનું વાજબીપણું સ્વીકાર્યું હોય એમ લાગ્યું.

'બીજું, આપણાં કંટીજન્ટનો ખર્ચ બીજાં રાજ્યને સરવાળે બરાબર બમણો છે.'

જોઇતારામે શિક્ષકોનો મોટો ભાગ પોતાના છોકરાઓનો પરચુરણ ખર્ચ કેવી રીતે કંટીજન્ટમાંથી કાઢે છે તેનો આંકડાવાર હિસાબ કરી બતાવ્યો.

'એ પણ ગામડાંમાંથી અર્ધોઅર્ધ કાઢી નાખવો એમ તું કહે છે ને ?' ઉપરી શા'બે જોઇતારામનું અંતર ઉકેલી કહી નાખ્યું.

'શહેરમાં કાઢવું એ તો આપણે માટે સલામત નથી, એટલે ગામડાંમાંથી જ કાઢવું એમ કહેતો હતો. આટલું કાપીએ તો દસ હજારનો ખાડો પૂરાય.'

'પણ પછી બાકીના પંદર હજારનું શું ?' શા'બે ફરીફરીને એ વાત મૂકી.

'જુઓ શા'બ, બાકીનો રસ્તો આમ કાઢવો. ગામડાંમાંથી પચીસ નિશાળો હમણાં ઉપાડી લેવી.'

'અરે જોઇતારામ; એ નાખી દીધાની વાત કાં કરે છે ? એક તો ગામડાં તરફ આપણે થોડું વિશેષ ધ્યાન રાખવું જોઇએ ; અને બીજું દરબાર તરફથી દર વરસે બીજી પાંચ શાળાઓ ખોલાશે એવી જાહેરાત થઇ છે, એટલે કાઢવાની વાત તો ન જ બને.' શા'બે અંદરનો ગુસ્સો મીઠા ઠપકામાં ભેળવી દીધો.

'જુઓ શા'બ, આજની ઘડીએ કાપકૂપ તો ગામડાંમાં જ મૂકાય એમ છે. એટલે નછૂટકે ગામડાંની નિશાળો કમી કરવી પડશે.'

'એ તો ખરૂં છે; તારી મુશ્કેલી સાચી છે; પણ તો કમી એવી રીતે કરવી કે આપણી બાજી ખુલ્લી ન પડે; શા'બની ગામડાં તરફથી લાગણી તંત્રની પ્રતિષ્ઠાએ બુઠ્ઠી કરી.

'બસ શા'બ, આપ કહો છો એ બરાબર છે. આપણે એવી રીતે કમી કરવી કે લોકના હાથ હેઠા રહે, અને દરબારનો દોષ ન દેખાય !' જોઇતારામે ઠપકાને પી જઇ પોતાની વાત સાંભળવા લાલચ પાથરી.

'બોલ જોઇએ, એ કેમ બને ?'

'જુઓ, શા'બ, આપની કૃપા હોય તો બધું બને.' કહેતાં એણે વાત શરૂ કરી. 'ઘણાં ગામના તુમાર મારી પાસે છે. એમાં એવો કરાર છે કે નિશાળ આવે તો મકાન ગામલોકોએ આપવું. આ પ્રમાણે ન કરવાની કસૂર બદલ નિશાળો બંધ થઇ શકે એમ છે.'

'એમ કરીએ તો દસ નિશાળ બંધ થાય એમ ને ?' શા'બે રસથી પૂછ્યું.

'હા, શા'બ; અને પાંચ નિશાળો, ગામમાં ખટપટ છે અને કોઇ માસ્તરને ગામમાં ટકવા દેતું નથી, એટલે ગામ ખટપટીઉં છે એમ કરી કમી કરી શકાય.' જોઇતારામે કાપકૂપની કાતર ચલાવવા માંડી.

'બાકીની નિશાળોનું શું ?'

'જુઓ શા'બ, કેટલીએક નિશાળો નજીક નજીકને ગામે છે. પૂરા ત્રણચાર માઇલનું યે છેટું નથી. આ ઉપરાંત વસતીના પાંચ ટકા સેંકડે હાજરી જોઇએ તે પણ કેટલેક ગામે નથી. એ કારણને બહાને દસેક નિશાળો તો રમતમાં બંધ કરી શકાય.'

'બરાબર છે જોઇતારામ; હવે કાંઇ કહેવાનું છે બાકી ?' શા'બે જોઇતારામ પર પ્રસન્ન થતાં કહ્યું.

'પાણી અને કંટીજન્ટની બચત દસ હજાર રૂપીઆ થાય, અને વીસ હજાર આ નિશાળો કાપતાં બચત રહે. આપણે કાપકૂપ પચીસ હજારની જોઇએ. તેમાં ત્રીસ હજારની થઇ ગઇ. પાંચ હજાર વધ્યા તેની

નવી નિશાળોની જાહેરાત થાય.'

જોઇતારામની તીક્ષ્ણ બુદ્ધિ પર 'શા'બ' આફરીન થઇ ગયાઃ 'આ વખતે તારા પર હું બરાબર ધ્યાન રાખીશ.' શા'બથી ઉમંગના આવેશમાં બોલી જવાયું.

'શા'બ મારા પર તો ધ્યાન રાખો જ છો ને! નહિ તો પાંચમાંથી પોણોસોનો પગાર ક્યાંથી હોય? પણ મારા માશીના છોકરા પર રહેમ કરો. એની આંખે જરા ઓછું સૂઝે છે, અને વધારેપડતો સાચક છે. બાકી તો પે'લા નંબરનો માણસ છે.' જોઇતારામે લાગ જોઇને એક કાંકરે બે પક્ષી પાડવા માંડયાં.

'ઓલ્યા સુંસારામની વાત કરો છો?' શા'બે તરત જ અટકળ કરી લીધી.

'હા શા'બ, તમે ક્યાં નથી ઓળખતા? સુંસારામ સોભારામ, શાખે ચોવઠીઆ. ચોગઠનો મે'તાજી. ૧૯૦૭ માં સો ટકા પરિણામ હતું તે.' ઠાવકું મોં રાખી જોઇતારામે તેની આવડત આગળ ધરી.

'પણ છેલ્લાં વરસોથી તો બહુ જ મોળું પરિણામ આવે છે ને?'

'શા'બ મૂળ તો 'લોક'ના છોકરા ભણ્યામાં શું સમજે? અને તેમાંયે ચોગઠ તો પહેલા નંબરનું ચોર!' જોઇતારામે કહેતાં કહેતાં ચોગઠની કાળી બાજુ કહી દીધી.

'પણ લોકોનો એની સામે ખૂબ કચવાટ છે.'

'શા'બ, લોક તો લોટકા જેવા. ઘડીક આમ લટી પડે તો ઘડીક આમ લટી પડે. ઈ ભૂત વરણુંને તે બોલવાનો ધડો હોય?'

'ઠીક છે, સુંસારામને વાંધો નહિ આવે એવો તોડ કાઢશું.' શા'બે આરામખુરશી પર પહોળા કરેલા પગ સરખા કરતાંકરતાં જવાબ આપ્યો.

નવા વર્ષની પ્રભાતે જાહેરનામાં ચોડાઇ ગયાં. પચીસ નિશાળો કમી; ગામડાં માટે પાણી બંધ; ગામડાંના મહેતાજીના કંટીજન્ટ પર અર્ધો અર્ધ કુહાડો; અને સાથો સાથ પાંચ નવી નિશાળોની જાહેરાત.

લોકો પાસે કોઇક ભરમ બોલી ગયું. જોઇતારામની બાજી ધૂળમાં રગદોળાઇ ગઇ. લોકોમાં અરેરાટી વછૂટી ગઇ. ગામેગામથી રોદણાં રોતી અરજીઓનો ગંજ ખડકાયો. આખરે લોકોને સંતોષ આપવાની તાકીદની ડેમી દરબારે ઉપરી શા'બ પર મોકલી.



પહેલાં તો કેળવણી ખાતાના ઉપરી નીલકંઠરાય ગભરાયા, પરંતુ જોઇતારામે પીઠ થાબડી. આવી તો કેટલી યે ડેમી અમારા આગલા અધિકારી ઘોળીને પી જતા. ચાલો હું તમારી સાથે આવું. કણબાનાં દિલ કોળતાં કરાવવાં ઇ તો છોકરાની રમત સમજું છું.'

વરધી પ્રમાણે ગામે ગામના લોક ઉપરી શા'બે ઠરાવેલે ઠેકાણે હાજર થયા. એક પટેલે પાધરી વાત કાઢીઃ

'આટલી બધી નિહાળ્યું એક હારે બંધ કરાવવાનું શું કારણ છે?'

'નિહાળ્યું બંધ કરવાનાં અનેક કારણ છે. ક્યાંક ખટપટને લીધે, તો ક્યાંક ગામના કસૂરને લીધે નિશાળો કમી કરવામાં આવી છે. જોઇતારામે ઉત્તર દેવાનું મુહૂર્ત કર્યું.

'નિહાળ્ય નહિ હોય તો તો ઊલટી ખટપટ વધશે. લોકો અભણ રહેશે તો વધારે અંધારામાં પડશે.' પટેલે કેળવણીની જરૂરીઆત બતાવી.

'આમ તો, પટેલ, તમારી વાત પાધરી લાગે છે. પણ આ ખટપટ નોખી ભાતની છે. અમારા ખાતાના માસ્તરોને ઉતારી પાડવા કેટલાએક ખટપટીઆનાં આ કારસ્થાનો છે અને તેમાં તમે ભોળા લોકો ફસાઇ જાઓ છો.'

'આવા ખટપટીઆને દરબાર ગમે ઇ કરે; પણ આખા ગામને ઊંધે ખાટલે શું કામ નાખે છે?'

'ઇ કામ અમારું નથી, પણ લોકોનું છે. લોકોએ સંપીને ચાલતાં શીખવું જોઇએ. આટલાથી લોકો ચેતશે અને શિખામણ લેશે તો લોકોનું કલ્યાણ થશે.' એમ કહી જોઇતારામે સંપ ઉપર બેચાર મિનિટ ચલાવ્યે રાખ્યું.

' અમારા ગામમાં ખટપટ નથી. ઘણાં ગામમાં મકાનભાડું દરબાર આપે છે. તે આપવાનો રવૈયો હશે એમ અમે માનેલું. વળી આ બાબત કોઈવાર ઉઘરાણી થઈ નથી કે બીજી રીતે કહેવાયું નથી. અને આપ કહો તો આપવા ખુશી પણ છીએ. એને બદલે આપને ફાવે તો દંડ ભરીએ. પણ આમ એકાએક નિશાળ બંધ શું કામ કરો છો ?' મકાનભાડાના કારણે નિશાળ કમી થએલા ગામે દલીલ મેલી.

' એકવાર વચન આપો એટલે તમારે લોકોએ વફાદાર રહેવું જોઈએ. વફાદાર ન રહો અને પાછળથી વાંધો કાઢો એનો વિચાર નહિ કરવામાં આવે. છતાં દરબાર તમારા ઉપર રહેમ રાખશે, અને જે ગામે પાકી ખાત્રી થશે તે ગામે પાંચ વરસ પછી વિચાર કરવામાં આવશે !'

બધા લોકો આ જવાબથી હતાશ થઈ ગયા. કોઈએ એમાં દા'ડો વળશે એમ માન્યું નહિ. સૌ ઊઠવાની તૈયારીમાં હતા; ત્યાં જોઈતારામે વણમાગી વાગ્ધારા છોડી : ' લોકોએ પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખવું જોઈએ. ટુંકડી નિશાળવાળાં ગામોએ છોકરાઓના ટાંટીઆ ભાંગી ન જાય, અને એક-બીજાં ગામોનો સંબંધ જળવાઈ રહે, એટલા માટે નિશાળ કમી કરવામાં આવી છે. હવે પાણીની બાબત : પાણી જેવી મામૂલી વસ્તુ માટે લોકોને દરબાર પર આધાર રાખવો પડે તે ઠીક નહિ. લોકોએ પોતાના ગામનો વહીવટ પોતાની મેળે કરતાં શીખવો જોઈએ. ' આમ, સ્વરાજ્ય કે ચળવળનું નામ લીધા સિવાય ' સ્વરાજ્ય ' ભોગવતાં શીખવાનો માર્ગ જોઈતારામે બતાવ્યો !

'જુઓ, પટેલીઆઓ, સંખ્યાની બાબતમાં એમ છે કે સંખ્યા તો ઘણાં ગામમાં કમી છે. છતાં દરબાર તે નિભાવી લે છે. તોપણ પાંચ ગામમાં તો એટલી બધી સંખ્યા ઓછી છે કે નિભાવી લઈ શકાય નહિ. અને આ હુકમ પણ લોકોને ચેતાવવા સારૂ બહાર પાડવામાં આવ્યો છે. બાકી તો દરબાર જોઈએ તે આપે છે. તમે કહો ત્યાં અને કહો તેવી નિશાળ આપે છે. માત્ર તમને માગતાં આવડવું જોઈએ. અને જે માગો તો બરાબર ચલાવવાની ત્રેવડ જોઈએ.' કેળવણી ખાતાના ઉપરી અત્યાર સુધી શાંત હતા તેમને કંઈક બોલવાનું ઘણા વખતથી મન થતું હતું. છેવટે ઉપલું મહામુશીબતે બોલી નાખ્યું. જો કે લોકો કળ્યા વગર ન રહી શક્યા કે પાછલા ભેણુમાં ઉછીનું લેનારો પચાવી ન શકે અને ઓકી કાઢે તેમ પારકાના શબ્દની છાપ સ્પષ્ટ માલૂમ પડતી હતી.

' શા'બ બધું નિભાવી લે છે. ત્યારે ઊઠો આપણે,' આટલા બધા ભાષણ પછી એક આખાબોલા પટેલથી બોલ્યા વગર ન રહી શકાયું.

' કેમ ? તમારો વાંક નથી ? ' જોઈતારામે ગરમ થઈને કહ્યું.

' જુઓ શા'બ, અમારે ને તમારે ઓતર દખણ જેટલું છેટું છે. ' આખાબોલા પટેલે ધીરેથી કહી દીધું.

' એમ કેમ બોલો છો પટેલ ?'

' જુઓ, હું ઓછી હાજરીની વાત કરૂં, તો અમારાં છોકરાં હાજર ન રહે એટલે પાધરૂં અમારૂં બહાનું કાઢવું. પણ અમારી અગવડતા ન જોવી ?'

' કેમ, તમારી અગવડતા નથી જોવાતી ? ક્યારે નથી જોઈ ? ' જોઈતારામ ઘૂરક્યો.

'ના શા'બ, નથી જોવાતી. જુઓ તમે આત્યવારની રજા પાડો, ને અમારે અગીઆરશ–અમાસની રજા જોઈએ. તમે નાતાલની રજા પાડો ને અમારે નોરતાંની રજા જોઈએ. અમે કાંઈ ગોરાં ભેળાં થોડાં જ રૈંએ છીએ કે એની વાદે નાચવા મંડીએ; કે તમારા જેવાં મોટાં માણસ થોડાં છીએ કે ઘરની દીવાળી ભૂલી પારકાની દીવાળી ઊજવવા મંડી જઈએ. ' આખાબોલા પટેલે હિમ્મત એકઠી કરી સંભળાવી દીધું.

' અરે નાતાલને બદલે નોરતાંની રજા પાડે તો છોકરાં બે ઘડી કેવાં કૂદે ને કિલ્લોલ કરે ! આખું ગામ નોરતાંની મોજ માણે ત્યારે અમારાં છોકરાં ધોળા પર કાળાં માંડ્યા કરે. ' બીજા પટેલે ઉમેર્યું.

'તમે પરીક્ષા લેવા આવો ઈ પણ બરાબર લણણી ટાણે. ઈ ટાણે અમારાં છોકરાં મરવા યે નવરાં ન હોય ! ' ત્રીજા પટેલે પણ બળતરા કાઢી.

' શા'બને આખું રાજ્ય સંભાળવાનું હોય છે એટલે ઘણી રીતે વિચાર કરવાનો હોય છે. તમે એમાં ન સમજો. ' જોઈતારામે ખુલાસો કર્યો.

' બાપુ, અમારે ઈ જ સંતાપ છે ને ! હુકમ ઉપરથી

(અનુસંધાન આગળ પાન ૩૪૨ મે)

આફ્રિકાના દેશીઓની વિચિત્ર લગ્નરૂઢિઓ

આફ્રિકાના મૂળ વતનીઓ બેલજીઅન કૉંગોની સરહદ પર વસતી વામન (Dwarfs or Pygmies) પ્રજા છે. હિંદમાંથી અનાર્યોને હાંકી કાઢી આર્યોએ વસવાટ શરૂ કર્યો એવી જ રીતે આ વામન પ્રજાને ઉત્તર અને પૂર્વ શ્યામખંડ (આફ્રિકા) માંથી હાંકી કાઢી હેમાઇત (આર્ય ભાષા બોલતી) પ્રજાએ વસવાટ શરૂ કર્યો.

કેનીઆમાંથી મળી આવેલાં ગેડી અને હોડેશિયામાંથી મળી આવેલા ઝીમ્બાબ્વેનાં મંદિરોનાં ખંડેરો પરથી સ્પષ્ટ જણાય છે કે સૂર્ય, વિષ્ણુ અને શિવની પૂજા કરવાવાળી પ્રજા યુગજૂના કાળથી અહીં વસતી હતી.

કાળે કરી હેમાઇતિ (આર્ય ભાષા બોલતી) પ્રજાએ વિજેતા તરીકે અહીંની વામન પ્રજાની કુમારિકાઓ સાથે શરીરસંબંધ બાંધ્યો અને પરિણામે એ આંતરલગ્નથી સોમાલી, દનકિલ, ગાલા અને મસાઇ પ્રજા ઉત્પન્ન થઇ. યુગાન્ડાની મહાન બાન્ટુ પ્રજા પણ એ હેમાઇત પ્રજાના વામન સ્ત્રીઓ સાથેના સંબંધથી જ ઉત્પન્ન થઇ છે. આ વર્ણસંકર પ્રજાઓએ પણ આંતરલગ્નના સંબંધ રાખ્યા અને પરિણામે આફ્રિકાની અનેક દેશી પ્રજાઓ ઉત્પન્ન થઇ.

ત્યાર બાદ આરબ, પોર્ચ્યુગીઝ અને વલંદાઓ આ દેશમાં ઊતરી આવ્યા. વ્યાપાર કરતાં કરતાં શરીરસંબંધ રાખ્યા અને વર્ણસંકર પ્રજામાં વૃદ્ધિ કરી.

આફ્રિકાનું સહરાનું રણ અને સુદાન આ શ્યામખંડ (આફ્રિકા)ની બે ભિન્નભિન્ન સંસ્કૃતિઓને જુદી પાડે છે. સુદાન અને સહરાની ઉત્તરનો ભાગ મુસ્લીમ સંસ્કૃત આફ્રિકા કહેવો યોગ્ય થઈ પડશે. બાકીનો ભાગ જંગલી દેશીઓથી ભરપૂર છે.

પૂર્વ, પશ્ચિમ અને મધ્ય આફ્રિકા હજી અંધારા ખંડ જેવો જ જંગલીઓથી ભર્યો પડયો છે અને અહીંના વતનીઓ પોતાની જૂની પ્રણાલિકાઓ જાળવી રહ્યા છે.

આફ્રિકાના વતનીઓ પોતાનાં લગ્ન જુદી જ રીતે ઊજવે છે. આપણાં લગ્નો માફક તેઓનાં લગ્નમાં વિશેષ ક્રિયાઓ કરવાની હોતી નથી. એ પરથી ઘણાઓનું એમ માનવું થાય છે કે આફ્રિકાના દેશીઓમાં લગ્ન જેવી પ્રણાલિકા છે જ નહિ. પણ એ સત્ય નથી.

એ દેશીઓમાં આપણા પ્રમાણે જ લગ્નના રિવાજો પ્રચલિત છે; પરંતુ તે તદ્દન સરળ અને આડંબર વગરના છે.

યુગજૂના કાળમાં આ અંધારા આફ્રિકામાં સ્ત્રીનું હરણ કરીને પત્ની તરીકે તેને ઘરમાં બેસાડવામાં આવતી. વિજેતા તરીકે પતિ તરીકેનો હક્ક સિદ્ધ થતો. લગ્નયોગ્ય ઉમર થતાં આફ્રિકાના કુમાર રૂપાળી સુંદરીઓની શોધમાં નીકળતા અને પોતાને મનપસંદ કુમારિકા કે કોઇની પરણેતર મળી જતાં હરણ કરી ઉઠાવી લાવતા અને પત્ની તરીકે ઘરમાં બેસાડતા. પત્નીઓની સંખ્યા પુરુષોની રક્ષણ કરવાની શક્તિ પર આધાર રાખતી. આ એમની એક કાળની લગ્નરૂઢિ.

આના સાધારણ કે આછા ઘેરા એવા ભાવવાળી પ્રણાલિકા હજી અહીંના દેશીઓમાં પ્રચલિત છે. (આફ્રિકાના દક્ષિણ હોડેશિયામાં આવેલા) કલહારી રણના 'નહોન' નામના જંગલીઓમાં 'લગ્ન કરવાં એટલે હરણ કરીને કન્યાને ઘરમાં બેસાડવી. એવો જ અર્થ હજી પણ કરવામાં આવે છે. જો કોઇ મુસાફરે તરતમાં થએલા લગ્ન વિષે પૂછપરછ કરી હોય તો એ વિષે તે નીચે પ્રમાણે વાત જરૂર સાંભળશે:

બાજુના જંગલના બીજા તાયફાવાળા બે યુવાનોએ આવીને, વિસામો ખાવાને બહાને ગામ બહાર તાપણી કરી, અહીં આવ્યાનું કાંઇ પણ કારણ જણાવ્યા વિના બેઠા; અને નદી પરથી બે સુંદર કુમારિકાઓ પાણી ભરી પાછી ફરતી જોઇ, તેઓ એકાએક ઊભા થયા. બન્નેમાંથી રૂપાળી, નમણી ને નાની કુમારિકાને પકડી પોતાની છાવણી તરફ ઉપાડી ગયા. આવી જ કે આને મળતી કથા દરેક લગ્નના ગર્ભમાં સમાએલી હોય છે.

સત્ય કહીએ તો ઉપરની ભજવાએલી ભૂમિકા આગળથી જ ગોઠવી રાખેલા પ્રસંગનો એક ભાગ જ હોય છે. હરણ થએલી કન્યાના બાપને, હરણ કરનાર યુવાન તરફથી કન્યાના વેચાણ બદલ અમુક ભેટ કે રકમ મળી હોય છે; એટલે કન્યાના બાપ સાથે ગોઠવણ થયા બાદ જ કન્યાહરણની કથા રચાય છે.

મોએરો [Moero] સરોવરકાંઠે વસતા બાલુબા નામના દેશીઓ પણ લગ્નનો અર્થ 'કન્યાનું હરણ' કરવું માને છે. પરંતુ એ હરણ પાછળ કોઇ પણ

પ્રકારનો ગુપ્ત પ્રસંગ અગાઉથી યોજાએલો હોતો નથી. એક યુવાન લડવૈયો ઉમ્મરલાયક થતાં પોતાની પત્નીની શોધમાં નીકળે. મનપસંદ કન્યા મળતાં તેની સાથે મંત્રણા કરે. પછી હાથનાં કાંડાં શોણિત રંગે રંગી, ચામડાથી માથું ઢાંકી, કાનની પાછળ એક પ્રકારના પક્ષીનાં પીછાંને લટકાવી તે પોતાના ગામના કુમારો સાથે કન્યાના ઘર તરફ આવવા નીકળે. કન્યાનું ઘર નજરે પડતાં રણગર્જના કરી સૌ એકસાથે હલ્લો કરે. તેલના મર્દનથી ચકચકિત શરીરવાળી, માથે કાળા ને રાતા પટાના ચિત્રામણવાળી, ઝુલ્લાવાળું શરીરે ચર્મ વિંટાળેલી કન્યા દરવાજામાં શાન્તિથી તેઓના હલ્લાની રાહ જોતી ઊભી જ હોય છે. કન્યાની નજદીક તેઓ આવી પહોંચતાં, કન્યા ચીચોઆરી પાડી ભયની મારી ઘરમાં નાસી જવાનો ડોળ કરે છે. થોડા સમય બાદ પોતાની માતા સાથે તે પાછી આવે છે. કન્યાની મા જાણે પોતાની પુત્રી પરના હલ્લાથી ગુસ્સે થઇ હોય તેમ ભવાં ચડાવી, ડોળા ફાડી યુવાનોને ઠપકો આપે. યુવાનો તેને મોતી કે કાચના મણકાઓ આપે ત્યારે એ બકવાદ કરતી શાન્ત પડે. ત્યાર બાદ આવનાર યુવાનો કન્યાને ખભેથી પકડી એક જાડી બાઇના ખભાપર ઘોડે પલાણે તેમ બેસાડી ને ઉપાડી જાય છે. તેની પાછળ કન્યાનાં સગાંઓ, વરરાજા તથા તેના યુવાન મિત્રો, અને કન્યાનાં વસ્ત્રોવાળી પોટલીઓ ઉપાડતી નાની નાની કન્યાઓ દોડી જાય છે.

વરરાજા સૌથી આગળ દોડી પોતાના ઘરમાં સંતાઇ બેસે છે. કન્યા અને જાનૈઆઓ આવી પહોંચતાં વરની મા અશ્લીલ ગાળો અને કડવાં વેણની ઝડીઓ વરસાવી સ્વાગત કરે છે. (આ પ્રથા 'પરદેશી સ્ત્રી'ને જૂના કાળમાં ઉપાડી લાવતા તે તરફના તિરસ્કારથી પડી હોય એમ જણાય છે). આખરે વરમાને કન્યાના બાપ તરફથી પહેરામણી મળતાં તે શાંત પડે અને કન્યા તથા તેનાં સગાં સંબંધીઓ ઘરમાં પ્રવેશી વરરાજાને શોધવા મંડી પડે. પણ વરરાજા તો ભેટ મળ્યા વગર સંતાએલે સ્થળેથી બહાર આવવાનો ઇનકાર કરે. અંતે કન્યાનાં માબાપ તરફથી ભેટ ધરાતાં વરરાજા સંતાએલે સ્થળેથી બહાર આવે. ત્યાર બાદ લગ્નની મિજબાની ઊજવવાની તડામાર તૈયારીઓ થાય.

દક્ષિણ આફ્રિકામાં વસતી નાના હોટેન્ટોટ (Nana Hottentots) નામની પ્રજાનો વરરાજા સસરાને 'લગ્નજમણની' મુખ્ય વાનગી અર્થે ગાયની ભેટ આપે છે. આ ગાયને કાપીને શેકવામાં આવે ત્યારે બે માણસો નાચતા કૂદતા અને વાંસની શરણાઇ જેવાં વાજાં વગાડતાં જાય. પાછા વળતાં વરરાજા અને તેડવા આવનાર બે માણસો મળી ત્રણે જણ નાચતા, કૂદતા, શરણાઇ વગાડતા કન્યાના ઝૂંપડાની આસપાસ પ્રદક્ષિણા ફરે. કન્યા વરરાજા સાથે નૃત્ય કરવા ન આવે ત્યાં સુધી તેઓ આમ ફર્યે જ રાખે. કન્યા આવતાં જ પેલા બે નાચતા યુવાનો માર્ગ રોકી ઊભા રહે. વરરાજા એ બન્ને વચ્ચેથી બળજબરીથી માર્ગ કરી કન્યાનો હાથ પકડી તેના ઘર તરફ દોડે. તેઓનાં આવતાં પહેલાં દ્વાર પાસે સાદડી બિછાવવામાં આવી હોય છે. તે પરથી વરકન્યા ગૃહપ્રવેશ કરે એટલે તે 'વરવહુ' ઠરી ચૂક્યાં મનાય.

પહાડામાં વસતા જંગલીઓમાં 'કન્યાહરણ'ના છાયાવાળી લગ્નરૂઢિ હજી યે પ્રચલિત છે. આ પ્રણાલિકામાં 'કન્યાહરણને' સાચી ભૂમિકા પર ભજવી બતાવવામાં આવે છે.

લગ્નલાયક કુમાર અને કુમારી વિવાહના કોલ આપ્યા બાદ તેમનાં મિત્રો અને સખીઓ સાથે પુષ્કળ માંસ લઇ, મુકરર કરેલે કોઇ ગુપ્ત સ્થળે ભેગાં મળે. ત્યાં સૌ અકરાંતિયા પેઠે માંસાહાર કરતાં હોય એવામાં વરરાજા કન્યા પર કૂદકો મારે અને તેને બાથમાં પકડી રાખે. કન્યાની સખીઓ આ જોઇ દોડી આવે અને અગાઉથી ઝાડીઓમાં સંતાઇ રહેલાં કન્યાનાં સગાંઓને બૂમો પાડી બોલાવે. તેઓ આવી પહોંચતાં વરરાજાને લાકડી, લાત, હાથના મુક્કા વગેરેથી મારવા લાગે. આટઆટલો તડાપીટ પડ્યા છતાં યે જો વરરાજા કન્યાને ભુજામાં પકડી રાખી શક્યો હોય તો જ તે કન્યા વરરાજાને પતિ તરીકે સ્વીકારે. એથી જો ઊલટું બન્યું હોય તો, અને કન્યાને પરણવા જ માંગતો હોય તો, કેટલાક દિવસો બાદ ઉપર પ્રમાણે પુનઃ પ્રસંગ સજીને માર ખાવો પડે. માર પડવા છતાં કન્યાને પકડી રાખી શકે ત્યારે જ કન્યાને લાયક પતિ ઠરે અને સ્વીકારાય.

જોકે હવે તો આ મર્દાનગીભરી પ્રણાલિકા દિવસેદિવસે

ઘસાતી જાય છે. આગળના વખતમાં તો એવો સખ્ત માર પડતો કે ઘણી વેળા વરરાજા મરણતોલ ઘાયલ થતો. આજે આવો સખ્ત માર મારવામાં આવતો નથી.

આફ્રિકાની મધ્યમાં આવેલા કૉંગો પ્રદેશના પહાડોમાં વસનાર જંગલીઓમાં કુમાર યુવાનીને આંગણે પ્રવેશતાં જ કન્યાની શોધમાં નીકળે. મનપસંદ કન્યા મળી આવતાં તેના કુળ વિષેની તપાસ કરે. કન્યાનાં માબાપ 'મનાઇ કરેલા' હલકટ કુળનાં ન હોય તો પોતાના બળની ખાત્રી સસરાજીને કરી આપવા જંગલમાં મોટા સાબરનો શિકાર કરવા નીકળે. ત્યાં મારેલા સાબરને એ સસરાજીને ઘેર લાવે અને તેના ખોળીઆ ઉપરથી ચામડી ઉતારી, કન્યાના પિતાને તેમાંના મનપસંદ ભાગનું માંસ અર્પણ કરે. કન્યાનો બાપ એ માંસ સ્વીકારે એટલે કન્યાદાન અપાઇ ચૂક્યું ગણાય.

જુલાલીઓના જંગલીઓના વરરાજા શિકાર કર્યા બાદ કન્યાના પિતાની પગ પાસેની જમીનમાં લોહીવાળો ભાલો ઘોંચી દે. આ ક્રિયાને કન્યાનો પિતા હાસ્ય અને પ્રોત્સાહન આપતી દૃષ્ટિએ જુએ એટલે કન્યા વરરાજાની ઠરી ચૂકી. ત્યાર બાદ કન્યા, વરરાજા, કન્યાનાં માબાપ અને સગાંવહાલાં સૌ શિકારવાળા સ્થળે દોડે. હાથથી શિકારના ખોળીઆ પરની ચામડી ઊતરડી, છરીથી માંસના લોચા કાઢી, ભૂખ્યાં વરૂ પેઠે હાડકાં સાફ થાય ત્યાં સુધી ખાય.

લોહીથી ખરડાએલાં શરીરવાળા એ જંગલીઓને જોતાં આપણને તેઓ તરફ તિરસ્કાર આવે. પરંતુ આપણે વિચાર કરીશું તો તેઓના વ્યવહાર અને સંજોગોને અનુકૂળ તેમની આ પ્રણાલિકાઓ જણાયા વગર રહેશે નહિ. યાદ રાખવું જોઇએ કે રાત ને દિવસ તેઓને ખોરાક મેળવવાની (પેટ ભરવાની) બલા મૂંઝવ્યા જ કરતી હોય છે. તેઓની આખી યે જિંદગી ખોરાક મેળવવાના ગંભીર કોયડાનો ઉકેલ કરવામાં વ્યતીત થાય છે. જ્યારે પેટ ભરીને ખોરાક મળ્યો હોય એવા તેમની જિંદગીના સુખી દિવસો આંગળીને વેઢે ગણાય એટલા હોય છે. ફરજીઆત શિકારી બનેલા એ જંગલીઓ જરૂરીઆતને અંગે ઘણી વેળા દયાહીન બની સર્પ, તીડ, ઊંદર, પક્ષીઓનાં ઇંડાં, દેડકાંઓ, કીડી, મંકોડી તથા પોતાનાં માથાંની જૂ સુદ્ધાં જીવન નિભાવવા અર્થે ખાય છે. આ પરથી એટલું સિદ્ધ થાય છે કે પતિ તરીકેની પસંદગીમાં શિકાર કરવાની કળા અગ્રસ્થાન ભોગવતી હોવી જોઇએ. પહાડોમાં વસતી જંગલી યુવાન કન્યાની ફિદાગીરી મેળવવા માટે રૂપ કે યૌવન કરતાં અહીં માંસનો ટુકડો વધુ ઉપયોગી નીવડે છે.

જુલમથી બંદીવાન બનાવીને ઉઠાવી લાવેલી કન્યાના લગ્નનો રિવાજ દિવસેદિવસે હવે નાબૂદ થતો જાય છે અને એ રિવાજનું સ્થાન હવે 'કન્યા વિક્રયે' લીધું છે. કન્યાનો બાપ પોતાની પુત્રીને બીજાને પત્ની તરીકે સોંપે ત્યારે ઊછેરવાનો ખર્ચ, તેને અંગે ગૃહકાર્યોમાં આવનારી અડચણો વગેરેનો અડસટ્ટો કરીને રકમ ઠેરવે છે.

કન્યાનાં આવાં વેચાણની કિંમત કેટલાક દેશીઓમાં વરરાજા કન્યા તરફ સારી વર્તણૂક ચલાવે અને કન્યા પતિવ્રત ધર્મ પાળે એની જામીનગીરી તરીકે ગણવામાં આવે છે. કન્યા જો તેના પતિને બેવફા નીવડી વ્યભિચારીણિ બને તો કન્યાના બાપે લીધેલી 'કન્યાવેચાણ'ની એ કિંમત પતિરાજને પાછી સોંપી દેવી પડે; અને પતિ સ્ત્રી તરફ જો નિર્દય વર્તણૂક ચલાવે તથા પરિણામે કન્યા એ જુલમથી ત્રાસી પોતાને પીએર નાસી જાય તો પતિરાજ કન્યા અને કન્યાના વેચાણની કિંમત બન્ને ગુમાવી બેસે છે. ઘણી વેળા 'કન્યાવેચાણ'ની કિંમત હપ્તાથી પણ ભરવાની હોય છે. એકેક બાળકના જન્મ પ્રસંગે એકેક હપ્તો પાકે ! કેટલાંક કુટુંબમાં બાળકનાં બાળક અવતરે ત્યાં સુધીના લાંબા હપ્તા કરી દેવામાં આવે છે.

ગામના પટેલને ન્યાય ચૂકવવામાં સગવડતા પડે તે માટે 'કન્યા વેચાણ'ની કિંમતની ભરણીના રિવાજો પણ ગોઠવવામાં આવ્યા હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

જે દેશીઓ ઢોર પાળનારા છે તેઓ કન્યા વેચાણની કિંમત ઢોરની સંખ્યામાં આંકે છે. કુટુંબ, જાત ને દેશ પ્રમાણે ઢોરની સંખ્યા વધારેઓછી હોય છે.

બાશુટો પ્રજામાં પંદરથી વીસ ઢોરની સંખ્યા કન્યાના વેચાણ તરીકે સાધારણ ગણાય છે. બહાદુર બાશુટો યુવાન કન્યાની પસંદગી કર્યા બાદ એક બળદને કાપી તેના શરીરનો એક ભાગ જુદો રાખી બાકીનું બધું માંસ જાનૈયાઓને મિજબાની અર્થે સોંપી દઈ લગ્નનો લાગો ચૂકવે છે.

શરીરમાં આંતર્લીંગ નવલ દંપતીનું ઝૂંપડું બાંધતી અહીંના દેશીઓમાં લગ્ન થયાં એટલે પતિપત્ની જુદા જ ઘરમાં રહે છે. એ અર્થે લગ્નને દિવસે જ નવું ઘર બાંધવામાં આવે છે.) સ્ત્રીઓ માટે ખાસ રાખવામાં આવે છે. કોઇક રંગીલા વરરાજા માંસનો હાર કે કટિમેખલા બનાવી નવોઢાને લાજછોડામણી માટે કે કમ્મર હલાવવાની ક્રિયા બતાવવા અર્થે ભેટ આપે છે.

ખ્રિસ્તીઓમાં અંગુઠીની આપલે કરવાથી લગ્નના કરાર પર સહીસિક્કા થયા ગણાય; હિંદુઓમાં ચાર ફેરા ફર્યે પતિપત્ની થયાં ગણાય, તેમ આ દેશીઓમાં હાર પહેરાવવાથી અને શરીરના શણગારની આપલે કરવાથી ધણી–ધણીઆણી ઠરી ચૂકે છે.

મિજબાની અને રંગરાગમાં વીતાવેલી વસ્લની રાત્રિ બાદ વરરાજા અને જાનૈયાઓ કન્યાને લઇ લગ્નના નવા ઝૂંપડા પાસે આવે છે અને નવીન ગૃહમાં પ્રવેશ કરવાની ક્રિયા કરે છે. ગૃહપ્રવેશ બાદ નવોઢા પોતાની ફરજો અદા કરવી શરૂ કરે છે. સાસુ નવોઢાને ગૃહકાર્યે યોગ્ય જુએ ત્યારે ગૃહના મધ્ય ભાગમાં, સૌ જોઇ શકે એવે સ્થળે, મધની મટકી મૂકે છે. ગૃહકાર્યકુશળતાના સાસુજીના પ્રમાણપત્રની એ નિશાની ગણવામાં આવે છે.

પૂર્વ આફ્રિકાની મસાઈ કન્યા બાર વર્ષની થતાં જ મસાઇ કુમાર તરફથી મીઠી નજરની નિશાની બદલ મધની મટકીની ભેટ મેળવે છે. કેટલાંક વર્ષો બાદ તે યુવાનીને આંગણે પ્રવેશે (રજસ્વલા થાય) ત્યારે પુનઃ તેનો ભવિષ્યનો પતિરાજ ભેટની પુનરાવૃતિ આદરે. એકાદ માસ કન્યાને આરામ મળે તે અર્થે વીતવા દેવામાં આવે છે. ત્યાર બાદ વરરાજા કન્યાના વેચાણનો ઠરાવેલી કિંમતનાં ઢોર હાંકીને, સસરાને ઘેર જાય છે ને લગ્નના શુકન તરીકે, ત્યાં પહોંચતાં જ એકાદ બળદને કાપી નાખવામાં આવે છે. થોડા સમય બાદ વરરાજા ફરી કન્યાને તેડવા જાય છે અને બીજી ભેટ અર્થે મેંઢાને કાપ્યા બાદ કન્યા લગ્નના શણગાર સજે છે. પછી નાની નાની ડગલીઓ ભરતી તે પતિરાજ સાથે (ઉતાવળમાં પગલાં ભરવાં અપશુકન ગણાય છે) પતિરાજના ઘેર જવા નીકળે.

કેનિયાના દેશીઓ જૂના કાળની લગ્નપ્રથાને વળગી રહ્યા છે. તેમની લગ્નરૂઢી મસાઇઓની લગ્નરૂઢીને ઘણી મળતી આવે છે. મસાઇઓમાં લગ્ન પહેલાં સુન્નત જરૂરી છે, એવી રીતે તેઓમાં પણ સુન્નત જરૂરી મનાય છે. સુન્નત બેસાડયાને મહિનો વીત્યા બાદ યુવાન આફ્રિકન સંસારવ્યવહારના જ્ઞાન અર્થે નિરંકુશ આમોદ પ્રમોદ કુમારિકાઓ સાથે માણે છે ત્યાર બાદ જ તે લગ્નને યોગ્ય મર્દ ગણાય છે.

આમોદ પ્રમોદ માણતાંમાણતાં એકાદ મનપસંદ કન્યા મળી જતાં તે અને તેના અંગત મિત્રો ભેળા મળી, આંખ્યો આંજે એવા શણગાર સજી, કન્યાના બાપને ઘેર જાય, કન્યાના વધુ અંગત સહવાસમાં આવે એ અર્થે આ મુલાકાત યોજવામાં આવે છે. આ સહવાસ દરમ્યાન મોહ અને હૃદયની કન્યા પ્રત્યેની લાગણીઓ વધુ પ્રમાણમાં ઉભરાતી જણાય તો જ વરરાજા કન્યાનું માગું નાખે અને ભેટ તરીકે તપખીર અને રાબડી ધરાવવામાં આવે.

બીજે દિવસે સસરાને ફરીથી દારુની ભેટ દેવાય. એ માંગલિક દિવસની યાદી અર્થે કન્યાના બાપના ઘરમાં અગ્નિ ઠરવા દેવામાં આવતો નથી. તે દિવસે વરરાજા કન્યાના વેચાણ માટે ઠરાવેલી કિંમતના ઘેટાં, બકરાં, ગાય અને બળદ આપે છે. એ ભેટ આપતી વેળા પહેલાં એક બકરાની કતલ કરવામાં આવે છે અને સૌ થોડુંથોડું માંસ ચાખે છે. એ બકરાનો આગળનો જમણો પગ વર અને અણવર માટે ખાસ રાખવામાં આવે છે. ત્યારબાદ વરરાજા તે દિવસે પુનઃ પોતાને ઘેર પાછો જાય છે અને બીજે દિવસે પોતાની નવોઢાની માગણી કરતો આવે છે.

એમ્બુ તાયફાની લગ્નરૂઢીઓ ચુકા પ્રજાની (તાયફાની) લગ્નરૂઢીઓ જેવી જ છે. કન્યાના વેચાણની કિંમત આપ્યા બાદ વરરાજા એક નાના બાળક અને બાલિકાને કન્યાને ત્યાં મોકલે છે. તેઓના આગમનના સમાચાર મળતાં જ કન્યાનો બાપ કન્યાને રંગ ભૂંસવા, તેલનું મર્દન કરવા અને કાચના મણકાના શણગાર સજવાનું ફરમાવ્વે છે. બાદ, કન્યા તૈયાર થઇ રહેતાં. બીજાં બે બાળકો રાચ-રચીલાનો સામાન ઉપાડી તેની સાથે વળાવવા જાય છે. પતિને ઘેર આવ્યા બાદ કન્યા તરત ગૃહપ્રવેશ કરતી નથી. મીઠી નિગાહ બતાવવા સસરાજી બકરાનો વધ કરે નહિં ત્યાં સુધી તે દ્વાર પાસે જ ઊભી રહે છે

ત્યાર પછી તેઓ પોતાને નવે ઝૂંપડે આવે એટલે લગ્નની પૂર્ણાહુતી મનાય. આ ઝૂંપડું તેઓ માટે ખાસ ઇલ્મ જાણનારી બાઇઓની દેખરેખ નીચે બાંધવામાં આવ્યું હોય છે અને એ ઇલ્મ જાણનારી બાઇઓ નજરબંધી કે ચોટ ન લાગે તે અર્થે હાથના શણગાર કે ગળાના હાર મંત્રી નવોઢાને પહેરાવે છે.

પતિની પસંદગીમાં કન્યાની ઇચ્છાની ખાસ જરૂર રહેતી નથી. ઘણુંખરૂં તો તેઓ માતાપિતાએ પસંદ કરેલાજ પતિને જીંદગીના ભાગીદાર તરીકે વિના સંકોચે સ્વીકારી લે છે. આફ્રિકાની સુંદરીઓ પતિની પસંદગીમાં બહુ જ સંતોષી જણાય છે. કેટલાક તાયફાઓમાં કન્યાની પસંદગી ખાસ પૂછવામાં આવે છે. તો યે પસંદગીવાળા પતિને જ સ્વીકારવો એવું કશું હોતું નથી.

ટાંગાનૈકામાંના કોન્ડે ભાષા બોલતા તાયફાવાળાઓ એ રિવાજનો પુરાવો છે. વરકન્યાનાં માતાપિતાએ મુકરર કરેલા લગ્નના દિવસ પહેલાં એકાદ બે અઠવાડીઆં અગાઉ વરરાજા પોતાના જેવા જ તેલ મર્દન કરેલા તથા પીછાં અને ચામડાંના શણગાર સજેલા યુવાનો સાથે કન્યાની ઠેરવેલી સંખ્યાનાં ઢોર લઈ સસરાને ઘેર જાય છે. ઘર પાસે આવી પહોંચતાં જ વરરાજા કોદાળી અને ભાલો ધૂળમાં મૂકી કન્યાને તે સ્વીકારવા સૂચવે છે. આ વસ્તુઓનો સ્વીકાર કન્યાની લગ્નસંમતિ સૂચવે છે. કન્યા કોદાળી ઉપાડી, ગાયને હસતાં હસતાં મારી, લગ્નની પોતાની સંમતિ વ્યક્ત કરે છે અને નીચે પડેલો ભાલો ઉપાડી પોતાના બાપને આપે છે. પોતે જો પોતાના પતિને બેવફા નીવડે અથવા વ્યભિચારીણિ થાય તો ભાલાથી મારી નાખવાની સંજ્ઞા સૂચવતી, ઘૂંટણીએ પડી તે બાપના પગ પાસે બેસી જાય છે. એકાદ અઠવાડીઆ બાદ પતિ સાથે તે પોતાને સાસરે આવવા નીકળે છે અને અમુક ભેટ મળ્યા બાદ ગૃહપ્રવેશ કરે છે. પછી અગ્નિ પેટાવી રસોઇ કરી નવા ગૃહમાં વાસ કરવા જાય છે.


આધુનિક સંસ્કૃતિને શિખરે પહોંચેલી અમેરિ પ્રજામાં પ્રચલિત એવી એક પ્રણાલિકા પણ આફ્રિકાના જંગલીઓમાં મોટા પ્રમાણમાં હસ્તી ધરાવે છે. જજ લિન્ડસેએ ' સગવડ લગ્ન 'ની જે હિમાયત કરી છે અને પરિણામે જે અત્યારે પશ્ચિમવાસીઓમાં વ્યાપક થઈ છે એવી જ રૂઢી ઉત્તર હોડેશિયામાં વસતા કઓન્ડે બાન્ટુ તાયફાવાળાઓમાં ઘણા જૂના કાળથી ઉતરી આવે છે.


એક યુવાનને એક સુંદરી પસંદ પડતાં તેના પિતા પાસે જઇ તે માગણી કરે કે ' તારી કન્યાને હું સહવાસ કરવા અર્થે પરિક્ષ્યમાણીક સમય સુધી લગ્ન પહેલાં રાખવા સ્વીકારૂં છું.' પિતા તે કબૂલ કરે એટલે કુમારિકા યુવાન સાથે દંપતીભાવે રહેવા જાય. એ સમય દરમ્યાન યુવાનને કન્યા પસંદ ન આવે તો થોડીક ભેટ સાથે તે કન્યાને તેના બાપને ત્યાં પાછી મોકલે અને યુવાન બીજી કન્યાને પસંદગી અર્થે લાવે. એ પ્રમાણે યુવાન પોતાને મનપસંદ કન્યા ન મળે ત્યાં સુધી કન્યાઓ બદલાવ્યા જ કરે.

મસાઇ તાયફાવાળાઓમાં પણ આવા જ પ્રકારની રૂઢિ જાહેર રીતે ચાલુ છે. લશ્કરી નોકરી દરમ્યાન, મસાઇ લડવૈયાઓને લગ્ન કરવાની મનાઇ હોવાથી તેમની લશ્કરી નોકરીના સમય દરમ્યાન, કુમારિકાઓને તેઓની સાથે પત્ની તરીકે રહેવા દેવાની છૂટ આપવામાં આવે છે. આ પ્રમાણે લગ્ન કર્યા વગર લડવૈયાઓના ઘરમાં રહેતી કુમારિકાઓને ' ડીટો ' કહેવામાં આવે છે. દરેક મસાઇ લડવૈયો આવી ડીટો કહેવાતી કુમારિકાઓને સાથે ઘર માંડી રહે છે. આ ડીટો કુમારિકાઓને ઢોર સિવાયની (ઢોરની ભેટ લગ્નની ક્રિયાના એક ભાગ તરીકે ગણવામાં આવતી હોવાથી) ગમે તે ભેટ ખરીદી અર્થે આપવી પડે છે. આ સમય દરમ્યાન કન્યાને બાળક ન અવતરે તો મુકરર કરેલા સમય બાદ લડવૈયાના ઘરમાં રહેવું કે નહિ એ કન્યાની ઇચ્છા પર આધાર રાખે છે. **નિરંજન ભટ્ટ**

અતિ સૂક્ષ્મ તાર

માથાના વાળ જેટલું ઝીણું એમ આપણે કહીએ છીએ. પણ તેનાથીએ ત્રીસમા ભાગનો બારીક તાર પ્લૅટિનમ ધાતુમાંથી બનાવવામાં આવ્યો છે. ૧૦૦૦ ઍમ્પીઅરનો ફ્યુઝ તેમાંથી તૈયાર કરવામાં આવે છે જે અતિ ઝીણા વીજળીક સાધનોમાં વપરાય છે. એવા ૧૩,૩૦૦ તાર એક સાથે મૂકો ત્યારે એક ઇંચ પહોળાઈ થાય. એક રતલ પ્લૅટિનમ ધાતુમાંથી એવો ૨૫,૧૦૦,૮૦૦ ફીટનો લાંબો તાર નીકળે અને તેની કિંમત રૂા. ૧૧,૨૮૦,૦૦૦ થાય.









ડાબી બાજુ-ઉપરઃ કેન્યાના એ કિકુયુ જાતિના યુવાનને પોતાની નવવધુ માટે આઠ ગાયો, દસ બકરાં ને દેશી દારૂની વીસ બરણીઓ આપવી પડેલી. નીચેઃ આફ્રિકાની વામન પ્રજા. જમણી બાજુ-ઉપરઃ આફ્રિકાની કેટલીક જાતિઓનાં સ્થળ દર્શાવતો નકશોઃ (૧) હૅાન્ડોઆ (૨) શિલુક (૩) દીન્કા (૪) બેજા (૫) દનકીલ (૬) સોમાલી (૭) ગાલા (૮) બગાન્ડા (૯) મસાઇ (૧૦) નન્દી (૧૧) એકીકુયુ (૧૨) કયહોન્ડો (૧૩) સ્વાહિલી (૧૪) વામન (૧૫) કઓન્ડે બાન્ટુ (૧૬) ન્ગોની (૧૭) બીચાઉના (૧૮) હોટેન્ટોટ (૧૯) બેચુઆના (૨૦) ઝુલુ (૨૧) બાશુટો (૨૨) લુગ્નવા (૨૩) ચકાગ્બા (૨૪) બાન્ટુ (૨૫) બારોટસ. નીચેઃ હોડેશિયાની રમણી.

પોતાના જન્મ વડે યુરોપને બડભાગી બનાવનાર ખ્રિસ્તી ધર્મસમાજનો દારિદ્રયદીક્ષિત સંત પુરુષ

સંત ફ્રાન્સિસ

(ગયા અંકને અનુસંધાને)

આ સમયે ઇસાઇ ધર્મના પ્રવર્તક ઇશુ ખ્રિસ્તની જન્મભૂમિ પૅલેસ્ટાઇન પર મુસલમાનોનો અધિકાર હતો. ઇસાઇઓને એ હમેશાં સાલ્યા કરતું. પોપની ઉશ્કેરણીથી એમણે મુસલમાનો સાથે ધર્મયુદ્ધ (Crusade) આરંભ્યું. જે મહાત્માએ સંસારનાં પાપના વિમોચનાર્થે પોતાના પ્રાણનો બલિ દીધો હતો, એ મહાત્માની અનુયાયી કહેવડાવનાર ખ્રિસ્તી પ્રજાઓ વિધર્મી શત્રુઓ સામે તલવાર ઉપાડી પોતાના ધર્મની રક્ષા કરવા ઇચ્છતી હતી. રોમમાં ઇસાઇ ધર્માધ્યક્ષો અને અધિકારીઓની મહાસભા મળી. ફ્રાન્સિસ એ સભામાં હાજર હતો. પોપે સર્વને વિજ્ઞપ્તિ કરી કે તીર્થસ્થાનોની રક્ષાર્થે મુસલમાનો પર ચડાઇ કરવામાં આવે અને સાથેસાથે ધર્મસુધારના કાર્યનો પણ આરંભ કરવામાં આવે. ધાર્મિક નવજીવનનો મુખ્ય પ્રેરક ફ્રાન્સિસ એ મતનો હતો કે પ્રભુ ઇશુનો સંદેશ સર્વ મનુષ્યમાત્રને—ખસુસ કરીને ખ્રિસ્તી નહિ એવા જીવાત્માઓને—પહોંચાડવો એ ઇસાઇઓનું પરમ કર્તવ્ય છે. સાથે તે એ પણ જાણતો હતો કે શત્રુ અગર વિરોધીની સાન ઠેકાણે લાવવાને એનું શિર ધડથી જુદું કરવાની આવશ્યકતા નહોતી. આધ્યાત્મિક અસ્ત્રોની ઉપયોગિતા એ બરાબર સમજ્યો હતો. મુસલમાનોનાં હૃદય પર વિજય મેળવી એમને ઇસાઇ ધર્મનું રહસ્ય તેમજ મહત્તા સમજાવવામાં જ સાચો અને સ્થાયી વિજય સમાયો હતો. જો ફ્રાન્સિસનું આ મંતવ્ય જગતે સ્વીકાર્યું હોત તો એ કેટલાં યે ભયંકર યુદ્ધોની ઝાળથી બચી શક્યું હોત અને એની તવારીખ આજે જુદી જ રીતે લખાઇ હોત.

ઇ.સ. ૧૨૧૯ની સાલમાં પોતાના તેર સાથીઓ સાથે ફ્રાન્સિસે પૂર્વ તરફ પર્યટન આદર્યું. ફ્રાન્સિસના જીવનમાં આ પ્રસ્થાન એક અતિ મહત્ત્વનો બનાવ છે. એ મિસર પહોંચ્યો. ત્યાં ઇસાઇઓને મુસલમાનો સાથે યુદ્ધ જામ્યું હતું. ઇસાઇ ફોજ 'ડમિયારા' નામના નગરને ઘેરો ઘાલી પડી હતી. એ છાવણીમાં ફ્રાન્સિસે જઇને શું જોયું ? ધર્મયુદ્ધ લડવા આવેલા આ સૈનિકોમાં ધાર્મિક ભાવના કે પ્રેરણાનો કેવળ અભાવ ! એ સૈનિકો કાં તો લૂટવા, અત્યાચાર કરવા કે વ્યભિચાર કરવા આવ્યા હોય એમ ફ્રાન્સિસે જ્યારે જોયું ત્યારે એને સખત આઘાત થયો; ધર્મને નામે ચાલતા એ પાખંડની પોકળતાનો પ્રતિકાર થતાં એનો આત્મા કકળી ઊઠયો ! ફ્રાન્સિસે તો સાફ કહી દીધું કે આવા લોકો કોઇ દિ વિજયી નીવડતા જ નથી. લોકોએ તો એની વાત હાંસીમાં ઉડાવી. ફ્રાન્સિસ જ્યારે કોઇ નિશ્ચય પર આવતો ત્યારે એને કોઇ વારી શકતું નહિ. ફ્રાન્સિસે સુલતાનની છાવણીમાં જઈ એને ધર્મોપદેશ સંભળાવવાનો નિરધાર કર્યો. સુલતાને તો ફરમાન સુણાવ્યું હતું કે જે કોઇ ઇસાઇઓનાં કપાએલાં શિર લાવશે એને માથાદીઠ એકેક સોનામહોર બક્ષિશ આપવામાં આવશે. આ સંજોગોમાં સુલતાનની છાવણીમાં જવાની કોઇપણ ખ્રિસ્તીની જીગર મોતના મોંમાં જવાની ચેષ્ટા સમાન હતી. નિશ્ચય બે પ્રકારના આદમીઓનો કાયમ રહે છે, કાં તો અડગ વીરનો, કે કાં તો પાગલનો ! કાયરનો નિશ્ચય કદી કાયમ રહેલો જાણ્યો નથી. ફ્રાન્સિસ કાયર તો નહોતો પરંતુ એ પાગલ જરૂર હતો. એ પોતાના પાગલપણામાંથી જરા યે ન ડગ્યો. ધર્મને માટે સહર્ષ આત્મબલિ દેવો એ તો ઇશુનો જ પથ; એનું અનુકરણ એ એના અનુયાયીઓનું પરમ કર્તવ્ય ! માત્ર એક જ સાથીને લઇને એ મુસલમાનોની છાવણીમાં જઇ પહોંચ્યો. સૈનિકોએ એને પકડીને સુલતાનના દરબારમાં ખડો કર્યો. ફ્રાન્સિસે સુલતાનને કહ્યું કે 'હું તો તમને ઇશુનો સંદેશ સંભળાવવા આવ્યો છું.' આ વિચિત્ર નિર્ભય વૈરાગીને જોઇને સુલતાનને ખૂબ આશ્ચર્ય તો થયું, પરંતુ એ દુશ્મનો ગુપ્તચર હોય એવી શંકા તો તત્કાળ વિલીન થઇ ગઇ. ફ્રાન્સિસના વ્યક્તિત્વ અને નીડર પ્રસ્તાવની કંઇ એવી અસર સુલતાન પર પડી કે એણે ધર્મોપદેશ માટે અનુમતિ આપી. સુલતાનના ભર્યા દરબારમાં એણે લવલેશ સંકોચ વિના ઇશુનો સંદેશ સંભળાવ્યો. અલબત્ત સુલતાને ફ્રાન્સિસનું સ્વાગત કર્યું, પરંતુ એ એના સંદેશનું સ્વાગત કરવા તૈયાર નહોતો. એણે પોતાનો મજહબ છોડવા ના પાડી. ફ્રાન્સિસે ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ વચ્ચે સાચો ધર્મ કયો એનો નિર્ણય કરવા અગ્નિપરીક્ષાનું સૂચન કર્યું. એણે કહ્યું કે 'મારી સાથે મુસલમાન પ્રતિનિધિ અગ્નિપ્રવેશ કરે

અને જે અક્ષત બચી જાય એના ધર્મને સાચો માનીને પ્રતિપક્ષોએ તેનો સ્વીકાર કરવો.' પરંતુ એ શરતનો કોઈએ સ્વીકાર ન કર્યો. ફ્રાન્સિસ આગ્રહી હતો. એણે આગળ વધીને એ પણ સૂચવ્યું કે એ પોતે એકલો અગ્નિપ્રવેશ કરે અને જો બચી જાય તો સુલતાને ઈસાઈ ધર્મનો અંગીકાર કરવો. એનો એ પ્રસ્તાવ પણ ન સ્વીકારાયો; પણ પરિણામ એ આવ્યું ખરું કે સુલતાનને મન ફ્રાન્સિસની પ્રતિષ્ઠા ખૂબ વધી અને એના તરફ માનની લાગણી પેદા થઈ. સુલતાને એને ખુશ કરવા બહુમૂલ્ય ઉપહાર દેવા ઇચ્છયું. પણ આ વૈરાગીને ઉપહારની શી કિંમત? એણે એ સ્વીકારવા ના પાડી. માત્ર બદલામાં એણે એક યાચના કરી કે સુલતાન ઇસાઈ કેદીઓને સારી રીતે રાખે. સુલતાને એ યાચનાનો સહર્ષ સ્વીકાર કર્યો અને ફ્રાન્સિસને વિદાય દીધી. એને જીવતો પાછો ફરેલો જોતાં ઇસાઈ સૈન્યના આશ્ચર્યનો પાર ન રહ્યો. કેટલોક વખત એ છાવણીમાં રહ્યો અને એ દરમ્યાન એણે સૈનિકોનાં દુર્વ્યસનો મટાડવાને સખ્ત મહેનત કરી. ત્યાંથી એ તીર્થયાત્રા કરવા 'પૅલેસ્ટાઇન' ગયો. કેટલા યે દિવસ સુધી એણે સીરીઆમાં પરિભ્રમણ કર્યું અને ધર્મનો પ્રચાર કરતો રહ્યો. અહીં એને ઇટલીથી સમાચાર મળ્યા કે ભિક્ષુસંપ્રદાયની અવસ્થા અતિ શોચનીય બની રહી હતી. ભક્તોએ પોકાર કર્યો કે 'જીવતા હો તો આવીને સંઘને બચાવો.' એ સંદેશ મળતાં જ ફ્રાન્સિસ પહેલી નાવમાં નીકળીને ઇટલી પહોંચ્યો.

પુનઃ ઈટલીમાં

પોપ અને જનતાના સહયોગ વડે ફ્રાન્સિસી ભિક્ષુસંઘની વૃદ્ધિ કાયમ હતી; પરંતુ પોતાની ગેરહાજરીમાં સંઘના સંચાલન માટે ફ્રાન્સિસે જે અધ્યક્ષોને નિયુક્ત કર્યા હતા, એના નેતૃત્વ હેઠળ ભિક્ષુગણ સંઘના પ્રાથમિક કઠોર આદર્શોથી ચલિત થવા લાગ્યા. ઈટલીમાં તો એવી ગપ પણ ઊડી રહી હતી કે મુસલમાનોએ ફ્રાન્સિસનો ઘાત કર્યો હતો. જ્યાં ભિક્ષુગણને પ્રચારકાર્યમાં મુશ્કેલી નડતી ત્યાં અધ્યક્ષલોક એમને હિંમત રાખવાને પ્રોત્સાહન તો ક્યાંથી જ આપે. ઊલટું પોતે 'ચર્ચ'નું રક્ષણ શોધતા. સંઘના સંગઠનમાંથી સમતા ને ભ્રાતૃભાવ દૂર થઈ રહ્યાં હતાં. પરિવ્રાજક જીવનનું મહત્ત્વ ઘટી રહ્યું હતું. ભિક્ષુઓને માટે મોટામોટા મહાલયો બની રહ્યા હતા. ફ્રાન્સિસના જે ભક્તો આ નવીન પરિવર્તનોનો વિરોધ કરતા એમનું અધ્યક્ષો તરફથી દમન થતું અને સંઘમાંથી એમને બરતરફ કરવામાં આવતા.

બોલોનામાં ભિક્ષુઓને રહેવા માટે સંઘ તરફથી એક વિશાળ મઠ બાંધવામાં આવ્યો હતો. ભિક્ષુગણ તથા ઉપાસકગણ ત્યાં ઉત્સવ ઉડાવી રહ્યા હતા; એવામાં ફ્રાન્સિસ ત્યાં જઈ ચડ્યો. દુઃખ અને ક્રોધથી છલકાતે હૃદયે એણે કહ્યું કે 'આ વિશાળ ભુવન કોઈ રીતે દરિદ્રતા દેવીના ઉપાસકોને શોભા આપતું નથી; આવા મહાલયોમાં ભિક્ષુઓએ રહેવું એ અધિષ્ટાત્રી દેવીને કલંકિત કરવા સમાન છે. એણે તત્ક્ષણ એ ભુવન ખાલી કરવાની આજ્ઞા દીધી. બીમાર લોકોને પણ એણે ત્યાં ટકવા ન દીધા. ભિક્ષુઓ દ્વારા સ્વેચ્છા-દારિદ્રની અવહેલનાનો આ બનાવ પ્રથમ જ હતો; સાથે સાથે ભિક્ષુઓ સાથે ક્રોધિત થઈને વાતો કરવાનો સંત ફ્રાન્સિસના જીવનમાં એ પ્રથમ અને અંતિમ અવસર હતો.

નિર્વાસિત ભક્તજનો પોતાના ગુરુદેવના આગમનના સમાચાર સાંભળીને અજ્ઞાતવાસમાંથી આવી પહોંચ્યા. ફ્રાન્સિસ પોપને મળ્યો. કાર્ડિનલ ઉગોલિનોને ફ્રાન્સિસી ભિક્ષુસંઘનો સંરક્ષક નિયુક્ત કરવામાં આવ્યો. ફ્રાન્સિસે એની સાથે મળીને સંઘમાં આવશ્યક સુધારા કરવા શરૂ કર્યા.

ઉપાસક મંડળ

ફ્રાન્સિસની પ્રેરણાથી ઇસાઈ જગતમાં સર્વત્ર ધાર્મિક નવજીવનનો સંચાર થઈ રહ્યો હતો. એણે સર્વ ઇસાઈઓના 'નામપત્ર'માં એ દેખાડયું હતું કે પ્રત્યેક સાચા ઇસાઈએ કોઈ નહિ ને કોઈ પ્રકારે ધાર્મિક જીવન જીવવું જ જોઈએ; પરંતુ પોતાના સર્વસ્વનો ત્યાગ કરીને દરિદ્રતા અને સેવાનું કઠણ વ્રત લેવું સર્વને માટે સુલભ નહોતું. છતાં પણ ઘણાં સ્ત્રી-પુરુષો એવાં હતાં કે જેમના હૃદયને આ નવીન સંદેશે સ્પર્શ કર્યો હતો અને જે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં એના આદેશો અનુસાર આચરણ કરવા ઇચ્છતા હતા. કાર્ડિનલ ઉગોલિનોની સલાહથી ફ્રાન્સિસે એવા સંસારીઓનું પણ સંગઠન કર્યું. એમને માટે નિયમો

ઘડવામાં આવ્યા. સાદાં વસ્ત્રો ધારણ કરવાં, અવાર-નવાર વ્રત ઉપવાસ કરવાં, સંયમથી રહેવું, વાસનાઓને ઉત્તેજિત કરે એવા ખેલ, તમાશા અને ઉત્સવોનો પરિત્યાગ કરવો, પુરોહિતો સન્મુખ પોતાના તમામ પાપોનો એકરાર કરવો, પડોસીઓની યથાસંભવ સેવા કરવી, નમ્રતા અને પવિત્રતાથી રહેવું, સાદી રીતે અને કરકસરથી રહીને ગરીબોને દાન કરવું ઇત્યાદિ આ ' સંસારી–વૈરાગી 'નાં કર્તવ્યો હતાં. આ ઉપાસક મંડળને ' પશ્ચાતાપ કરવાવાળા 'નો સંઘ કહેવામાં આવ્યો. એ ફ્રાન્સિસી આદર્શના ઉપાસક હતા છતાં એમણે ભિક્ષુજીવનનો અંગીકાર નહોતો કર્યો. વીતરાગ ભિક્ષુગણ ઈશ્વરનું વીર સૈન્ય હતું તો ઉપાસકગણ એની શાંત પ્રજા ! સાધારણ મનુષ્યોનાં સામાજિક કર્તવ્યો અને બંધનોને લક્ષમાં લઇને ફ્રાન્સિસે ગૃહસ્થાશ્રમને સદાચારનું કેન્દ્ર બનાવ્યું. ઉપાસકોની સંખ્યા પણ ઝડપથી વધવા લાગી. એ ઉપરથી એ અનુમાન કરી શકાય કે એક ત્યાગી યોગીના ઉપદેશોનો સમાજના જીવન પર કેટલો પ્રભાવ પડે છે. પ્રસિદ્ધ ફરાસીસી રાજા સંત લૂઇ તથા ઇટલીનો વિશ્વવિખ્યાત કવિ દાંતે ફ્રાન્સિસી ઉપાસક મંડળના સભ્યો હતા.

દુ:ખના દિવસો

મુસલમાનોની વચ્ચે જઇને ફ્રાન્સિસે આશા રાખેલી કે કાં તો એને સફળતા મળશે કે કાં તો એ શહીદ બનશે. એની એ ઇચ્છા તો પૂર્ણ ન થઇ. ઊલટું એ સીરીઆથી આવ્યો ત્યારે રોગગ્રસ્ત થઇને આવ્યો. ઇટલી આવીને જોયું કે એના સંપ્રદાયના જ લોકો એના આદર્શોનો વિરોધ કરી રહ્યા હતા. આ વિશ્વાસઘાત અને શારીરિક વ્યાધિઓએ એને ક્ષીણ કરી દીધો. જે આત્મિક આનંદ અને સ્વાતંત્ર્યથી એણે પોતાનું ' મિશન '–જીવનકાર્ય – શરૂ કર્યું હતું એ સર્વ અલોપ થયું દુ:ખ અને નિરાશા સાથે એ દૂર એકાન્ત આશ્રમોમાં – અજ્ઞાતવાસમાં–રહેવા લાગ્યો. દેવી ક્લેયર તથા ભિક્ષુણી સંઘને પણ મળવું એણે ત્યજી દીધું.

એ વિરોધ ઉપર પોતાની સહૃદયતા વડે વિજય મેળવવા ઇચ્છતો હતો. શાંતિ અને જ્યોતની શોધમાં એ ગાઢ વનોથી ઘેરાયલા, આત્માને આનંદ અને બળ આપનારી પ્રાકૃતિક શોભાથી પરિપૂર્ણ રેનેટિઓ પર્વતના શિખર પર એક નિર્જન ગુફામાં રહેવા લાગ્યો. અહીં એ કઠોર ઉપવાસવ્રત, નિરંતર ઇશ્વરાધના અને ચિંતન વડે કર્તવ્યપથ શોધતો. અંતે એણે નવા નિયમો ઘડ્યા. ઇ. સ. ૧૨૨૩ માં પોપ હોનોરિયસે એને પોતાની સંમતિની મહોર દીધી; અને ભિક્ષુ–સંપ્રદાયે પણ એનો અંગીકાર કર્યો.

વ્રણનું ચિન્હ

સંત ફ્રાન્સિસનું જીવન અલૌકિક અનુભવો અને ચમત્કારિક ઘટનાઓથી ભર્યું છે. એના ચરિત્રકારો કહે છે કે કેટલા યે લોકોને એણે સ્પર્શમાત્રથી કે આશીર્વાદ દ્વારા રોગમુક્ત કરી દીધા. કેટલી યે વાર એણે લોકોના અંતરના વિચારો પિછાની લીધા. પશુપક્ષીઓ પણ એના પ્રભાવને અધીન હતાં. એને આકાશવાણી સંભળાતી અને દિવ્ય શક્તિઓનો સાક્ષાત્કાર થતો. આ વાતોનો ઉલ્લેખ કરનાર ચરિત્રકારો એના સમકાલીન હતા એટલે આપણે આધુનિક બુદ્ધિવાદના જમાનામાં પણ એનો સાવ અવિશ્વાસ કરવાની હિંમત ન કરીએ. છતાં પણ બુદ્ધિવાદી અને જડવાદી જગત એ તરફ સંશયની નજરે જરૂર જોશે અને એનાં પ્રમાણ માગશે. એમાંની કેટલીક વાતોનું સમાધાન અને સ્પષ્ટીકરણ મનોવિજ્ઞાનના પંડિતો કરી શકે. મહાત્માઓ અને સિદ્ધોના જીવનમાં અનેક ચમત્કારિક ઘટનાઓ જોવામાં આવે છે. સંત ફ્રાન્સિસ ઐતિહાસિક મહાત્મા હતો. આપણે વિશ્વાસ કરીએ કે ન કરીએ પણ ચમત્કારિક ઘટનાઓ – એની લખાયલી જીવનકથાઓને આધારે– એના જીવનનું એક અંગ બની રહી છે. એટલે આપણું કર્તવ્ય તો એટલું જ કે બને તો આપણે એ સમજવાનો પ્રયત્ન કરીએ, નહિતર એના ઉપર વિવેચન કરવું છોડી દઇએ. સંભવ છે કે ભવિષ્યમાં માનવજ્ઞાનના વિકાસ સાથે–એ ઉન્નતિ પામતાં પામતાં–કોઇ કાળે એના ઉપર એ પૂર્ણ પ્રકાશ નાખી શકે.

ફ્રાન્સિસના જીવનની સર્વથી અદ્દભૂત અને મહત્ત્વપૂર્ણ ઘટના વ્રણના ચિન્હવાળી ઘટના છે. જેને (stigmata) સ્ટીગમાટા કહેવામાં આવે છે. ગગનચુંબી શિખરોથી ઘેરાયલા અલવનોની ટોચ પર એકાંત કુટિરમાં કેવળ એક સાથીની સાથે ફ્રાન્સિસ કઠોર તપ, આત્મચિંતન . ઇશ્વરભજનમાં સમય ગાળી રહ્યો હતો.

એક દિવસ એ ઘૂંટણીએ પડીને ઇશ્વરપ્રાર્થના કરવામાં લીન હતો ત્યાં એણે શું જોયું ? કોઇ એક વિચિત્ર જીવ આકાશ તરફથી એના તરફ ઊડીને આવતો હતો. પાસે આવતાં એણે જોયું કે એ મનુષ્યની આકૃતિવાળો ફિરસ્તો હતો. એનું શરીર 'ક્રૉસ' પર બાંધેલું હતું. હાથ આગળ નીકળ્યા હતા જ્યારે પગ એક પર બીજો રાખેલો હતો. એના મુખ પર અલૌકિક સૌંદર્ય હતું; કિન્તુ દુઃખની છાપ અંકિત હતી. એને દેખતાં જ ફ્રાન્સિસનું હૃદય દુઃખથી વિદીર્ણ થઇ ગયું. ફિરસ્તાએ એને અનેક ગૂઢ તત્ત્વો સમજાવ્યાં અને પછી અંતર્ધાન થઇ ગયો. પ્રથમ તો ફ્રાન્સિસને ભય લાગ્યો પણ શીઘ્ર એ આનંદ અને આશ્ચર્યમાં ફેરવાઇ ગયો. એ મંત્રમુગ્ધ અવાક્ થઇ રહ્યો. પોતાના શરીર પર દૃષ્ટિપાત કરતાં એણે જોયું કે પોતાના બંને હાથ અને પગ પર ઘાનાં ચિન્હ હતાં, જ્યારે છાતી પર ભાલાની ચોટનું નિશાન હતું. એવાં ચિન્હો ક્રૉસ પર ચડેલા શહીદ ઇસુના શરીર પર હતાં.

ફ્રાન્સિસના જીવનનું આરાધ્ય ધ્યેય એ હતું કે સંસારની પાપ-મુક્તિના પ્રયાસમાં પ્રભુ ઇસુના પથનું અનુસરણ કરતાં કરતાં પ્રાણની આહુતિ દઈ દેવી. એના અવિશ્રાન્ત જીવનમાંથી સદૈવ એ જ ધ્વનિ નીકળતો રહ્યો કે 'મેં એટલો ત્યાગ નથી કર્યો, મેં એટલી સેવા નથી કરી, મેં એટલાં કષ્ટો નથી સહન કર્યાં, કે જેથી હું ઇસુનો સાચો ભક્ત થઇ શકું.' એ આશા એને મુસલમાનોની વચ્ચે લઇ ગઇ હતી, પણ એ કંટાળા તાજનો ઉપભોક્તા ન બની શકયો. એનો આત્મા અંતિમ અને પરિપૂર્ણ ઉત્સર્ગને માટે વ્યગ્ર રહેતો. એ જ 'સ્ટીગમાટા'ની રહસ્યમય ઘટનાનું મહત્ત્વ છે. ફિરસ્તો એ ક્રૉસ પર લટકેલા ઇસુનો આભાસ હતો. એના દ્વારા ફ્રાન્સિસના શરીરમાં અંકિત થએલા ઘાનાં ચિન્હો એ દેખાડે છે કે 'પરમાત્માએ તારા સંપૂર્ણ આત્મસમર્પણનો સ્વીકાર કર્યો છે, તને ક્રૉસના ભારવહનનો અધિકારી માન્યો છે; એટલે કે તને પોતાના શરણમાં લીધો છે.' સંત બોનેવેન્ચુરાએ આ ઘાનો ઉલ્લેખ કર્યો છે. એ ફ્રાન્સિસના પૂર્ણ આત્મિક વિજયનું બાહ્ય ચિન્હ હતું.

અંત

ઘાના ચિન્હવાળી ઘટના બાદ-કંઇક અંશે એના પરિણામે ફ્રાન્સિસનું શરીર વ્યાધિગ્રસ્ત રહેવા લાગ્યું. હાથ, પગ, અને બગલના ઘાને લીધે એને ચાલવા ફરવાના કામમાં બહુ પીડા થવા લાગી. એ પછી તો એને નેત્રરોગ પણ થયો. જેથી એની દૃષ્ટિ ક્ષીણ થવા લાગી. છતાં એનો આત્મા તો વિજયોલ્લાસ વડે પ્રફુલ્લિત જ રહેતો. શારીરિક વ્યાધિઓને કારણે એ ગધેડા પર સવારી કરીને પ્રચારને માટે ઘૂમતો. જ્યારે એનો નેત્રરોગ વધી ગયો અને શરીર લાચાર બની ગયું ત્યારે કાર્ડિનલ ઉગોલિનીએ ઉપચાર માટે એને સિયના બોલાવ્યો. પણ રસ્તામાં એની હાલત એટલી બગડી ગઇ કે કેટલોક સમય એને કલેયરના આશ્રમમાં રોકાઇ જવું પડયું. અહીં, અસહ્ય શારીરિક પીડામાં ફ્રાન્સિસે પોતાનું મહાન કાવ્ય રચ્યું કે જે 'સૂર્યગાન' (Conticle of the Sun) ના નામે ઓળખાય છે. એ મનુષ્ય માત્રના માતૃત્વ તથા ઇશ્વરના પિતૃત્વનું ગીત છે. એ ગીત વડે ઇટલીની રાષ્ટ્રીય ભાષાના કાવ્યશાસ્ત્રનો પ્રારંભ થાય છે. એ પછી પણ ફ્રાન્સિસે અનેક કાવ્યો રચ્યાં છે. ભિક્ષુગણ એ ગાતાંગાતાં ધર્મ-પ્રચાર કરતાં.

આંખોના દર્દને દૂર કરવાને માટે ચિકિત્સકોએ ગાલના ઉપરના ભાગને લોખંડના ગરમ સળીઆ વડે ડામવાની સલાહ આપી. એ કષ્ટપ્રદ ઉપચારનો સ્વીકાર કરતાં ફ્રાન્સિસે કહ્યું હતું કે 'હે, ભાઇ અગ્નિ, તું મારી સાથે ઠીક વર્તાવ કરજે.' એનાથી કંઇ ફાયદો ન થયો. એ પછી એના બંને કાન ડામવામાં આવ્યા. પણ રોગ તો વધતોજ ગયો અને દૃષ્ટિ ક્ષીણ થતાં થતાં નષ્ટ થઈ ગઇ. શારીરિક શક્તિ પણ ગઇ. માત્ર આત્માનો ઉલ્લાસ એને એ રહ્યો અને ગીતરચના ન રોકાઇ ! જ્યારે રોગે ઉગ્રરૂપ ધારણ કર્યું અને મોંએ રક્તસ્રાવ શરૂ થયો ત્યારે ભિક્ષુગણ સમજી ગયા કે ફ્રાન્સિસનું મહાપ્રસ્થાન સમીપ આવી રહ્યું હતું. એ એને અસીસી લઈ ગયા. અસીસીએ પોતાના 'મહાન વિજયી પુત્ર-મહાત્મા'નું સ્વાગત કર્યું. બાદ ભિક્ષુગણ એને પોરજિયુન્ કુલાના આશ્રમમાં લઈ ગયા. મૃત્યુશય્યા પર પડયાં પડયાં ફ્રાન્સિસે ભિક્ષુ અને ભિક્ષુણિઓને અંતિમ સંદેશ સંભળાવ્યોઃ 'મારા મૃત્યુને માટે કદી શોક ન કરશો,

સદૈવ પુણ્યાચરણ કરજો અને પૂર્ણ દારિદ્રના વ્રતનું પાલન કરતા રહેજો.' પછી પોતાને ખુલ્લા મેદાનમાં જમીન પર સુવાડવાની ભિક્ષુઓને આજ્ઞા આપી. કેવળ એક કામળાના પહેરણભર ફ્રાન્સિસને ભિક્ષુઓએ બહાર કંતાન પર સુવાડયો. મૃત્યુ નિકટમાંજ હતું. ફ્રાન્સિસે મૃત્યુને કહ્યું: 'બહેન મૃત્યુ, હું તારૂં સ્વાગત કરૂં છું.' પાસે ઊભેલા વૈદને સંબોધી એ કહેવા લાગ્યો કે 'હું તો મૃત્યુને જીવનનું દ્વાર માનું છું.' એ પ્રમાણે ઈ. સ. ૧૨૨૬ ના ઑક્ટૉબરની ચોથી તારીખે કેવળ ચુમાલીસ વર્ષની વયે ફ્રાન્સિસે સ્વર્ગારોહણ કર્યું.

ઇસાઇ સંતોમાં ફ્રાન્સિસનું સ્થાન સર્વથી અધિક સૌમ્ય સંત તરીકેનું છે. એને 'ઇસુના દર્પણ' તરીકે ઓળખવામાં આવે છે. એના જીવનના અનેક અંશોમાં પ્રભુ ઇસુનું જીવન પ્રતિબિંબિત થયેલું દેખાય છે. એ યુરોપનો સર્વથી પહેલો અને સાચો સામ્યવાદી! એ સર્વથી મહાન તત્ત્વ સમજ્યો હતો કે સાચી સેવાને માટે સાચો અને પૂર્ણ ત્યાગ આવશ્યક છે. એ અહિંસાવાદી હતો કારણકે એ માનતો હતો કે વિરોધથી નહિ પરંતુ આત્મિક પ્રભાવ, પરોપકાર અને ઉદાહરણથી ઉત્પન્ન કરાયલી ક્રાન્તિથી જ વાસ્તવિક વિજય પ્રાપ્ત થાય છે. એ સાચો વિશ્વપ્રેમી હતો; કારણ કે સચરાચર જગતને એણે ઇશ્વરમય માન્યું! એ સાચો કવિ હતો કારણ કે એનાં કાવ્યો આત્માનું સંગીત હતું. એ એક સિદ્ધ હતો. ત્યાગ, કષ્ટસહન, સ્વેચ્છા દારિદ્ર, પરોપકાર આદિ મહાન આદર્શોની જેવી કર્મમય ઉપાસના એણે કરી તેવી મહાત્મા ઇસુ પછી ઇસાઇ સંસારમાં કોઇએ કરી જાણી નથી.

એનું કાર્ય અમર છે. જે ધાર્મિક ક્રાન્તિને એણે જન્મ આપ્યો એણે એના મૃત્યુ પછી પોતાનું કામ જારી રાખ્યું. જે સંઘનો એ જનક હતો એ સંઘ આજે જગતના અનેક દેશોમાં વિદ્યમાન છે.

સંત ફ્રાન્સિસે જનતાના સાચા સેવકો માટે યોગ્ય માર્ગદર્શન કરાવ્યું છે. ૮૦૦ વર્ષ પછી હિંદમાં બીજો એક સંત પણ એ જ પોકારી રહ્યો છે કે સાચી સેવા કરવી હોય તેણે સર્વનો ત્યાગ કરીને—ભેખ ધરીને—સેવા કરવા બહાર પડવું! ઇસુ, સંત ફ્રાન્સિસ કે મહાત્મા જેનો કહો તેનો. પ્રજાસેવાનો રાહ તો એક જ છે અને રહેવાનો. માત્ર પ્રશ્ન એક જ રહે છે કે પ્રજા એમને પૂજે જ છે કે એમનું અનુકરણ કરવા તૈયાર છે! જેટલી અનુકરણની—પૂજાની નહિ—એની તૈયારી એટલી એમના ઉપદેશની સાર્થકતા! જગતના એ ભેખધારીઓ ક્યારે યે આપણા વંદનના અધિકારી તો છે જ! સંત ફ્રાન્સિસને પણ એ વંદન હો!*

રંગીલદાસ કાપડીઆ

* સંત ફ્રાન્સિસના જીવન પર બહુ પ્રચલિત ગ્રંથ તો મહાન આંગ્લ લેખક જી. કે. ચેસ્ટરટનનું 'સંત ફ્રાન્સિસનું જીવન' છે. પણ વિશેષ તુલનાત્મક ને આધારભૂત એક ગ્રંથ હમણાં પ્રગટ થયો છે, એ 'સાલ્વા લોરેલી' નામના ગ્રંથકારનું ફ્રાન્સિસનું જીવન છે. આ સંતના જીવનનો ઊંડો અભ્યાસ કરવા ઇચ્છતા જિજ્ઞાસુઓને એ વાંચવા લલામણ છે.

ગામડિયાને ગણે છે કોણ?

(૩૩૧ મા પાનનું અનુસંધાન)

નીકળે છે ને હડદોલા અમારે ખાવા પડે છે. અમારે શું જોઇએ છીએ ઇ કોઇ પૂછતું જ નથી. ખુરશીટેબલ પર બેઠાં બેઠાં બધું ધરાય છે. એટલેજ શા'બ, મેં પરથમથી કીધું ને, કે અમારે ને તમારે ઓતર દખણ જેટલું છેટું છે.' પહેલા પટેલે સંભળાવી દીધું.

'પટેલ, તું સાવ અજડ છો. આમ કહીને તું શું કહેવા માગે છે?' જોઇતારામે તુંકારો શરૂ કર્યો.


'શા'બ કહેવા શું માગું? અમે ગામડિયા! ગમાર જેવા! અમે ગાંડા! અમારી ગણતરી કોડીની! એક ગમાર, ગાંડો કે ગામડાનું ભોથું આપ જેવાને શું કહી શકે?' પટેલે ઉભરો કાઢી નાખ્યો. લોકોએ એ પટેલનું વેણ ઉપાડી લીધું. પછી તો જોઇતારામે ઘણાં યે ચોથરાં ફાડયાં. પણ લોકોએ પટેલની જ વાત ખરી માની. જતાંજતાં શા'બ એટલું જ બોલ્યા: 'ખરેખર, ગામડીઆ! ગમાર જેવા! લીધેલું નાકું છોડે જ નહિ!'

'એ તો દાબ્યે જ પાંસરા રહે.' એમ શા'બ બોલ્યા કે નહિ એ ખબર નથી. પણ વાટ બધી આનો ગણગણાટ ચાલુ રહ્યો!'

'મશાલચી'

નવાં પુસ્તકો

કિલકિલાટ-સંપાદક: મગનલાલ વ્યાસ; ન્યૂ ઇરા સ્કૂલ, ગોવાળિયા ટૅંક; મુંબાઇ ૭. **બાલ કુમાર**-લે. સ્વ. ભોગીન્દ્રરાવ દીવેટિયા; પ્રકાશક: દીવેટિયા ઍન્ડ સન્સ, અમદાવાદ ૦-૪-૦. **સત્પુરુષ ચરિત્ર પ્રકાશ**-(પ્રથમ ભાગ) પ્રકાશક: મહન્ત મહારાજ શ્રી જીવરામદાસજી-દુધરેજ. કિં. ૫-૦-૦. **મહાત્મા ગાંધીજીના સહવાસમાં**-પુસ્તક પહેલું, લેખક: ઇન્દુલાલ યાજ્ઞિક બી. એ; એલએલ. બી, પ્રકાશક: હિંદુસ્તાન ન્યુસ-પેપર્સ લિ. મુંબાઇ; કિં. ૧-૮-૦. **આભડછેટનું તૂત**-પ્રસિદ્ધ કરનાર: સમસ્ત ગુજરાત અસ્પૃશ્યતા નિવારણ સંઘ-અમદાવાદ; કિં. એક પૈસો. **સત્યને પંથે**-(નવયૌવન માસિક ગ્રંથમાળા) **ઓજ અને અગર**-લે. ન્હાનાલાલ દલપતરામ કવિ, પ્રકાશક: આનન્દ ન્હાનાલાલ કવિ, ભદ્ર-અમદાવાદ; કિં. ૧-૪-૦. **જોયું ને આંખ ઠરી**-લે. ગિજુભાઈ, દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર; કિં. ૦-૧-૬. **સટરપટર વાતો**- લેખક અને પ્રકાશક ઉપર પ્રમાણે; કિં. ૦-૧-૬. **તારા બેનના પાઠો**-લે. તારાબેન, દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર; કિં. ૦-૧-૬. **બાજીએ કહેલી વાતો**-લે. મોંઘીબેન, દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર; કિં. ૦-૧-૬. **ગીતાદોહન** લે. રામદાસ; કિં. ૦-૬ ૦. **પગાર, મજૂરી** અને **મૂડી**-કાર્લમાર્ક્સ, પ્રકાશક: ગૌરીશંકર મહેતા, ન્યુ એરા લીટરેચર પબ્લિશીંગ સોસાયટી, ગાંધીરોડ-અમદાવાદ; કિં. ૦-૪-૦. **વિદ્યાર્થીને માર્ગદર્શન**-સંપાદક અને પ્રકાશક: છોટાભાઇ શંકરભાઇ પટેલ, સોનગઢ (કાઠિયાવાડ); કિં. ૦-૪-૦. **કલ્પના-ચિત્રો**-લે. જયકૃષ્ણ ચીમનલાલ સુરતી 'મસ્તમયૂર', પ્રકાશક: બિહારીલાલ ઇચ્છા-લાલ મામલતદાર, નગરશેઠની ખડકી-ભરૂચ; કિં. ૧ રૂપિયો. **ભમતાં પંખી**-લે. સનત્કુમાર વીણ બી.એ., પ્રકાશક. બે ઘડી મોજ • કોટ • મુંબાઇ; કિ. રૂા. સાડા ત્રણ. **શૂરવીરની વાતો**-લે. મગનલાલ બાપુજી બ્રહ્મભટ્ટ-દહેગામ; કિં. દોઢ રૂપિયો. **ઈતિહાસનાં ઓજસમાં**-પ્રયોજક: મહાશંકર ઈન્દ્રજી દવે, પ્રકાશક: નવયુગ પુસ્તક ભંડાર • રાજકોટ; કિં. છુટક ૦-૧૦-૦; પાકું પૂઠું ૦-૧૪-૦. **વ્યાયામમંદિર**-લે. રાજરત્ન પ્રો. માણિકરાવ, પ્રકાશક: શ્રી કાઠિયાવાડ વ્યાયામ પ્ર. મંડળ-ભાવનગર; કિં. ૦-૭-૦. **શુદ્ધ પુષ્ટિભક્ત**-લે. શ્રીમદ્ ગો. શ્રી વ્રજનાથલાલજી વિ. મહારાજ-મુંબઈ; પ્રકાશક: શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ-મુંબઇ; કિં. સવા આનો. **બાળવિનોદ**-બા. ૧લો. લે. ગગનલાલ ત્રિ. વ્યાસ, પ્રિન્સિપાલ, ન્યૂ ઇરા સ્કૂલ-મુંબઇ; કિ. ૦-૨-૬. **પ્રાથમિક શાળામાં ચિઠ્ઠીવાચન**-લે. ગિજુભાઇ પ્રકાશક: **શ્રી** દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર-ભાવનગર; કિં. ૦-૫-૦. **વિજ્ઞાનપ્રવેશિકા**-કર્તા: ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર, બી.એ., બી.એસ.સી.; પ્રકાશક: બાલગોવિંદ કુબેરદાસ બુકસેલર; કિં. ૦-૧૦-૦. **બાલવાડી**-આવૃત્તિ ૨. અનુવાદક: સ્વ. ભોગીન્દ્રરાવ દિવેટિયા બી.એ. પ્રકાશક: પ્રદ્યોત-કુમાર ભો. દિવેટિયા-પાનકોરનાકા, અમદાવાદ; કિં. ૦-૮-૦. **વતનનો સાદ**-સંપાદક: કકલભાઇ કોઠારી, પ્રકાશક: સૌરાષ્ટ્ર કાર્યાલય-રાણપુર; કિં. આઠ આના. **ઇન્સાનની આહ**-લે. ગુણવંતરાય આચાર્ય, પ્રકાશક: કકલભાઇ કોઠારી, સૌરાષ્ટ્ર કાર્યાલય, રાણપુર; કિં. આઠ આના. **ઢેઢનું કોઇ ધણી નથી**-લે. મશાલચી, પ્રકાશક: બળવંતરાય ગો. મહેતા-ભાવનગર; કિં. ત્રણ આના. **ભૂલાયેલાં ભાંડુ**-લેખક અને પ્રકાશક: ઉપર પ્રમાણે; કિં. ત્રણ આના. **નારીહૃદય**-લેખક (કલાપી) પ્રકાશક: મેસર્સ દીવેટીઆ ઍન્ડ સન્સ; કિં. સવા રૂપિયો. **ઈન્કમટેક્ષ**-લેખક અને પ્રકાશક: ર. મ. શાહ. બી.એ, એલ એલ બી., વકીલ-નડિયાદ; કિં. એક રૂપિયો. **પંચામૃત**-લે. ગિજુભાઇ, દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર-ભાવનગર; કિં. છ આના, પોસ્ટેજ બે આના. **ત્રેવીસમું પુષ્પ**-લેખક અને પ્રકાશક ઉપર પ્રમાણે; કિં. દોઢ આનો. **ચતુર કરોળિયો**-લે. ચંદ્રશંકર મ. ભટ્ટ, પ્રકાશક: ઉપર પ્રમાણે, કિં. ત્રણ આના, પોસ્ટેજ એક આનો. **યુરોપનો પ્રવાસ**-લે. નાનજી કાલિદાસ મહેતા, લુગાઝી-યુગાન્ડા, પ્રકાશક: રામુ પરમાનંદ ઠક્કર-રાણપુર; કિં. બે રૂપિયા (હિંદમાં); ૪ શિ (આફ્રિકા). **મૂંઝવતું બાળક**-લે. હરભાઇ, પ્રકાશક દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર-ભાવનગર; કિં. એક રૂપિયો. **પતંગિયાં**-સં. જમુ દાણી, સોલ એજન્ટ: આર.આર. શેઠની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઇ ૨; કિં. પાંચ આના. **આપણી શિક્ષણપદ્ધતિઓની ઐતિહાસિક સમીક્ષા**-લે. અને પ્રકાશક: નટવરલાલ શંકરલાલ પરીખ, માણેકચોક-અમદાવાદ; કિં. સાત આના **મધપૂડો**-લે. રાષ્ટ્રીય વિદ્યામંદિર સત્યાગ્રહાશ્રમ, નવજીવન પ્રકાશન મંદિર-અમદાવાદ; કિં દસ આના. **ગોરક્ષા કલ્પતરુ**-લે. દેસાઇ વાલજી ગોવિંદજી, પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઇ દેસાઇ, નવજીવન પ્રકાશન મંદિર-અમદાવાદ; કિં. સાડા ચાર આના; **ખુલ્લીલા**-લે. અધ્યાપક ધર્માનંદ કોસમ્બી, પ્રકાશક ઉપર પ્રમાણે; કિં. આઠ આના. **હિંદુ ધર્મની આખ્યાયિકાઓ**-ખંડ બીજો, લે નાના-ભાઇ, પ્રકાશક: શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર; કિં. ૦-૮-૦. **શ્રી દક્ષિણામૂર્તિ શ્રાવણ ૧૯૮૯**-લે. તંત્રી નૃસિંહ-પ્રસાદ કાલિદાસ ભટ્ટ, પ્રકાશક ઉપર પ્રમાણે; કિં. ૦-૮-૦.



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતના ફોટોસમૂહમાં કરાંચીથી ભાઈ દેવજી માવજી ટોપરાણીનું 'સાગરસૌંદર્ય' દરેક રીતે આગળ તરી આવે છે. આવાં ચિત્રોને સંપૂર્ણ કરવાને થોડી હાથની ક્રિયા કરવી જોઇએ. પ્રસ્તુત ચિત્રમાં જ સમુદ્રકાંઠા પર ચાલતાં બે પાત્રોને વધુ ઘેરાં દાખવવા કાળીભમ્મર શાહીથી ઘૂંટી કાઢવાં જોઇએ, અગર રસાયણથી સમુદ્રકાંઠો જરા આછો ઉતારવો જોઇએ. બીજું ઈનામ લેનાર દેવરામ રાજા (મૉમ્બાસા)એ 'જિસ્યસ કિલ્લાની કમાન' અવનવું કુતૂહલ જગાડે છે. માત્ર આગળ દેખાતી સાઇકલ સ્થળની કલ્પનામયતામાં ભંગ પાડે છે. ત્રીજું ઉત્તેજના પારિતોષિક ભાઇ રમેશ મોહનલાલ શાહ (અમદાવાદ)ને 'નવરાશે' પાવા વગાડતા શીખના ચિત્ર માટે આપીશું. પાત્રને યોગ્ય પાછળનું દૃશ્ય નથી. એકાદ ઝાડનું થડ અથવા ખંડેરનું ભીંતડું તેને બંધબેસતું જણાત. ચોથું ચિત્ર 'સોનેરી પ્રભાત' નૃસિંહ પરમાર (બનારસ)નું છે, પણ તેમાં નામનો મહિમા પ્રકટ્યો નથી. છતાં સાદી ચિત્રવ્યંજના તેમાં છે તેથી નમૂના ખાતર લીધું છે.

પછીનાં ચિત્રોમાં વસોવાળા ચતુરભાઇ ભાવસારનું 'પુરના સહેલાણી' ધ્યાન ખેંચે છે, પણ તેમાં રૂચિકર યોજના નથી. ભાઇ પૂનમચંદ રામજી (ભાવનગર)નો ફોટોગ્રાફ સારો છે, પણ ચિત્રવિસ્તાર ભરતાં આવડતો નથી. આઠ ભાગનો વિસ્તાર ચિત્રમાંથી કમી કરીએ તો જ મુખ્ય પાત્રનું વ્યક્તિત્વ સચવાય છે. તેનું નામ 'ઊંઘતો મોટર ડ્રાઇવર' પણ ઠીક નથી. મોટર બધી ટાળી માત્ર ચક્કર પર હાથ રાખી બેઠેલી અર્ધું છબીનો ઉઠાવ જોવા જેવો લાગશે. 'બ્રહ્મદેશની બજાર' આખી પાડનાર ભાઇ રવીન્દ્ર દેસાઇકાન્ત (રંગૂન) એ એક જ ચિત્રમાં અનેક ચિત્રો લીધાં છે. પાત્રો જુદાં પાડશો એટલે સમજાશે. આખી બજારનું દૃશ્ય જેટલું નીરસ બને છે એટલું જ આકર્ષણ એમાંના એકેએક પાત્રના કુદરતી અભિનયમાં છે. કલકત્તાથી ભાઈ કલ્યાણજી પરમારે શ્રી સેનગુપ્તાની અવસાનયાત્રા પ્રથમ પાડી મોકલી છે તેમાં પ્રાસંગિકતાના તત્ત્વ સિવાય કોઇપણ પ્રકારનું ચિત્રરહસ્ય નથી.

તમારી ફિલ્મો ડેવેલપ કરવાનું તથા તેનાં પ્રિન્ટિંગ કે એન્લાર્જનું કામ કુમાર કાર્યાલય મામૂલી કિંમતે કરી આપશે.

ફોટોગ્રાફી હરીફાઇને અંગેના પત્રવ્યવહાર માટે પોતાના નામઠામવાળું ટિકિટ ચોડેલું કવર સાથે અવશ્ય મોકલવું જોઇએ.



ભીવો

ભીવો અમારો મોચી હતો. પંચગનીમાં તે અમને જડેલો. વળામાં ગાંડો અમારો માનીતો મોચી હતો. ભાવનગરમાં અમારો પ્રિય મોચી વશરામ હતો. નાઇરોબીમાં શવો અમારો મનગમતો મોચી હતો. અને પંચગનીમાં અમારો દોસ્ત થયો ભીવો મોચી.

આટલા બધા મોચી જોયા એમાં ભીવો સૌથી ભલો અને સારો. ગાંડો એવા જોડા શીવે કે કાં તો ટૂંકા પડે. મને કે વળા ગામના કોઇને પણ ગાંડા મોચીના જોડાથી સંતોષ જ ન થાય. નાનાં છોકરાંના જોડા તો કઠે એવા જ કરે. જોડા પહેરવાના શોખમાં ગાંડા મોચીના જોડાએ મને કેટલા યે ડંખ પાડેલા અને મારી આંખમાંથી કેટલાં યે આંસુ ખેરવેલાં.

ભાવનગરનો વશરામ મોચી દેખાવે સારો; એના જોડા પણ રૂપાળા; પણ સાડા ત્રણ દિવસ પહેરો એટલે એક ફૂટી બદામના બની જાય. ચામડું કોણ જાણે કેવું યે વાપરે. જરાક જોરથી પહેરવા ગયા કે ચરડ કરતોક ને જોડો ચરડાય અને એમાં તડ પડે. જરાક કાંકરા કે પથરામાં ચાલ્યા કે જોડાને ખાડા પડે અને ઘા લાગે.

નાઇરોબીનો મોચી તો વિલાયતી જોડા રાખતો. ચમ ચમ થાય એવા વિલાયતના જોડા અમને હસીહસીને એ પહેરાવતો અને અમે પણ રાજીરાજી થઇને અમારા પૈસા તેને આપી દેતા. એ જોડા ભલે રૂપાળા લાગતા, પાંચ દિ ટકતા પણ ખરા, પણ અમારા બધા પૈસા દરિયાને પેલે પાર જતા અને ફરીવાર પાછા કદી પણ અહીં ન આવતા. શવો મોચી બે પૈસા કમાતો ખરો, પણ ભાઇઓના પૈસા પરદેશ મોકલીને.

પણ ભીવો મોચી જુદી જ જાતનો હતો. તે બિચારો પંચગનીના એક રસ્તા ઉપર રહેતો હતો. અમારા માટે તેણે બૂટ અને સ્લિપર બનાવ્યાં હતાં. એવાં તો સરસ કે મુંબઇની બજારમાં પણ મોળા ન દેખાય; એવા તો મજબૂત કે ગામડાનો મોચી પણ હા ભણે; અને એવા તો સસ્તા કે ભાવનગરના મોચીથી બીજું કાંઇ કહેવાય જ નહિ તો!

ભીવો એક વાર 'લેવા છે જોડા...સ્લિપર' કરતો નીકળ્યો. સુશીલા કહે, 'બા, મારે ચંપલ લેવાં છે.' અમે ભીવાને બોલાવ્યો. હસતો હસતો તે ઓશરીની કોરે આવીને બેઠો અને ખભે લટકતી ઝોળીમાંથી તેણે જોડાઓનું પ્રદર્શન ઓશરીમાં ગોઠવ્યું. ટીકુ કહે, 'મને આ ગમશે.' બચુ કહે, 'આપણને આ ઘાટ પસંદ છે.' સુશીલા કહે, ' મારે તો આ જ નમૂનો જોઇએ. '

'જુઓ, તમારે સુંદર જોડા જોઇતા હોય તો પરમાણું નંખાવો. આ તો જરા વેચાઉ કહેવાય. બહુ ન પણ ચાલે.' પ્રામાણિક ભીવાએ ખરી વાત કહી દીધી.

મને લાગ્યું, ચાલો! માણસ સારો છે. મેં કહ્યું, ' ભીવા, ત્યારે પરમાણા ઘ્યા (લે)! ' ભીવાએ કહ્યું, ' બરા, મી ઘેતો. ' (સારૂં, હું લઉં છું.) ભીવાએ પરમાણાં લીધાં અને કહ્યું સાતમે દિવસે આપીશ.

સાત દિવસ રાહ જોતાં ગયા. આઠમો દિવસ થયો. ભીવો દેખાયો નહિ. સુશીલા, બચુ અને ટીકુ ઉતાવળાં થયાં: ' અમારે તો ભીવાના જોડા પહેરીને જ મુંબઇ જવું છે. '

હું અને દામુકાકા ભીવાની દુકાને ગયા: ' કાય ભીવા, જોડા તૈયાર કેમ નાહિ? ' અમે આવડયું એવું મરાઠી ચલાવ્યું.

ભીવો કહે, ' યા, યા; બસા શેઠ! '

ભીવો નાની એવી ઓશરીમાં બેઠો હતો. ઓશરીમાં જોડા શીવવાનો સંચો હતો. ત્યાં ચામડાં અને તૈયાર તથા અર્ધ તૈયાર જોડા પડયા હતા. નાનકડી ઓશરીમાં ચાર કે પાંચ જણ બેસી શકે તેટલી જગ્યા માંડ હતી.

અમે ઊભા જ રહ્યા. ભીવાએ કહ્યું, ' શેઠ, બે દિવસ જરા મોડું થયું; માફ કરો. આ છોકરાંની બાને તાવ આવે છે તે મારાથી જોડા ન શીવાયા.'

ઘરમાં ભીવાની વહુ તાવે હમહમતી પડી હતી.

બીજું કોઈ ન હતું. ભીવો જરાક અંદર જઈને પાછો આવ્યો ને બોલ્યો, 'બસા બસા, શેઠ; બેચાર દિવસમાં જોડા કરી આપીશ.'

મારું ધ્યાન ભીવા પર ન હતું, રાંચા પર ન હતું, જોડા કે ચામડાં પર પણ ન હતું. ભીવાની સામે ચાર છોકરાં ચા અને રાંધેલા ભાત રામપાત્રમાંથી ખાતાં હતાં. તેની સામે હું એકી નજરે જોઈ રહ્યો હતો. મારા મનમાંથી કેટલા યે વિચારો ચાલ્યા જતા હતા.

ભીવો છોકરાંને ચા પીરસતો પીરસતો બોલ્યો: 'શેઠ માફ કરો, બેચાર દિવસમાં જોડા કરી આપીશ.'

મેં પૂછ્યું, 'ભીવા, આ ભાત શેમાં ખાય છે?'

ભીવો કહે, 'ચામાં.'

હું ચકિત થઈ ગયો: 'ચામાં? ભાત ચામાં ખવાતા હશે?'

ભીવો મનનો વિચાર કળી જઈ બોલ્યો. 'શાબ, બીજા શેમાં ખાવા? ઘી, દૂધ કે દહીં અમારે નસીબે થોડાં જ છે કે છોકરાંને અમે ખવડાવીએ? તમે નસીબદારોને ભગવાને બધું આપ્યું છે, તે ભલા ભોગવો છો. અમારાં ગરીબનાં નસીબ તો ભલા એવાં જ ના?'

મારું અંતર કકળી ઊઠ્યું હતું. મેં મારી આંખ દામુકાકા ભાળે નહિ તેમ લૂછી.

અમે પાછા આવ્યા. ચાર પાંચ દહાડે ભીવો જોડા તૈયાર કરીને આવ્યો. તે હસતો હતો; પ્રસન્ન હતો. આજે તેને પૈસા મળવાના હતા.

જોડા સૌને પસંદ પડ્યા એટલા બધા સરસ હતા!

જોડા હજી ફાટ્યા નથી, એટલા બધા મજબૂત છે.

ગિજુભાઈ

નેતર

કોઈ વાર તમે નેતરની સોટી વાંસામાં ખાધી હશે. નાનીનાની, હલાવીએ ત્યારે આમતેમ વળે તેવી નેતરની સોટીઓ તમે વાપરી પણ હશે. નેતર ભરેલી ખુરશી ઉપર તો તમે બેઠા જ હશો.

તમને ખબર છે આ નેતર શું છે?

નેતરની સોટીઓ નેતરના ઝાડની ડાળો છે. નેતરની ટોપલી એ સોટીઓની ચીપોમાંથી બનાવે છે.

આ નેતરનું ઝાડ મેં તો હજી ભાળ્યું નથી, અને કદાચ તમે પણ નહિ જોયું હોય. આપણે ત્યાં નેતર મલબાર ને મહાબળેશ્વર, મૅંગ્લોર અને રામેશ્વરમાં થાય છે; પણ નેતરનાં વનનાં વન તો ચીનમાં થાય છે.

ચીનમાંથી આપણા દેશમાં ચીની વાસણ આવે છે, ચીની ફટાકડા આવે છે એ તો તમે જાણતા હશો, પણ એટલું બધું નેતર પણ ચીનમાંથી આવે છે એ હવે જાણજો.

બધા દેશો આપણા દેશમાં મોકલે અને આપણે વાપરીએ! આપણે ત્યાં ઘણું છે, પણ આપણને હજી ઉગાડતાં, વધારતાં ને વાપરતાં કયાં આવડે છે? એનું કારણ તો એમ કે આપણે આળસુ છીએ. આપણે ચીનમાંથી નેતર ન મંગાવીએ તો એક મોટો લાભ એ થાય કે માસ્તરો ને સિપાઈઓના હાથમાંથી નેતરની સોટીઓ ચાલી જાય. જે નિશાળિયા હશે તેમને તો આ વાત ખૂબ ગમશે!

નેતર વાળીએ તેમ વળે તેવું છે. ચોપડીઓમાં તેને માટે અઘરું વિશેષણ લખેલું છે. વાળીએ તેવું વળે એટલે સ્થિતિસ્થાપક.

નેતર વાંસની સોટીની પેઠે ભાંગી જતું નથી. તે ઘણું ચીકણું છે એટલે જ માસ્તરો નેતરની સોટી પસંદ કરે છે. છોકરાઓનો બરડો ભાંગે, પણ નેતરની સોટી ન તૂટે! પણ મને લાગે છે કે નિશાળના બધા છોકરા ભેગા મળીને માસ્તરના વાંસા ઉપર એને ભાંગી શકે ખરા. પણ આવું કોઈ કરશો મા, હોં ભાઈ!

કહેશો એનું ઝાડ કેટલા હાથ ઊંચું થતું હશે?

તમે નથી કહેતા ત્યારે લ્યો હું કહું. તે ત્રીસથી ચાળીસ હાથ ઊંચું થાય છે. ઊંચું થાય છે છતાં ભલા માણસ પેઠે ખૂબ નમે છે. ભલાઈથી નમવું બહુ સારું છે, પણ નેતરની સોટીથી નમવું એ કાંઈ સારું નથી!

(બાલોદ્યાન) ગિજુભાઈ

વાઘજીભાઈ

વાઘજીભાઈ કહે માણસને હું જાદુ એવો જાણું,
સો માણસને એક સામટા ચિતામાં પોઢાડું;
માણસ કહે, હું કહું ત્યાં બેસી અજમાવો એ જાદુ,
વાઘજીભાઈ પેઠા પીંજરમાં બહાર ઝૂલે છે તાળું!

રમણલાલ સોની



માધુકરી

જેમને દાબીને સોમ થા શૂર તું, ફોમ ઝાઝી તને આવશે રે;
નેળની ગાહ્લી તે નેળમાં નવ રહે, ભરતી ને ઓટ એ નીમ છે રે.
જાણ્યું કે એ પડ્યો, તે સમે ધીર ધર જેટલી તે સમે રે ધરાયે;
કામ સંકેલી લે જેટલું બની શકે માન જાતે ન ગભરાઈ જાયે. —કવિ નર્મદાશંકર

હેન્રી ડબ્લ્યુ. નેવિન્સન

નેવિન્સનને જોઇને તમે કહી શકો કે વૃદ્ધાવસ્થા સૌથી સુખી અવસ્થા છે.

‘ ૩૫ વર્ષનો થયો ત્યાં સુધી તો હું જીવતાં શીખ્યો ન હતો. ત્યાર પછીથી મારું જીવન વધુ ને વધુ રસભર્યું બનતું ગયું છે.’

નેવિન્સનનું વય હાલ ૭૫ ઉપરનું છે. એક મૌલિક સાહિત્યકૃતિ લખવી છોડીને એ લોકનૃત્ય-મંડળીના વાર્ષિક મહોત્સવની તૈયારી કરવામાં મચ્યો છે. સાથોસાથ રશિયન ક્રાન્તિ પર ટ્રોટ્સ્કીએ લખેલા બે મહાગ્રંથોની ટીકા પણ છપાવે છે. અને પખવાડિયામાં તો નેવિન્સન લોકનૃત્યમંડળીની પ્રમુખા મિસ એવેલિન શાર્પને પરણનાર પણ છે! કેટલો સુખી ને સમૃદ્ધ મનુષ્ય? પણ શું જન્મથી જ એ આટલો પ્રારબ્ધશાળી છે? ના, લગીરે નહિ.

બાળપણથી એ શરમાળ અને બીકણ હતો. ઑક્સફર્ડના અભ્યાસકાળ દરમિયાન શંકાશીલ અને ઢચુપચુ સ્વભાવનો હતો. પણ એ આજન્મનો યોદ્ધો હતો. મરવાની તો એની પાસે વાત જ નથી. એ જેવો બનવા ઇચ્છતો હતો તેવો એ થયો. ડગલે ને પગલે એ લડ્યો છે.

પ્રથમ એ પરદેશનો ખબરપત્રી બન્યો. અનેક સાહસોમાં સોંસરવો નીકળ્યો. પછી ગદ્યના પનીસ ગ્રંથ લખ્યા. પ્રકૃતિએ કલ્પનાજીવી માનવ હોવા છતાં એ કાર્યગ્રાહી થયો. તાલીમ લઇને જર્નાલિસ્ટ (પત્રકાર) થયો, અને સર્જનશીલ લેખક થયો. શરમાળ સ્વભાવનો છતાં લોકમેદની ને દુનિયાદારીની વચ્ચોવચ ચાલ્યો.

‘ તમને કદી ભય લાગ્યો છે.’ મેં પૂછ્યું.

‘ હા, ગ્રીકોના સંગાથમાં રહીને લડ્યો હતો ત્યારે. પણ એક અંગ્રેજ તરીકે ગ્રીકો સમક્ષ હું બીકણ કેમ જ બનું? લોકલાજ ઘણાકને વીર બનાવે છે. એટલે જ સેનાપતિ સૈન્ય સમક્ષ બીકણપણું બતાવતો નથી. બહાદુરોને પણ બીક તો લાગે જ છે; માત્ર બીકનાં લક્ષણ તેઓ બહાર બતાવતા નથી એટલું જ.

નેવિન્સન કદાવર ને મજબૂત બાંધાનો છે. માથે વાદળીઆ શ્વેત જાડા વાળ; ચામડીમાં લાલ સોનેરી ચમક; હાથના પંજા મોટા; આસમાની આંખ મનની મજાહમાં હસતી. ભયમાં જીવનારની જેમ પથ્થર જેટલો શાન્ત, છતાં નમ્ર ને ખુશમિજાજ અને અન્યાય કે દુ:ખ જુએજાણે ત્યારે મહા ક્રોધાયમાન.

લડત તો એની મુખમુદ્રામાં અંકિત છે. લલાટની એની વિશાળતા સ્થિર દૃષ્ટિ ને ખાનદાનીની સૂચક છે. ગળાનો અવાજ ઘર્ઘરાટવાળો નથી—રેશમ જેવો લીસો ને સરળ ઝીણો છે.

તે શાન્ત બેસી રહે છે પણ તેનાથી અજાણમાં કાંઈ હોતું નથી. ભયના વાસમાં રહેવાથી તેને મોટો લાભ થયો છે. જીવનનું સૌંદર્ય તથા મૂલ્ય આંકવાની તેની વૃત્તિ સતેજ બની છે. દરેક પુસ્તક, દરેક મનુષ્ય, અને દરેક ભોજન એને મન અદ્ભુત સાહસરૂપ છે; કેમ જે એ પ્રત્યેક વસ્તુ જીવનનું કૌતુક ઉપજાવે છે.

ફક્ત એકવાર જ એક આહ્વાન તેણે નકાર્યું છે. ઈ. સ. ૧૯૨૫ માં જ્યારે કૅપ્ટન એમંડસન ઉત્તર

ધ્રુવની યાત્રાએ ગયો ત્યારે.

નેવિન્સને કહ્યું: 'એક જ વિઘ્ન નડયું. તેઓએ મને મોટે મળસ્કે જગાડીને પૂછ્યું–ચાનાસ્તા પહેલાં. ચાનાસ્તો કરી લીધા બાદ પૂછ્યું હોત તો સારું હતું. પણ હું ભરઊંઘમાં પડયો હતો અને પલંગ આગળ ટેલિફોનની ઘંટડી થઈ. સાદ આવ્યો. કૅપ્ટન ઍમંડસન ઉત્તરધ્રુવના હવાઇ પ્રવાસે તમારો સંગાથ ઇચ્છે છે.' નવલકથામાં કોઇ નાયિકા કહે તેમ 'અરે, આટલી બધી ઓચિંતી ઉતાવળ?' 'મેં જવાબ દીધો: 'ના, મને લાગે છે કે હું ન જ જાઉં.' પાછળથી મેં જ્યારે એ સાહસવર્ણનો વાંચ્યાં ત્યારે મને ન જવા બાબત બહુ ખેદ થયો....' એ કહે છે 'માત્ર મોજ-શોખ ખાતર મને પ્રવાસ કરવો ગમતો જ નથી.'

ઇ. સ. ૧૮૯૭ માં ગ્રીક–ટર્કિશ લડાઈ વેળા સ્પાર્ટામાં તેને સખત મૅલેરિયા જ્વર લાગુ પડયો. બોઅર યુદ્ધ વખતે લેડીસ્મિથના ઘેરામાં પણ ભૂખ-તરસ, મરડો અને બીજા આંતરડાંના રોગોમાંથી એ પસાર થયો. ઇ. સ. ૧૯૦૪–૧૯૦૫ માં એ પશ્ચિમમધ્ય આફ્રિકામાં નાળિયેરના વેપારમાં જે ગુલામી ચાલતી હતી તેને બહાર પાડવા ગયો. ત્યાં ઝેર દેવાયાના જીવના જોખમે એ જીવ્યો. અને પછી ઇ. સ. ૧૯૦૫ની આખરે રશિયાના બળવામાં મૉસ્કો શહેરની શેરીઓની આગમાં એ કૂદતો હતો!

સ્ત્રી–સ્વાતંત્ર્યની લડતમાં પણ નેવિન્સન મોખરે હતો. તે વખતે તેને પથરા મારવામાં આવ્યા, કાદવ છાંટવામાં આવ્યો અને મૂર્છા પામે તેટલો માર પણ મારવામાં આવ્યો. આ લડતમાં જ એમની ભવિષ્યની નવવધૂ મિસ શાર્પની તેને ઓળખાણ થઈ.

છેલ્લા મહાભારત યુદ્ધમાં તેને ગૅલિપોલી મોકલવામાં આવ્યો હતો. તોપના ગોળાથી તેનું માથું છરાયું હતું: પણ સારા નસીબે બચ્યો. મિ. નેવિન્સને ત્રણ પુસ્તકોમાં પોતાનું આખું આત્મચરિત લખ્યું છે. ગ્રંથોનું નામ છે: 'સંયોગો અને પરિવર્તનો' (Changes and chances). એની લેખનશૈલી તાદૃશ ને સંગીન છે; જેમાં જીવનની અદ્ભુત કૌતુક પ્રિયતા ભરી છે. ઊગતી પ્રજા માટે નેવિન્સનના આત્મ-ચરિતમાં પરમ જીવનસંદેશ છે!

('એવરીમૅન'માંથી) —દેશળજી પરમાર

નોબેલ સંસ્થા

નોબેલ ઇનામ આપવાની રીત

વિશ્વશાંતિ સ્થાપવા માટે થએલા પ્રયાસો જ્યારે ઇતિહાસના પાને ચડશે ત્યારે તેમાં આલ્ફ્રેડ બર્નાર્ડ નોબેલનું નામ શાંતિ સ્થાપવા માટે પ્રયાસ કરનારાની પહેલી પંક્તિમાં મૂકાશે. આજ સુધી જે કાર્ય તદ્દન અશક્ય લાગતું હતું તેને શક્ય બનાવવાની સક્રિય યોજના ઊભી કરવા માટે આપણે સૌ તેના ઋણી છીએ. લડાઈ અટકાવવાના પ્રયાસ કરવા માટે અનેક મહાન લેખકોને મુત્સદ્દીઓનાં આપણે છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુણગાન ગાયાં છે, પરંતુ તેની સાથે આપણે એ ન ભૂલવું ઘટે કે એ સૌ મહાન પુરુષોનાં કાર્યને પ્રેરણા આપનાર નોબેલ હતો.

અલબત્ત, લડાઇઓ થતી કેમ અટકાવવી એ વિષે નોબેલે કોઈ જાતનું સ્પષ્ટ દિશાસૂચન નથી કર્યું. અને તેના વસીહતનામાની અંદર 'શાંતિ–પારિતોષિક'ને લગતા ભાગમાં તેણે ફક્ત એટલું જ જણાવ્યું છે કે 'જે વ્યક્તિએ આગલા વર્ષમાં પ્રજાઓ વચ્ચેનો ભાઇચારો વધારવા, કાયમી લશ્કરને ઘટાડવા અથવા તો તેને તદ્દન નાબૂદ કરવા, અને શાંતિ–સંસ્થાઓ સ્થાપવા માટે ઉત્તમ પ્રવાસો કર્યા હોય તેને દર વર્ષે શાંતિ–પારિતોષિક આપવું.' છતાં શાંતિ સ્થાપવાનો પ્રયાસ કરવો એ તેના જીવનના મહાન વિચારોમાંનો એક હતો. નોબેલ આંતરરાષ્ટ્રીય માણસ હતો. અને તે કોઇ પણ વિચાર આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિએ જ કરતો. રાષ્ટ્રીયતા તરફ તેને અણગમો હતો. રાષ્ટ્રીયતાના સંકુચિત દૃષ્ટિબિંદુને, તેના એકલપેટાપણા-ને તથા પરદેશી સંસ્થા કે પરદેશી પ્રજાજનના સદ્ગુણનો સ્વીકાર કરવાના અભાવ તરફ નોબેલને તિરસ્કાર હતો.

તેના જીવનનું દૃષ્ટિબિંદુ એવું હતું કે ભૂતકાળના અવશેષ રૂપ એવા પ્રજા અને જાતિઓ વચ્ચેના પૂર્વ-ગ્રહોને ભૂલી જઇને સામાન્ય જનસમાજના ભલા માટે દરેક માણસે કામ કરવું જોઇએ.

તેનાં વસીહતનામાં નોબેલ સંસ્થા વિષેની કલમમાં એવી સ્પષ્ટ ઇચ્છા તેણે જાહેર કરી છે કે પારિતોષિક આપતી વખતે ઉમેદવાર કયા દેશનો પ્રજાજન છે એ બાબતને લેશમાત્ર ધ્યાનમાં ન લેવી; મતલબ કે ઇનામ મેળવનાર સ્કેન્ડિનેવિયાનો હોય કે બીજા દેશનો હોય

પરંતુ જે સૌથી વધારે લાયક વ્યક્તિ હોય તેને જ ઈનામ આપવું.

આલ્ફ્રેડ નોબેલ એમ માનતો કે આંતરરાષ્ટ્રીય પરિષદો મારફત હમેશાં સારૂં પરિણામ જ આવવાનું. તે કહેતો કે જો પ્રજાઓ ફક્ત અવારનવાર મળે તો એકબીજીનું સ્વમાન જાળવતી થઇ જાય, અને સાધારણ કલ્પનામાં આવે છે તેના કરતાં એક બીજી પ્રજા વચ્ચે ઘણા જ ઓછા વિચારભેદ છે એમ જાણી શકે.

જગત શાંતિ–પારિતોષિક આપવાનું કામ નૉર્વેની પાર્લમેન્ટને સોંપતાં પહેલાં નોબેલને લાંબા વખત સુધી વિચાર કરવો પડ્યો. પરંતુ આખરે તેણે નક્કી કર્યું કે આ બાબતમાં નિષ્પક્ષ નિર્ણય કરવાની બાબતમાં યુરોપીય રાજકરણથી નૉર્વે તદ્દન નિર્લેપ છે; અને તેની આ પસંદગી માટે આજસુધી નૉર્વેએ પોતાની યોગ્યતા પૂરેપૂરી સિદ્ધ કરી આપી છે.

ઈનામ મેળવનારનું નામ હમેશાં ગુપ્ત રાખવામાં આવે છે, અને જરૂર ઊભી થાય તો ઇનામના ભાગ પાડીને પણ તેની વહેંચણી કરી શકાય છે. પરંતુ જે સમિતિને ઇનામ નક્કી કરવાનું કામ સુપ્રત કરવામાં આવ્યું છે તે આ જાતના ભાગલા પાડવા ન પડે તેવો પ્રયાસ હમેશ કરે છે. કોઈ ખાસ દાખલાઓમાં ચોક્કસ નિર્ણય આપવાનું મુશ્કેલ જણાય ત્યારે સમિતિના કામકાજમાં ભાગ લેવાને ખાસ નિષ્ણાતો પસંદ કરી તેમને સમિતિના સભ્ય તરીકેના તમામ અધિકારો આપવામાં આવે છે.

રીતસર લાયકાત ધરાવતા પ્રતિષ્ઠિત માણસો તરફથી દરેક ઉમેદવારના નામની દરખાસ્ત મૂકવામાં આવે છે. તેમાં સાથેસાથે તેની લાયકાતનાં કારણો પણ દર્શાવવાનાં હોય છે, અને તે તેને લગતાં દરેક પ્રકારનાં આધારપત્રો સાથે રજૂ કરવાં પડે છે. ઇનામ આપવા માટેની દરખાસ્ત મૂકનારની લાયકાતમાં એટલું જરૂરી હોય છે કે તે સ્કૅન્ડિનેવિયાનો વતની હોય કે બહારનો હોય, પરંતુ જે ઉમેદવારો માટે તેણે દરખાસ્ત કરી હોય તેના જ ધંધાનો તે હોવો જોઇએ.

પારિતોષિક મેળવનારને માથે કોઇ ખાસ ફરજ નાખવામાં નથી આવી, સિવાય કે સ્થાપકની જે સંવત્સરીને દિવસે તેને ઇનામ મળ્યું હોય તે પછીના છ મહિનાની અંદર ઑસ્લોમાં શાંતિ ઉપર તેણે એક જ વ્યાખ્યાન આપવું

સ્થાપકની સંવત્સરી એટલેકે નોબેલની મરણતિથિને દિવસે જુદાંજુદાં નોબેલ પારિતોષિક મેળવનારા ભેગા મળે છે. તે દિવસે ઉત્સવ ઊજવાય છે અને નિર્ણયસમિતિના સભ્યો પારિતોષિક મેળવનારાઓને ઇનામની રકમનો ચેક તથા તેને લગતું પ્રમાણપત્ર અને સ્થાપકની છબીવાળો એક સુવર્ણચંદ્રક આપે છે.

શાંતિના પારિતોષિક ઉપરાંત નોબેલ સંસ્થા પાસે એક મોટું શાંતિ–પુસ્તકાલય નિભાવવા માટેનું ભંડોળ છે અને આ પુસ્તકાલયનો સૌકોઇ છૂટથી લાભ લઇ શકે છે. આ પુસ્તકાલય મારફત આંતરરાષ્ટ્રીય એખલાસનો ખૂબ પ્રચાર થયો છે અને જીનીવામાં બેસતી પ્રજાસંઘની સમિતિનાં કામકાજ સાથે તે ખૂબ સંબંધ રાખે છે.

જગતશાંતિ, રસાયનશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન, સાહિત્ય વગેરેમાંથી નોબેલ સંસ્થાનું કોઇપણ ઈનામ મેળવનારાએ કદી ઇનામ લેવાની ના પાડી હોય એવું માની ન શકાય; છતાં ઇનામ મેળવનાર તરીકે પોતાની પસંદગી ન કરવી એવી વિનતિ કાર્લફેલ્ટ નામના સ્વીડનના એક મહાન કવિએ કરી હતી.

ઇનામ માટેની પસંદગી કરતી વખતે સમિતિ કોઇના પણ ખાનગી જીવનનો વિચાર કર્યા વગર પોતાની ન્યાયબુદ્ધિથી જ છેવટનો નિર્ણય કરે છે. તેઓ જાહેર અને ખાનગી જીવનને બે જુદાજુદા વિભાગો માને છે અને એમના અનુભવે સાહિત્યમાં આદર્શવાદી હોનારાઓ પોતાના ખાનગી જીવનમાં બહુ જ સામાન્ય કોટિના જણાયા છે.

સ્ત્રીઓ પણ ઇનામ મેળવી શકે છે અને 'હથિયાર હેઠાં' (Weapons down)ની લેખિકા ઑસ્ટ્રીઆની વિદુષી બૅરોનેસ સટ્નરને શાંતિનું પહેલું ઇનામ મળ્યું હતું. (પદાર્થવિજ્ઞાન અને ઔષધિના વિષયમાં ઉત્તરોત્તર બે વર્ષ સુધી ઇનામ મેળવવાનું અનન્ય માન માદામ ક્યુરીને મળ્યું છે.)

જોકે નોબેલ ઇનામ મેળવનારાઓમાં ઘણાખરા તો વૃદ્ધ પુરુષો હોય છે, તોપણ કોપનહૅગનના પ્રોફેસર બોહર અને પદાર્થવિજ્ઞાનશાસ્ત્રી પ્રિન્સ દ બ્રાંગ્લી હજી તદ્દન યુવાન છે. નવાઇની વાત એ છે કે રુઝવેલ્ટ નામના એક સૈનિકને પણ નોબેલ ઇનામ મળ્યું છે!

જગત શાંતિ–પારિતોષિક આપવાની જરૂર ન રહે એવો સમય કદાચ આવે એવી કલ્પના આલ્ફ્રેડ નોબેલને નહિ આવી હોય, કારણકે એને લગતો કાંઇપણ ઉલ્લેખ તેણે ક્યાં ય કર્યો નથી અને એમાં એની ભૂલ નથી થઇ. પ્રજાઓને એકબીજાની નજીક લાવવાનો અને શાંતિસ્થાપન માટેનો બીજો ઘણો સારો પ્રયાસ નોબેલ સંસ્થાએ કર્યો છે, પરંતુ તેનો હેતુ સંપૂર્ણરીતે પાર પડે એમ એક ઘડી ભર પણ હજી તો લાગતું નથી; તેમાં યે ખાસ કરીને આપણી હયાતીમાં એવું બને એમ તો નથી જ જણાતું. લડવું એ મનુષ્ય જાતિના મૂળભૂત સ્વભાવમાં જ હોઇને આપણે લડાઇને બની શકે તેટલી પશુબળરહિત કરવાની આશા રાખી શકીએ.

(હિન્દ) —વેણીલાલ બુચ

અફીણ

અફીણ તો તમે સઘળાએ જોયું હશે. અફીણ એ ગુજરાતી નામ છે. એને અંગ્રેજીમાં ઓપીઅમ (Opium) કહે છે. તેનું ઝાડ નાનું બેત્રણ ફૂટ ઊંચું અને કૂમળું હોય છે. તેના ફૂલને ચાર પાંખડી હોય છે. તેના ડોડવા લંબગોળ અને બીજથી અથવા ખસખસથી ભરેલા હોય છે, અને તેની ઉપરની બાજુ ઉપર અફીણનો રસ કાઢવા માટે કરેલા કાપાની ઊભી નિશાની હોય છે. આ ડોડવા જ્યારે કાચા હોય છે. ત્યારે તેના પર કાપ મૂકવાથી જે રસ તેમાંથી નીકળે છે તે રસ ભેગો કરવાથી અફીણ મળે છે. અફીણનો પાક ઘણું કરીને માળવા, પટણા વગેરે ભાગમાં ઘણા વિસ્તારમાં કરવામાં આવે છે.

પ્રાચીન ગ્રંથોમાં અફીણનું વર્ણન જોવામાં આવતું નથી, પરંતુ અર્વાચીન ગ્રંથોમાં તેનું વર્ણન તથા ગુણનું બ્યાન જોવામાં આવે છે. અફીણનો ઇતિહાસ શોધીએ તો માલૂમ પડે છે કે, ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં ગ્રીક લોકોને તે જાણીતું થયું હતું અને ઘણું કરીને તેનું પહેલું વાવેતર એશીઆમાઇનોરમાં થયું હતું. ત્યાર બાદ આરબ લોકો તેમની પાસેથી લઇ આવી, તેના નામ (ગ્રીક શબ્દ) ઓપીઓન ઉપરથી અફયૂમ પાડી વાવેતર કરવા લાગ્યા. ઉપરના શબ્દનો અર્થ ગ્રીકભાષામાં ઊંઘ લાવનાર થાય છે. એમ મનાએલું છે કે આરબ લોકો પાસેથી પ્રથમ ઇરાનીઓ અને છેવટે આ દેશના લોકો તેના વાવેતરથી વાકેફ થયા હશે.

આપણે ત્યાં જે અફીણ વપરાય છે તે માળવામાં ઉત્પન્ન થાય છે. ત્યાંની પેદાશ આ દેશમાં પૂરી પડે છે એટલું જ નહિ, પણ ચીન અને બીજા દેશોમાં પણ મોકલાય છે. આ મુલક દરિયાની સપાટી કરતાં ૧૩૦૦ થી ૨૦૦૦ ફીટ ઊંચો હોઈ ત્યાંની હવા સારી ને એકદમ બદલાતી ન હોવાથી અફીણના પાકને ઘણી માફક આવે છે. અફીણનું વાવેતર ઘણું કરીને કૂવા અને તળાવની નજીકના ખેતરમાં થાય છે, જેથી જરૂર પડયે પાવાનું બની શકે છે. ફળદ્રુપ કાળી ગેરાડુ જમીન, જે કાળી કપાસના નામથી ઓળખાય છે, તે અફીણ માટે સારી ગણાય છે. આ જમીન એવી ફળદ્રુપ હોય છે કે તેમાં ત્રીસ વર્ષ સુધી વર્ષોવર્ષ ઘઉંનો પાક વગર ખાતરે લઇ શકાય. તોપણ જો તેમાં અફીણનું વાવેતર કરવું હોય, તો તેમાં બીજું ખાતર નાખવું પડે છે! ખેડૂતને જેટલી સંભાળ અને મહેનત અફીણના પાક માટે લેવી પડે છે તેટલી એક શેરડીના પાક સિવાય બીજા કોઇ પાક માટે લેવી પડતી નથી. જમીનને ચાર દિવસ સુધી ચાર વખત સારી પેઠે ખેડીને તે ઉપર સમાર ફેરવે છે અને પછી દર એકરે આઠથી દસ ગાડાં ખાતરનાં નાખે છે. આ પ્રમાણે કર્યા પછી તેમાં બીજ વાવે છે. દર આઠ અથવા દસ દિવસે ખેતરને પાણી પાય છે, અને પાક પાકી રહે ત્યાં સુધી આશરે નવ વખત પાણી પાવું પડે છે. ફૂલ ઊઘડી ગયા પછી જો પાણી પવાય તો તરત છોડ કરમાઇને સડવા માંડે છે.

જ્યારે છોડ છ ઇંચ ઊંચા થાય છે ત્યારે તેને નીંદી નાખે છે અને દરેક બે છોડવાની વચમાં આશરે દોઢ ફૂટ અંતર રાખી બાકીના છોડ ખેંચી કાઢે છે. ત્રણ મહિનામાં તો છોડ પાકવા માંડે છે અને તે વખતે સારી ખેડ કરેલી હોય તો તેઓ આશરે ચાર ફીટ ઊંચા થાય છે. સારો પાકેલો પોસડોડો આશરે સાડા ત્રણ ઇંચ લાંબો હોય છે અને તેની ગોળાઇનો વ્યાસ અઢી ઇંચ હોય છે ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં તેમને ચીરીને રસ કાઢવાનું કામ શરૂ થાય છે. ત્રણ લોઢાના ખીલા લઇ, તેમની અણીના છેડા આશરે એક ઇંચના બારમા ભાગ જેટલા બહાર રાખી તેનો બાકીનો ભાગ સૂતરથી બાંધી લે છે. આમ

કરવાનો હેતુ એ હોય છે કે કાપ મૂકતી વખતે તેઓ વધારે ઊંડા જઇ શકે નહિ. આ ખીલા વતી ડોડાને મથાળેથી માંડીને નીચે સુધી સળંગ કાપા કરે છે. આ કામ કરવાને માણસોને એવી રીતે ગોઠવેલા હોય છે કે દરેક છોડ ત્રીજે ચોથે દિવસે ફરીથી છેદાઇ શકે. બધું મળીને દરેક છોડ ત્રણ અથવા ચાર વખત છેદાય છે. છેદવાનું હમેશાં બપોર પછી ત્રણચાર વાગ્યે શરૂ થાય છે. છેદ્યા પછી તરત જ કાપામાંથી જાડો ગુંદર જેવો દૂધના જેવા રંગનો રસ નીકળવા માંડે છે અને તે તરત જ સુકાઇને ભૂરો થઇ જાય છે. રાત્રે રસ ઘણો નીકળે છે અને તે વખતે આગળનો જામેલો રસ ઉતારી લે છે, જેથી કાપા રાતના ઠારમાં ઉઘાડા રહે છે. આ રીતે જામેલો રસ અથવા અફીણ બીજે દિવસે સવારમાં બુઠ્ઠા ચપ્પુ વતી ઉખેડી લે છે. આ કામ કરતી વખતે અફીણનો જથ્થો વધારવાને માટે જામેલા રસની સાથે ડોડાની ઉપરની છાલ પણ છોલી લે છે, જેથી અફીણમાં કચરો ભળી જાય છે અને તેની કીમત ઓછી થાય છે. રસ ઉખેડી લેવાનું કામ પરોઢીઆમાં શરૂ કરીને દસ વાગતાં સુધી ચાલુ રહે છે. આટલા વખતમાં દરેક માણસ આશરે વીસ રૂપીઆભાર જામેલો રસ અથવા ચીક ઉખેડી શકે છે. ત્યાર બાદ તે રસને માટીના એક વાસણમાં નાખી તે સુકાઈ ન જાય તે માટે તેના ઉપર રસથી બમણું અળસીનું તેલ નાખે છે. આમ કરવાથી પણ અફીણમાં ભેગનો વધારો થાય છે અને ખેડૂત તથા વેપારીની વચ્ચે કજીઓ થવાનું મૂળ ઉત્પન્ન થાય છે. સારી રીતે ખેડ કરી હોય તો એક એકર જમીનમાંથી ૭૦ થી ૧૦૦ રતલ ચીક નીકળે છે. એ ચીકની કીમત ૩ થી ૬ રૂપીએ રતલ પડે છે. એટલે તે હિસાબે દર એકર જમીનમાંથી ૨૦૦ થી ૬૦૦ રૂપીઆ સુધીની કીમતનો માલ ઉત્પન્ન થાય છે. ત્રણ રતલ ચીકમાંથી બે રતલ અફીણ તૈયાર થાય છે, અને બાકીનો ત્રીજો ભાગ વરાળરૂપે સુકાઇને ઊડી જાય છે.

આ રીતે તૈયાર કરેલું અફીણ હવે વેપારીના હાથમાં જાય છે, જેઓ કપડાના કટકાને બેવડા કરી પચીસથી ત્રીસ રતલ અફીણ તેમાં બાંધી તેને અદ્ધર ટાંગી મૂકે છે. એથી વધારાનું અળસીનું તેલ નીતરી જાય છે. આ કામ આઠદસ દિવસમાં પૂરૂં થાય છે, તોપણ ઉપરની કોથળીઓને દોઢ માસ સુધી ટાંગી રાખે છે, જેથી કરીને તેનું છેલ્લું ટીપું નીકળી જાય છે અને અંદર રહેલું અફીણ ઘણું કરીને હવામાંથી ઑક્સિજન વાયુ ચૂસીને જાડું થાય છે. આ કામ કરવામાં એપ્રિલથી જૂન અથવા જુલાઇ માસ વીતી જાય છે અને ચોમાસું શરૂ થાય છે. આ વખતે કોથળીઓને નીચે ઉતારી તેમાંનું અફીણ ૧૦-૧૫ ફૂટ વ્યાસની કડાઇઓમાં નાખી તેને હાથ વતે મસળીને એકસરખી ઘાડાઇનું બનાવે છે. આ રીત ફક્ત માળવામાં ચાલે છે. ત્યાર બાદ તેની વીસ પચીસ રૂપીઆભારની ગોટીઓ વાળી અફીણની પત્તીની ટોપલીઓમાં નાખે છે. છેવટે છોડનાં પાંદડાં અને થડનો ભૂકો જમીન ઉપર પાથરી સઘળી ગોટીઓ તે ઉપર મૂકી આશરે એક અઠવાડિયું રહેવા દે છે જે દરમ્યાન તે સુકાઇને પેટીમાં ભરવા જેવી કઠણ થાય છે. અંતે ઑક્ટોબર અથવા નવેમ્બર મહિનામાં દરેક પેટીમાં દોઢસો ગોટી ભરી વેચવા મોકલે છે.

તુર્કસ્તાનનું અફીણ જેમ બંગાળના અફીણથી રંગ અને ગુણમાં જુદું પડે છે, તેમ માળવાનું અફીણ પણ બંગાળના અફીણથી જુદું પડે છે. તુર્કસ્તાનના અફીણમાંથી સેંકડે સાડા છ ટકા મોરફિયા અથવા અફીણનું સત્ત્વ નીકળે છે. બરેલીના અફીણમાંથી સેંકડે સાડા આઠ ટકા, બંગાળમાંથી ફક્ત ત્રણ ટકા અને માળવાનામાંથી છ ટકા નીકળે છે. આ રીતે તફાવત પડવાનું કારણ જુદી જુદી જાતની હવા અને જમીન છે. એમ કહેવાય છે કે ઠાર પડે ત્યારે ડોડવામાંથી રસ વધારે નીકળે છે અને તે અફીણ વધારે કાળા રંગનું તથા નરમ રહે છે. હવા સૂકી હોય અને પવન જોસથી વાતો હોય ત્યારે રસ વધારે સારો નીકળે છે.

ખસખસના દાણા મસાલા તેમજ મીઠાઈનાં વપરાય છે. તેમાં અર્ધોઅર્ધ તો તેલ હોય છે, જે તેને પીસવાથી નીકળી આવે છે. તેનો સ્વાદ સારો હોય છે. ખસખસના ડોડા અને બીજ ઝાડો બંધ કરવાને અપાય છે. ઝાડો બંધ થવાનું કારણ ડોડામાં રહેલો અફીણનો ભાગ છે. ખસખસના દાણા બે રંગના હોય છેઃ કાળા અને ધોળા. ગુણમાં બન્ને સરખા હોય છે. અફીણ દવા કરતાં નશાના કામમાં ઘણું વપરાય છે. જે મુલકમાં અફીણની પેદાશ ઘણી

થાય છે ત્યાં નાની ઉમરનાં છોકરાં અને સ્ત્રી પણ અફીણ ખાય છે. અફીણના બંધાણી લોકો દિવસમાં બે વખત તે ખાય છે, અને કેટલાક દિવસમાં એક વખત ખાય છે. કેટલાક તેનો કુસુંબો કાઢી પીએ છે. સરાસરી કાઢતાં એવું માલૂમ પડ્યું છે કે અફીણ ખાનારો દરેક જણ હમેશાં બેથી ૪૫ ગ્રેન સુધીખાય છે.

અફીણના બંધાણની શરૂઆત ઘણું કરીને માંદગીમાં થાય છે. જેમકે તાવ, મરડો, સંધીવા, જખમ વગેરે. તેમાં ઘણાખરા માણસો તો પોતાના પુરુષાર્થની તાકાત વધારવાના શૉખને લીધે શરૂ કરે છે. પણ અફસોસ કે તે જ માણસો અફીણને પોતાના તાબામાં રાખવાને બદલે પોતે જ તેના ગુલામ થઈ જાય છે, અને જ્યારે ન મળે ત્યારે કેટલા હેરાન થાય છે તેના અગણિત દાખલા હમેશાં બને છે. કેટલાક એમ કહે છે કે અમારે ઘણું સખત કામ કરવું પડે છે, માટે થાક ન જણાય તે સારૂ અફીણ ખાઇએ છીએ; પરંતુ એકંદરે જોતાં અફીણનું બંધાણ શરીરને ઘણું નુકસાનકારક છે. ચીનના લોકો તો અફીણ ખાય છે એટલું જ નહિ પણ ચલમમાં નાખી પીએ પણ છે.

અંગ્રેજી દવામાં અફીણને દારૂમાં નાખી તેનો અરક બનાવે છે. સંધીવા, ગૂમડાં, ચાંદી વગેરે દરદોમાં દરદીને રાત્રે ઉંઘાડવા માટે એક ગ્રેન અફીણ અથવા પંદર ટીપાં ઉપર કહેલા અરકનાં અપાય છે, અને દરદ ઓછું કરી આખરે બંધ કરે છે. પેટમાં ચૂંક અથવા આંકડી આવતી હોય ત્યારે અફીણનો અરક અજમાના પાણી સાથે આપવાથી આરામ થાય છે. કૉલેરાના રોગમાં ઝાડો બંધ કરવા માટે આપવામાં આવેલા અફીણથી ઘણી વખતે નુકસાન થાય છે અને પેટ ચડી આવે છે. પણ વખતસર અને માફકસર આપવાથી ઘણી વખતે ફાયદો પણ થાય છે. જલંદરના દરદમાં પણ અફીણ આપવાથી આરામ થાય છે. મરડાના દરદમાં પણ અફીણ ઘણી વખતે આરામ કરે છે. ઉલટી બંધ કરવા માટે અફીણ અને અજમાનું પાણી અપાય છે. જૂનો સંધીવા અફીણ તથા કપુર ને કોપરાના કે મીઠા તેલમાં વાટીને મસળવાથી ઘણી વખતે મટી જાય છે. આ તેલ જૂની ઉધરસના દરદમાં છાતી ઉપર તેમજ પીઠ ઉપર મસળવાથી પણ સારી અસર કરે છે. આંખો દુખવા આવી હોય અને અજવાળું ન ખમાતું હોય ત્યારે ઊકળતા પાણીમાં અફીણનો અરક અથવા અફીણ વાટીને નાખીને તે પાણીના બાફ ઉપર આંખ ધરવાથી ઘણી વખતે આરામ થાય છે. આવે વખતે અફીણનો અરક એક ભાગ, સરકો એક ભાગ, બ્રાન્ડી એક ભાગ અને પાણી ૪ ભાગ એ બધાને મિશ્ર કરીને તે પાણીથી આંખો ધોવાથી જલદી આરામ થાય છે. દાંતના દરદ માટે અફીણનો કટકો સડેલા દાંતના ખાડામાં મૂકવાથી તરત દરદ મટી જાય છે, પરંતુ સંભાળ એ રાખવાની છે કે તે વખતે નીકળતું થૂંક ગળી જવું નહિ. કાન દુખતો હોય ત્યારે અફીણના અરકને તેલમાં મેળવી તેનાં ટીપાં કાનમાં નાખવાથી અથવા તેમાં રૂનું પૂમડું બોળી કાનમાં મૂકવાથી દરદ મટી જાય છે. હરસ ઘણું દરદ કરતા હોય ત્યારે ચોખાની પોટીસ બનાવી તે ઉપર અફીણના અરકનાં થોડાં ટીપાં નાખી બાંધવાથી ઘણો આરામ મળે છે.

(સંકલિત) —જયંતીલાલ શંભુલાલ લોઢાવાળા

સૂક્ષ્માક્ષરી લેખનકળા

કદાપિ નરી આંખે લખી શકાય, પણ નરી આંખે વાંચી તો ન જ શકાય એવી લેખનકળા તે સૂક્ષ્માક્ષરી. સૂક્ષ્મદર્શક યંત્ર કે લેન્સની મદદ વડે વાંચી શકાય તેવી આ લેખનકળા હવે તો પુષ્કળ ખીલી છે. એક એકવડિયા પત્તામાં ૧૬૦૦ ને ૧૮૦૦ અક્ષરોમાં દાદાભાઇ તથા ફીરોજશાહનાં જન્મવૃત્તાંત લખાયાં હતાં: રાજકોટની મ્યુઝિયમમાં ૧૨૫ અક્ષરની ૮૦ લીટીઓ લખેલું એક પત્તું છે. એક ચોખાના દાણા ઉપર એક દક્ષિણી ગૃહસ્થે ૨૬ અક્ષર કોતર્યા હતા એ તો આપણામાંના કેટલાયે જાણતા હશે. દિલ્હીની એક કંપની ચોખાના એક જ દાણા ઉપર સો સવાસો અક્ષરો કોતરે છે. એવા દાણા ગુજરાત કૉલેજના પ્રો. શાહ અને દીક્ષિત પાસે છે.

પણ એ કળા તો, આંખ અને આરામના ભોગે તેથી યે આગળ વધી છે અને રૂપાની બેઆની જેટલી જગ્યામાં ત્રણ હજાર શબ્દો લખાયાના દાખલા છે! ચોરસચોરસ એક ઇંચના કાગળના ટાપુમાં ૮ હજાર શબ્દો કેદ કરાયા છે. નખ જેટલા પટ ઉપર બાઇબલમાંનાં પ્રભુ–પ્રાર્થના, દસ આદેશ અને ધર્મકરાર

(એપોસટલ્સ ક્રીડ) લખીને રાણી ઇલિઝાબેથને એનાયત કરવામાં આવ્યાં હતાં. એક ઇટાલિયન સાધુએ એક દુકાની (ફાર્થિંગ) જેટલી જગ્યામાં એપોસટલના ધારો લખ્યા હતા. મહાકાવ્ય ઇલિયડની ૧૫૦૦૦ લીટીઓ એક કોટલા ઉપર સમાવવામાં આવી હતી!

ઑક્સફર્ડની સેંટ જૉન કૉલેજના કિતાબખાનામાં એક નાનું ચગદું છે. તેના ઉપર ચાર્લ્સ બીજાનું માથું કોરેલું દેખાય છે. પણ એ કોરણી એવી અજબ છે કે તેના લીટામાં પ્રાર્થના, સ્તોત્રો અને કરાર પણ વાંચી શકાય છે. જોનારને મોરૂં દેખાય અને નીરખનારને લેખનકળા જણાય!

બ્રિટિશ મ્યૂઝિયમમાં રાણી ઍનની એક છબી છે. તે છબીની રેખાઓ ઉપલક દૃષ્ટિએ ઍનની આકૃતિ રજુ કરે છે, પણ બારીકીથી જોતાં એ જ રેખાઓમાં એક નાનો ગ્રંથ વાંચે, જોનાર માત્ર છબી જુએ.

કૉકસ આર્ગેન્ટીઅસે ચામડાના ગ્રંથમાં સુંદર કીરમજી રંગનાં પાનાંઓની કિનારીઓમાં સૂક્ષ્માક્ષરી કળા વાપરીને બીજો ગ્રંથ લખી નાખ્યો છે. આ તો ગ્રંથમાં ગ્રંથ!

ફ્રાન્સ ઉપર જર્મનો જઇ ચડયા ત્યારે મોટી જાહેરખબરોની કિનારી ઉપર જાસૂસી સૂક્ષ્માક્ષરી લખાઇ હતી. બ્રિટિશ કાફલાના નામનિશાન સહિત તમામ હકીકત ચાર ઇંચના કાગળના ટુકડા પર સમાવેલી પકડાઈ હતી.

વાનકુંવરથી લંડન એક પત્તું આવ્યું હતું. તેમાં વર્તમાનપત્રોની ૧૬ કટાર જેટલું લખાણ હતું; અર્થાત્ ખાસ્સા ૧૨ હજાર શબ્દો હતા! ડર્બીના એક સજ્જને ૯ અને ઇટાલિયને ૧૧ હજાર શબ્દોવાળાં પત્તાં લખ્યાં હતાં. અને વિદ્યાપીઠના એક વિદ્યાર્થીએ તો ટપાલની ટિકીટની પાછળ છસો શબ્દ સમાવ્યા હતા.

એથી યે ખાસ નવાઇજેવું તો એ છે કે મરઘીના એક ઇંડા ઉપર અમેરિકાના અન્વેષણનો આખો ય ઇતિહાસ આલેખવામાં આવ્યો હતો. ઘઉંના ફડાસીયા ઉપર પ્રભુસ્તવન (લૉર્ડ્ઝ પ્રેયર) લખવામાં આવ્યું હતું; એટલે કે ૩૩૩ અક્ષરો સમાવવામાં આવ્યા હતા! તેટલું જ લખાણ ત્રણ પેન્સના સિક્કા ઉપર (પાઇ જેટલી જગ્યા ઉપર) સમાવવામાં આવ્યું હતું. એ જ લખાણ એક વીંટીના અંદરના ગાળામાં લખાયું હતું!

એક વખત એક કળામસ્ત માનવીએ ખારેકના ઠળિયા ઉપર કોતરકળા પાછળ જિંદગીનાં દસેક વર્ષ ન્યોછાવર કરી દીધાં હતાં, અને ૧૨૪ જુદાં જુદાં માથાં કોર્યાં હતાં અને એ એક ઠળિયો ૫૦૦ ગીની મળવા છતાં તેણે આપ્યો ન હતો!

આવી સૂક્ષ્માક્ષરી લખવાની ટાંકોને ઘસીને માખીના ટાંગા જેવી બારીક બનાવવી પડે છે અને ઘણી વાર તો બારીક પીછીથી જ એ લખાય છે. પરંતુ આ ક્ષેત્રમાં હવે યંત્રલેખને પણ સહાય આપવા માંડી છે અને સૂક્ષ્મયંત્રલેખન (Micrography)ની કળાએ વિજ્ઞાનની એ શાખામાં નવો તબક્કો આણ્યો છે.

વર્નિયરના સિદ્ધાન્તના આધારે આ બની શકે છે. જેમકે ઉપલાં બારીક લખાણ લખતી સોય ચાલે તેમ બીજા કાગળ પર યંત્રની સહાય વડે તેથી ય નવમા ભાગના ઝીણા અક્ષરો લખતી સોય ચાલે છે અને એ બારીક અક્ષરોવાળી સોયના અનુસંધાનમાં તેથી ય નવમા ભાગના એટલે અસલથી એકાશીગણા બારીક અક્ષરો આલેખતી ગ્રેફાઇટ અને હીરાકણીની સોય કામ કરે છે, અને આમ તે વડે અકલ્પ્ય, અતકર્ય અને અદૃશ્ય લિપિ લખાય છે—જે સૂક્ષ્મદર્શકની સહાય વડે જ વાંચી શકાય.

આ કળા આટલી હદે, આટલી ઘેલછાએ લઇ જવાનું કારણ કળાપ્રેમ અને ઉપયોગ મનાય છે. જગતનાં કિતાબખાનાંઓ, વિદ્યાપીઠની વિદ્યાઓ, વિશ્વકોશો બધું ચપટીમાં સમાવી દેવાનો એનો હેતુ છે. અનંતતા કે છેવટ ચિરંતનતાના આરા સુધી એ જ્ઞાનને કટાયા, દટાયા, વિના ટકાવવું એ એનો હેતુ છે.

અમેરિકાના સ્મિથસોનિયન ઇન્સ્ટીટયૂશન ઉપર આલફ્રેડ મૅક ઇવાને એક પત્ર લખેલો. એ પત્રમાં ૪૪ શબ્દો હતા. સૂક્ષ્મદર્શક યંત્રવડે એ વંચાયો. એ પત્ર કેવડો હશે? શીવવાની સોયના નાકામાં એ પત્ર ગોઠવીને મોકલવામાં આવ્યો હતો! સોયના નાકામાં ૪૪ શબ્દો અને ૨૫૦ જેટલા અક્ષરો! પણ એ તો હજી ઉતાવળે કરેલો નમૂનો હતો.

એ જ કળાધરે એક પટ્ટી ઉપર ૫૬ શબ્દો અને ૩૩૪ અક્ષરોનું એક 'પ્રભુસ્તવન' કોતર્યું હતું અને અમેરિકાના સ્ટૅન્ડર્ડ બ્યુરોના ટી. ડબ્લ્યુ. સી. ૩૪૩૭૪ ના નંબર ૨૪૧ પ્રમાણે રજુ થએલો એ નમૂનો હતો.

એ પટ્ટી કેવડી હશે? એ પટ્ટી—ચપતરી •૦૦૧૬ ઇંચ લાંબી, ને •૦૦૦૮ ઇંચ પહોળી હતી; અર્થાત એક ઇંચ ઓરસ ચોરસ ટુકડામાંથી ઊભા ને આડા ૮૮૪ સરખા આંકા પાડી જેવડો ટુકડો થાય તેવા ટુકડામાં ૫૬ શબ્દનું 'પ્રભુસ્તવન' (લૉર્ડ્ઝ પ્રેયર) કોતરવામાં આવ્યું હતું. ઓરસ ચોરસ ઇંચના સાત લાખ, એકાશી હજાર બસો પચાસમા ભાગના ટુકડા પર એ સ્તવન હતું. એમ અમેરિકાની બે શાખાનું પ્રમાણ છે.

ચોરસ ઇંચનો હજારમો ભાગ કરવો, એમ જે ભાગ બને તેના ૭૮ કકડા કરવા. જે કકડો થાય તેના ઉપર ૩૩૩ અક્ષરો કોતરવા! આપણે 'ડ' અક્ષરમાંની વચ્ચે લીંટી કરી 'ક' બનાવીએ છીએ એવા 'ડ'માં સમાતા એક લીંટામાં જ એવાં ૭૮ સ્તવનો સમાય અથવા ૪૭૬૮ શબ્દો કોતરાય અથવા 'કુમાર' નાં ૩૦ પૃષ્ઠ સમાય એ કેટલું અદ્ભુત! માનવું તો શું પણ કલ્પવું યે મુશ્કેલ છે. છતાં એ નકર વાત છે.

આ સજ્જન એક ચપતરામાં ૮૦ બાઇબલો સમાવવાનો દાવો કરે છે. કોટજાકીટના બટનની અંદરની બાજુમાં મહાકવિ શેક્સપીઅરનો તમામ ગ્રંથ-સંગ્રહ કોતરી સંતાડી રાખી શકાય, દેશનું અંદાજપત્ર સોયના નાકામાં સમાવી શકાય, કટાય નહિ તેવા પોલાદ ઉપરના જગતના મહાલેખો કોતરી શકાય, આ તેનો વિશેષ દાવો.

આથી તો જાસુસીખાતાને રાજ્જડ સહાય મળશે. હવે તો પુરાતત્ત્વવિભાગ એટલે ઘોરખોદિયા કે ધૂળ-ધોયા વિભાગને એક કાંકરી મળી જશે કે માહિતીના મહાખંડો લાધશે. —ડાહ્યાલાલ હ. જાની

મોરપગો હીરો

કેટલાક માણસો એવા હોય છે કે જેમના આવવાથી ઘરમાં વૃદ્ધિ થઇ આનંદ થાય છે જ્યારે કેટલાક એવા મોરપગા આવે છે અથવા જન્મે છે કે આખા ઘરનું સત્યાનાશ વળી જાય છે. કેટલાંક ઘરો એવાં હોય છે કે જેમાં રહેવાથી વિસ્તાર વધે છે અને કેટલાંક એવાં હોય છે કે એમાં રહેવાથી વિસ્તારી હોય તો એ પણ વૈરાંછોકરાં વગરનો થઇ જાય છે. કેટલીક વસ્તુઓ પણ એવી જ હોય છે. એવી વાતો એક ભ્રમ છે એમ કેટલાક માને છે. જોશી મહારાજનાં પંચાંગોમાં લખેલા જુદાજુદા ગ્રહો અને તેને લગતાં જુદાંજુદાં રત્નો એ પણ ધતીંગ છે એમ પણ ઘણાખરા કહે છે. સાથે સાથે જ અનેક એમાં ન માનનારાઓ પણ (બોલવામાં માત્ર) એવાં જુદાજુદા પ્રકારનાં રત્નો જોશી મહારાજને પૂછીને વીંટીઓમાં વાપરે છે. આ બધા ગ્રહોનાં રત્નોમાં 'શનિ' મહારાજનું રત્ન બહુ જ પ્રખ્યાત છે અને વાપરનારાઓ એ બહુ જ કાળજીથી વાપરે છે. કારણ શનિ મહારાજ લાભ-કારી થાય તો પુષ્કળ થાય, પણ જો વિરૂદ્ધ પડયો તો એટલા જ પ્રમાણમાં સત્યાનાશ વાળે છે. આ વાત ભ્રમ છે એમ માનનારાઓ માટે એક અપૂર્વ માહિતી આપું છું. શ્રદ્ધાવાળાઓ વિચાર કરે અને અશ્રદ્ધા-વાળાઓ છાનામાના બેસી ન રહેતાં શાસ્ત્રીઓ (મહારાજ નહિ પણ Scientists)ને પૂછીને એનું કાર્યકારણભાવાત્મક વિવેચન ખોળી કાઢી ભ્રમિતોને જાગૃત કરે. આ એકલો ભ્રમ છે એમ કહ્યે નહિ ચાલે, કારણકે એનાથી થતાં માઠાં પરિણામો પ્રત્યક્ષ ભોગવવાં પડે છે. થોડા દિવસ ઉપર 'ડાહ્યાનું ગાંડપણ' વિલાયત જેવા દેશોમાં અને તે પણ રાજદ્વારમાં કેમ ચાલી રહ્યું છે તેની માહિતી 'કુમાર'માં આપેલી. તે પ્રમાણે જ આ ભ્રમ એકલા હિન્દુસ્તાનમાં જ નથી; પણ આ ભ્રમ કહો કે પ્રત્યક્ષ અદશ્ય શક્તિ કહો એનો અનુભવ ફ્રાંસ, હૉલંડ, અમેરિકા વગેરે દેશોએ ઠીકઠીક કર્યો છે. તેનું ટૂંક વર્ણન 'કેસરી'ના આધારે આ નીચે આપ્યું છે.

બ્રહ્મદેશમાં રામસીતાજીનું એક મંદિર છે જેમાં શ્રીરામચંદ્રજીની મૂર્તિ સોનાની છે. એ મૂર્તિ ઉપર હીરો એક—કીર્તિવાન હીરો હતો. તેનું તેજ જોઇ એક ફ્રેંચ મુસાફર લલચાઇ એને ચોરી ગયો. તે વખતે એનું વજન ૧૧૨॥ કૅરેટ હતું. એણે એ હીરો ચૌદમા લુઇને અઢી લાખ ફ્રાંકમાં વેચ્યો. થોડાક જ દિવસમાં આ મુસાફરને કુતરાઓએ ફાડી ખાધો. આ પ્રમાણે તેના પહેલા ધણીને તેણે રસ્તો બતાવ્યો.

રાજા લૂઇ પાસે ગયા પછી એને ફરી ઘાટ આપવામાં આવ્યો એટલે એનું તેજ અને પરાક્રમ વધ્યાં. પણ વજનમાં માત્ર ઘટાડો થઇ ૬૭ કૅરેટ થયું. રાજાએ એ હીરો પોતાની પ્રેમીકાને આપ્યો. થોડાક જ દિવસમાં એમના છૂટાછેડા થયા, પછી એક

વેપારીએ રાજા પાસેથી એ હીરો ઉછીનો લીધો. અહીં પણ એનું પરાક્રમ નડ્યું એટલે રાજાએ એ વેપારીનો શિરચ્છેદ કર્યો. પછી એ હીરા મહારાજનો પ્રવેશ અંતઃપુરમાં થયો. મેરી ઍન્ટૉઇનેટના હાથ પર એ ઝગકવા લાગ્યો. એનું પણ માથું ઉડાવવામાં આવ્યું અને તરત રાજકારણ સંબંધમાં લૂઇનો પોતાનો પણ જાન ગયો.

ત્યાંથી આ હીરાભાઇની જે સવારી ઊપડી તે હૉલંડમાં. ત્યાં ફરી તેના હાથપગ કપાવવામાં આવ્યા એટલે વજન ૪૨॥ કૅરેટ થયું અને તેજ તથા પરાક્રમ ફરી વધ્યાં. જે વેપારીએ એ પેદા કર્યો હતો તેના જ છોકરાએ એ ચોરી લીધો અને છોકરો પોતે આત્મહત્યા કરી મરી ગયો તથા બાપ રવડતો ને ભીખ માગતો થઇ મરી ગયો. આટલું પરાક્રમ યુરોપમાં બનાવ્યા પછી ઓગણીસમા સૈકામાં આ એશિયાના હીરાલાલ અમેરિકામાં ગયા. ત્યાં બે ચાર મોટા મોટા લોકોના હાથમાં ફરી એમનું સત્યાનાશ વાળ્યું. હવે લોકોને સંશય ઉત્પન્ન થયો કે 'આ તે હીરો છે કે ખૂરો છે?' આ પ્રમાણે ફરતાંફરતાં અને વચ્ચે આવે તેને બાજુએ કરતાંકરતાં સુલતાન અબ્દુલ હદીમ પાસે ચાર લાખ ડૉલરમાં તેઓશ્રી આવ્યા.

તરત જ સુલતાનને ગાદી છોડી નીચે ઊતરવું પડ્યું. સને ૧૯૧૨ માં આ હીરો મૅકલીન નામના અમેરિકન વેપારીએ હાથ કર્યો અને એના પ્રતાપથી આજે એ વેપારી પોતાના ઘરનું વર્તમાનપત્ર તજી, પોતાની પત્ની, છોકરો અને દેશ બધું મૂકી દેશવિદેશ ભટકતો થઇ ગયો છે.

આ પ્રમાણે આ હીરાનું માહાત્મ્ય 'શનિ માહાત્મ્ય' જેવું જ જોકે છે, પણ આ તો સાંભળવામાં પણ એક જાતની બીક લાગે છે. 'ભ્રમ હશે કે સત્ય હશે' એવા આંદોલન ખાનારાઓની તો ખાસ કરી વિચિત્ર જ સ્થિતિ થાય છે. શાસ્ત્રજ્ઞો—ખરેખરા સાયન્ટિસ્ટો—આવી બાબતો ઉપર પ્રકાશ પાડે તો કેવડું મોટું લોકોપયોગી કાર્ય થાય!

–કૃષ્ણાજી હરિ મોહર

મ્હેરોનું જીવન

સોરઠને સીમાડે અને બરડાની ઓથમાં એક મજબૂત જાતિ વસે છે. એની સંખ્યા બહુ અલ્પ છે. પોરબંદર, જુનાગઢ અને જામનગરની હદ સિવાય બીજે ક્યાંયે આ જાતિનો વસવાટ નથી. એ જાતિનો વ્યવહાર સૌરાષ્ટ્રનો સીમાડો ભાગ્યે જ વટાવે છે. આટલા ટૂંકા પ્રદેશમાં એ જાતિ જીવન વિતાવી રહી છે. પોરબંદર રાજ્યની વસ્તીનો લગભગ પાંચમો ભાગ આ જાતિ રોકી રહી છે. ત્રીસ પાંત્રીસ હજારની સંખ્યા એ જાતિની હશે. સંખ્યામાં એ જૂજ છે છતાં એની પાછળ ઇતિહાસ છે; સારો એવો ઇતિહાસ છે. સિંધની દક્ષિણે જે મ્હેડ, મેર, અથવા માંડ નામના બળવાન લોકો વસતા તેમાંના આ લોકો હોવા જોઇએ એમ ડૉસન અને ઇલિયટ જેવા ઇતિહાસવેત્તાઓનું માનવું છે. ટૉડ સાહેબ આથી કૈંક વિરુદ્ધ ઊતરે છે. તેઓ માને છે કે આ લોકો મેવાડમાંથી ઊતરી આવેલા છે. ગમે તે હો, છતાં એક બલવાન અને લડાયક જાતિ તરીકે તેઓની ગણના થઇ ચૂકી છે.

રબારી અને ભરવાડ જેવાં આ લોક nomads નથી. પરન્તુ સ્થાયી ખેડૂત તરીકે તેઓની જમાવટ આ ભાગમાં છે. મ્હેરો ખાસ કરીને પોરબંદર રાજ્યની જ વસ્તી છે અને એમના પોરબંદરના વડવાઓએ પડખે ઊભા રહી ભીડને વખતે પૂરી મદદ કરી હતી. બાલ રાજાને લઇ રાજમાતા કલાબાઇ નાસતાં ફરતાં હતાં ત્યારે આ લોકોએ પોરબંદરની રિયાસત પુનઃ ઊભી કરવા લીલાંછમ માથાં વધેરી આપ્યાં હતાં. પોરબંદરના રાણાએ પણ તેમની યોગ્ય કદર બૂઝી લગભગ સોળ જેટલાં ગામો આપ્યાં છે, જેની ઉપજ હજી તેઓ ખાય છે. મ્હેરોની ચાર શાખા—કેશવાળા, રાજસુખા, ગોહિલ, આડિટ્રા—માં રાજસુખાને નવા રાણાને રાજ્યાભિષેક વખતે તિલક કરવાનો હક્ક છે.

પુરુષો કદે ઊંચા, શરીરે ભરાવદાર, અંગે ઘાટીલા અને કસાએલા હોય છે. ચામડીનો રંગ ઘઉંલો અને ક્વચિત ગોરો પણ છે. સ્ત્રીઓ પણ મજબૂત અને સશક્ત હોય છે. ડુંગરાઉ જીવનને અંગે તેઓનાં શરીર ખડતલ હોય છે. સ્ત્રીઓમાં હાથે પગે છુંદણાં પડાવવાનો રિવાજ વધુપડતો છે. તેઓ ખેતીમય જીવન જ ગાળે છે. મ્હેર બાળક બાલવયમાં જ માતાની સાથે ખેતરે અને ઘેર ઊછરે છે ને જીવનનો મોટો ભાગ સીમમાં જ વિતાવે છે. કેળવણી વિષે તે બહુ ઓછી દરકાર રાખે છે. ડુંગરાની સફી પણ સ્વચ્છ હવા, મીઠાં પાણી, કઠણ પણ સ્વતંત્ર વાતા-

વરણુ વચ્ચે ઊછરતો બાળક નાની વયમાં પણ સારું કાઠું કરે છે. કન્યાને કેળવણી મળતી જ નથી. તે માતા તથા બંધુઓને નાનપણથી મદદ કરે છે. ખેતરનું રખોપું કરવું, પાણી વાળવાં, સાંઠી ભાંગવી, બળદોને પાણી પાવાં, ખેતરે ભાત પહોંચાડવું વગેરે કામો નાની કુમારિકાઓ કરે છે. ચાના પ્યાલા પીતા સળેકલાં સમા આપણા કૉલેજયનોને થપ્પડ મારી ફેંકી દેવા જેટલી તાકાત આ કન્યાઓમાં હોય છે.

જીવન સ્વતંત્રપણે વિતાવેલ હોવાથી સ્ત્રી તથા પુરુષ જરાપણ વિખવાદ સહન કરી શકતાં નથી. સ્ત્રીને ઘર ન ચલાવવું હોય તો એ ચાલી નીકળે છે. પુરુષ પણ એટલો જ સ્વતંત્ર છે. આબરૂના ઓઠા નીચે છાની રમતો રમતાં એ લોકો શીખ્યાં જ નથી. ધણીની ડરામણી, મારપીટ અને જુલમ કોઈ સ્ત્રી સહન કરતી નથી. સહનશીલતા જેવી વસ્તુ જ તેઓ જાણતાં નથી. એક ઘા ને બે કકડા જેવી જ એમની વાત છે. સ્ત્રીઓ પુરુષોના જેટલી જ મહેનતુ છે. પતિની પડખોપડખ ઊભી રહી જીવનનાં સાચાં સ્તોત્રો તે ભણે છે. એકલા પુરુષની કમાઈ ઉપર એ નભનારી નથી. સરખી મહેનતથી સરખો હિસ્સો માગનારી એ સાચી સામ્યવાદી સ્ત્રી છે. વખત આવ્યે પુરુષની પરવા કર્યા સિવાય સ્વતંત્ર જીવન પણ એ ગાળી શકે છે. અનાથનાં આંસુ એને ભાગ્યે નથી. એનાં કાંડાંબાવડાં વડે એનો રોટલો ગમે ત્યાંથી ખેંચી લાવે છે. સ્ત્રીઓ બંગડી વગેરે સૌભાગ્યચિહ્નો પહેરવાની જરૂરીઆત સમજતી નથી. તેઓનો પોશાક એકસરખો હોવાથી કોઈ ઘરમાં સરખી વયની વહુ દીકરી પારખતાં મુશ્કેલી નડે. જો કોઈ સ્ત્રી તેને માવતર હોય તો તે સફેદ કપડું કેડ નીચે લપેટે છે. તેને પેયણું અથવા ધાંસિયું કહે છે. શ્વસુરગૃહે હોય છે ત્યારે રાતું પેયણું પહેરે છે. કાઠિયાવાડમાં લાજનો રિવાજ બહુ ભયંકર છે, છતાં અજાયબ જેવી વાત છે કે આ જાતિ લાજ જેવી વસ્તુજ સમજતી નથી! જુવાન વહુ બેધડક સસરા સાથે વાતો કરે છે. છોકરો પોતાના શ્વસુરને 'મામા' તથા સાસુને 'ફુઈ' કહી બોલાવે છે.

મ્હેર જુવાનોની રમત મર્દાનગીને શોભે એવી હોય છે. હોળી અથવા એવા તહેવારને દિવસે જુદાજુદા ગામની ટુકડીઓ એક સ્થળે એકઠી થાય છે અને એકે એક જુવાન છુટા પથરા યા છાણાંથી સામસામા ઘા કરે છે. હાથ ઉપર પાઘડી લપેટી લ્યે છે. આ તેમની ઢાલ. એ ઢાલે પથરા ઝીલતા તેઓ ફેંકાફેંકી કરે છે. ઘણા એમાં લોહીલોહાણ થાય છતાં પાછા હઠવું એના જેવી શરમ બીજી કઈ હોય ? એકાદ જીતે યા હારે ત્યારે એ રમત બંધ થાય. નાળિયેરના પડખામાં સોપારી રાખી સોપારી ઉપર જોરથી ભોંસટ દઈ સોપારી નાળિયેરમાં ઉતારી દેવી, એક ફાળિયામાં દસપંદર નાળિયેર નાખી જોરથી તે અફાળી બધાં ફોડી નાખવાં દસપંદર ફૂટ ઊંચે દીવાલ ઊપર પગરખું રાખી દોટ મૂકી પગેથી એ પગરખું પાડી નાખવું, અને એવી બીજી અનેક રમતો એની તાકાત અને શૌર્યની સાક્ષી પૂરે છે.

તેઓની ભાષામાં કર્કશતા ખૂબ છે. શુદ્ધ દિલથી એ વાત કરતા હોય છતાં કોઈ પરપ્રાન્તીય ભાઈ એમની વાણીની તોછડાઈ સાંભળી વિચારમાં પડી જાય. ' કાં કીણે ગોતો ? (કયાં ગયો હતો ?) ' કાઉં કરેશ ?' (શું કરે છે ?) ' મોડું કીમ થીયું" વગેરે એમની ભાષાના નમૂના છે.

મોટે ભાગે તો તેઓ સઘળા સાથે ' તું 'થી જ વાતો કરે છે. 'તમે' એવો વિવેક વાપરવા જાય છે ત્યારે કોઈવાર મોટો છબરડો વાળી દે છે. એક મ્હેર સારા એવા અમલદારને મળવા ગયો. ત્યાં આમ બોલી જવાયું: ' ઠીક. સા'બ તૈયેં અમે પધારી છીએ અને તૂં કોક દિ આવજે.' મ્હેરોની ભાષ થી પરિચિત અમલદાર જરા હસ્યો.

તેઓના ઘરમાંથી હજી ગૃહઉદ્યોગ તદ્દન મરી ગયા નથી. રેંટિયા કાંતવા, ભરત ભરવાં અને એવાં બીજાં કામો સ્ત્રીઓ ફુરસદના વખતે કરે છે. પતિ અને બાળકોને જાડાં પણ ગામઠી કપડાં પહેરાવી સ્ત્રીઓ સંતોષ લે છે. આ લોકોએ તેમના પ્રદેશ સિવાય બીજે ઘૂમવાની ઇચ્છા કરી જ નથી. બહુ બહુ તો 'પોર' (પોરબંદર)નું હટાણું એમને શહેરમાં ખેંચી લાવે અને શહેરની એ ઝાકમઝોળ એના આત્માને ડંખતી હોય તેમ એ દૂરદૂર પાછા ડુંગરાને ઓથે નાસી જઈ એ ભૂલી જવા મથે છે.

સ્વતંત્ર વાતાવરણમાં ઊછરેલા હોવાથી તેઓ કોઈનું વેણ કે અપમાન સાંખી શકતા નથી. જરા વારમાં ડાંગ ઉપાડતાં, કોઈની તાલકી તોડતાં કે

ખેતરમાં કોઇનું ખૂન કરી નાખતાં તે જરાપણ પાછું વાળી જોતા નથી. જો આ લડાયક વૃત્તિને વધુ સારા કામ તરફ ખેંચી શકાય તો કાઠિયાવાડની આ મજબૂત નાની જાતિ ભારતના હિત ખાતર ખરે ટાણે હળવે હાથે માથાં આપતાં પાછી હઠે તેમ નથી.

—ગોકુળદાસ પરમાર

સ્વપ્નદોષ

હાલમાં ઘણા યુવાનોને સ્વપ્નદોષનો પ્રશ્ન બહુ મૂંઝવે છે. અને તે પ્રશ્નનો ઉકેલ તેઓ કોઇ પાસે કરી શકતા નથી; કારણકે તે પૂછતાં શરમાય છે. અને આ શરમમાં ને શરમમાં તેઓ ક્ષય, સંગ્રહણી વગેરે ભયંકર રોગોના ભોગ થઇ પડે છે તથા તેમનાં શરીર તદ્દન નબળાં પડી જાય છે.

એ દોષનાં કારણો આપણે વિચારીએ:

(૧) ખરાબ વિચારોનું મનન કરવાથી રાત્રે એવાં સ્વપ્નાં આવે છે, અને તેથી સ્વપ્નમાં વીર્ય સ્ખલિત થાય છે.

(૨) બહુ ખાટા, તીખા અને ઉત્તેજક પદાર્થોનું સેવન કરવાથી પણ એ દોષ થાય છે.

(૩) જેઓને પેટમાં બાદી રહેતી હોય, ઝાડો સાફ આવતો ન હોય તેઓને પણ સ્વપ્નદોષ થાય છે.

(૪) ઘણા યુવાનોને પથારીમાં સૂતા હોય ત્યારે પેશાબ કરવાની ઇચ્છા થઇ હોય પરંતુ તેઓ આળસને લઇને પથારીમાં પડ્યા રહે છે, અને તેથી આપણા શરીરની અંદરના ફુક્કાઓ (Bladder) ઉપર દબાણ આવવાથી ઘણીવાર વીર્ય સ્ખલિત થાય છે.

(૫) ચત્તા સુવાથી પણ શરીરની અંદરના ફુક્કાઓ ઉપર દબાણ આવે છે અને તેથી કોઇવાર વીર્ય સ્ખલિત થાય છે.

(૬) ચા, તમાકુ, દારૂ, બીડી વગેરેના અને ગરમ પદાર્થોના સેવનથી પણ સ્વપ્નદોષ થાય છે.

ઉપાયો

(૧) હમેશા રાત્રે ઇશ્વરની સ્તુતિ કરીને અથવા કોઇ સારા વિચારોનું મનન કરી પથારીમાં સૂવું.

(૨) ઉત્તેજક પદાર્થો જેવા કે ચા, બીડી, તમાકુ, દારૂ વગેરેથી સદા દૂર રહેવું.

(૩) જેઓને ઝાડો સાફ આવતો ન હોય અને બાદી રહેતી હોય તેઓએ હાલાસન, પશ્ચિમોત્તાનાસન, અથવા પેટનો વ્યાયામ કરવો; અથવાતો પેટ બહુ સખત હોય તો તે સાફ કરવા માટે સારો રેચ લઇ લેવો અથવા એક બે ઉપવાસ કરવા જેથી સ્વપ્નદોષ થતો અટકશે.

(૪) રાત્રે હમેશાં પેશાબ કરીને અને ગુહ્યેન્દ્રિયને ઠંડા પાણીથી ધોઇ સ્વચ્છ લૂગડાવતી સાફ કરીને જ સૂવું.

(૫) જેઓને બહુ સ્વપ્નદોષ થતો હોય તેઓએ સૂતા પહેલાં કમરપૂર ઠંડા પાણીમાં દરરોજ પાંચ મિનિટ સુધી બેસવું.

(૬) રાત્રે ઊંઘમાં પેશાબ કરવાની ઇચ્છા થઇ હોય તો કદી પેશાબ કરવાની આળસ કરવી નહિ.

(૭) યુવાને રાત્રે કોઇપણ વખત પથારીમાં ચત્તા સૂવું નહિ, હમેશાં ડાબે પડખે જ સૂવું. જેઓને ઊંઘમાં ચત્તા સૂવાની ટેવ હોય તેઓએ એક કોથળીમાં બહુ નાનો નહિ અને બહુ મોટો નહિ એવો સાધારણ પથરો નાખી, કમર પછવાડે તે કોથળી રાત્રે સૂતી વખતે બાંધવી, જેથી ઊંઘમાં ચત્તા થઇ જવાશે તો તે પથરો તેને કમરમાં વાગશે કે તરત તે જાગૃત થઇ જશે. પછી ધીમેધીમે ચત્તા સૂવાની ટેવ મટી જશે.

(૮) જેઓને બહુ સ્વપ્નદોષ થતો હોય તેઓએ હમેશાં ગુહ્યેન્દ્રિય ઉપર ઠંડા પાણીની ધાર કરવાની અને પછી સ્વચ્છ લૂગડા વતી સાફ કરી નાખવાની ટેવ પાડવી.

(૯) ખાટા, તીખા ઉત્તેજક પદાર્થોનો ત્યાગ કરવો.

(૧૦) હમેશાં લંગોટ તો પહેરી જ રાખવો; કારણકે તેથી સ્વપ્નદોષ થતો અટકવામાં ઘણી મદદ મળે છે, રાત્રે તો અવશ્ય લંગોટ પહેરી જ રાખવો.

(૧૧) યુવાનોએ ઓછામાં ઓછું પાંચ થી છ કલાક અને વધારેમાં વધારે આઠ કલાકથી વધારે વખત સૂવું નહિ; કારણકે બહુ ઊંઘવાથી પણ સ્વપ્નદોષ થવાનો ભય રહે છે.

(૧૨) સુંવાળી ને પોચી પથારીમાં કદી સૂવું નહિ.

(૧૩) શીર્ષાસન કરવાથી પણ સ્વપ્નદોષ થતો અટકે છે, કારણકે શીર્ષાસનમાં માથું નીચે અને પગ અદ્ધર હોય છે, અને તેથી વીર્યની નળીઓ જે શિથિલ થઇ ગઇ હોય છે તે પોતાની જગ્યાએ બેસી જાય છે. વળી શીર્ષાસનથી આપણાં મગજ

ઉપર પણ સારી અસર થાય છે, પરિણામે આપણું મન સારી રીતે આપણા કાબૂમાં રહી શકે છે, અને તેથી સ્વપ્નદોષ થતો અટકે છે.

(૧૪) નિયમિત સાદો અને પૌષ્ટિક ખોરાક લેવો.

—પ્રતાપરાય બક્ષી

પદ્મનાભ

પદ્મનાભ એ નામ ભગવાન વિષ્ણુનું છે અને વિષ્ણુનાં મુખ્ય ચોવીસ નામોમાં પણ તેમની ગણના કરવામાં આવી છે. વિષ્ણુનાં જુદાં જુદાં નામો પ્રમાણે તેની પ્રતિમાઓ પણ જુદીજુદી નિર્માણ કરવી પડે છે. તે માટે હેમાદ્રી નામના ધર્મશાસ્ત્રના ગ્રંથમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. તેમાં લખ્યું છે કે જે મૂર્તિને અનુક્રમે પદ્મ, ચક્ર, ગદા અને શંખ હોય તેને પદ્મનાભ કહેવામાં આવે છે. પાટણમાં શહેરની દક્ષિણે બીરાંના દરવાજા બહાર પદ્મવાડીમાં પદ્મનાભ છે. પણ તેમાં ઉપર જણાવ્યા પ્રમાણેની પ્રતિમા નથી, પરંતુ માટીના ઢગલાઓ અને તુલસીના પવિત્ર છોડવાઓનું ત્યાં પૂજન કરવામાં આવે છે. ગ્વાલિયરમાં ઇ. સ. ૧૯૦૩ માં બંધાએલું પદ્મનાભનું મોટું મંદિર છે. સ્થાપત્ય અને શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ તે પ્રાચીન કામ અત્યુત્તમ છે અને તેમાં પદ્મનાભની પ્રતિમાનું પૂજન થાય છે. આપણા પાટણમાં તો પદ્મનાભની સ્થાપના પદ્મા કુંભારે કરી હતી એમ કહેવાય છે. 'ગુજરાતનાં પુરાતન કામો' નામનું પુસ્તક લખનાર બર્જેસ સાહેબ આને માટે લખે છે કે ખાનસરોવર બંધાવનાર ખાન અબ્દુર્રહીમ કે જે અકબરનો દૂધભાઇ હતો તે ઇ. સ. ૧૫૮૯ થી ૧૫૯૪ સુધી ગુજરાતનો સૂબો હતો. તેને ગૂમડું થયું હતું તે એક કુંભારે મટાડવાથી આ જમીન તેણે તેને તુલસીક્યારા કરવા આપી હતી. લોકોમાં એ પદ્મનાભ માટે કિંવદંતી છે કે જ્યારે ખાનસરોવર ખોદાતું હતું ત્યારે પદ્મો કુંભાર તળાવ ખોદવા મજૂર તરીકે જતો હતો. પરંતુ તેના માથા ઉપર મૂકેલી માટી ભરેલી ટોપલી માથા ઉપર ચાર આંગળ અદ્ધર રહેતી હતી! આવો ચમત્કાર જોઇ ખાનસાહેબે તેને આ જમીન આપી હતી. કિંવદંતી અને ઇતિહાસની સમીક્ષા કરતાં જણાય છે કે પદ્મનાભની સ્થાપના કરનાર પદ્મો કુંભાર ભગવાન વિષ્ણુનો અંશાવતાર હતો. તેને માટે ભવિષ્યોત્તર પુરાણના પદ્મનાભ માહાત્મ્યમાં એવી મતલબનો શ્લોક છે કે 'કલિયુગનાં ચાર હજાર ને પાંચસો વર્ષ વીત્યા પછી દયાનિધિ ભગવાન પદ્મનાભ કુંભારને ઘેર જનકલ્યાણ માટે જન્મ લેશે.' કલિયુગનાં સાડા ચાર હજાર વર્ષ અને પદ્માનો સમય લગભગ મળતો જ આવે છે અને કુંભારો પણ પદ્માને વિષ્ણુનો અંશાવતાર માને છે તે વાતને ઉપરના શ્લોકો પુષ્ટિ આપે છે. પદ્મનાભ માહાત્મ્યમાં પદ્મવાડી કે જેને જ્ઞાનવાટિકા તરીકે સંબોધી છે તેમાં તુલસીવનનું માહાત્મ્ય પણ વર્ણવ્યું છે, તેમજ ભગવાનનું ધ્યાન, પૂજન, અર્ચન વગેરે તુલસીવનમાં જ કરવા માટે જણાવ્યું છે. તે વાડીના માહાત્મ્ય સાથે તેની ધૂળને પણ પવિત્ર ગણી છે. આથી જ તે પવિત્ર માટીના પદ્મનાભ બનાવી તેની પૂજા કરવામાં આવતી હશે.

કલિયુગમાં પણ આનંદ આપનારૂં એવું આશ્ચર્ય છે કે ભગવાન હમેશાં વાટિકા સ્વરૂપે પણ વસે છે. પદ્મનાભને અપભ્રંશથી હાલ પદ્મનાથ કહેવામાં આવે છે. આ પદ્મવાડીમાં પદ્મનાભ જેવા કેટલા યે બીજા માટીના ઢગલાઓ છે તે બધાયને જનસમાજ પદ્મનાભ કહે છે. પણ તેના આચાર્યો દરેકનાં જુદાંજુદાં નામો બતાવે છે. જેવાં કે ધર્મરાજા, હરદેવજી વગેરે. વળી ત્યાં આગળ એક કૂઇ આવેલી છે જેને ગોમતીની કૂઇ કહેવામાં આવે છે અને તે પંથના લોકો તેને દ્વારકાની ગોમતીના જેવી પવિત્ર માને છે. આ સ્થાન વૈષ્ણવ સાંપ્રદાયિક હોવાથી તેનાં નામો પણ તેને અનુસરતાં છે. આ સિવાય પાટણથી પૂર્વમાં સીંધવાઇ માતા પાસે એક પદ્મનાભ છે. જેને પદ્મનાભના પિતા કર્ણદેવ કહેવામાં આવે છે. પદ્મનાભની સ્થાપના કરનાર પદ્માએ પદ્મનાભનો પંથ કાઢયો હતો અને હજુ પણ કુંભારો, ખત્રીઓ, નાગરવાણિયાઓ વગેરે જ્ઞાતિઓના પાટણમાં અને પાટણ બહાર તેના અનેક સેવકો છે. તેના આચાર્ય પદ્માના વંશ જ કુંભાર લોકો છે. તેઓ સ્વામી કહેવાય છે. પદ્મનાભ અને તેના પંથ માટે લોકોક્તિમાં કહેવાય છે કે:—

પદ્મનાભ, બોળે હાથ,
ધૂળના ઢગલા, વગદીની પાતરી,
ગુરુ કુંભાર, અને ચેલા ખાતરી.

—કનૈયાલાલ ભાઇશંકર દવે

ચીકુ

હું તો વળામાં રહેવાવાળો એટલે મેં તો પીલુ જોએલાં. ભાવનગરમાં આવ્યો ત્યારે એક શેઠીઆના આંગણામાં મેં એક નવું ઝાડ જોયું એ ઝાડનાં પાંદડાં બોરસલી જેવાં હતાં. ઝાડ ઘટાદાર ને નીચું હતું અને તેને અંજીર જેવાં, પણ જાડી છાલવાળાં ફળ હતાં.

હું તો વિચારમાં પડી ગયો કે 'આ ઝાડ તે વળી કયું? પણ ત્રીસ વર્ષનો થએલો અને આવા ઝાડને ઓળખું નહિ એટલે મનમાં શરમાયો. કોઇને પૂછ્યું ય નહિ કે 'આ ઝાડ કયું?'

તે દિવસે શેઠીઆને ત્યાં મિજલસ હતી એમાં અમે ગએલા. જ્યારે ચાપાણી આવ્યાં ત્યારે બીજાં ફળોને મેં ઓળખ્યાં પણ એક ફળની ચીરો મેં ન ઓળખી.

પાસે બેઠેલા મારા ભાઇબંધ હરભાઇને મેં પૂછ્યું 'આ ફળ કયું?' તે હળવેથી કાનમાં કહે, અલ્યા, 'ચીકુ.'

ફળની ચીરો લાલ તપખીરીઆ રંગની હતી ને અંદર બી રાયણના જેવાં લાંબાં કાળાં હતાં. નવું ફળ સાંભળીને બીતાંબીતાં ખાધું, પણ સ્વાદ તો ઠીક આવ્યો.

હરભાઇ કહે, 'આ ફળો બહુ મોંઘાં મળે છે હોં; અને આપણા લોકો તે બહુ નથી ખાતા.'

'એમ કેમ?'

હરભાઈ કહે, 'આપણા તરફ એ ઝાડ બહુ નથી થતું ને સાહેબલોકો એનાં ફળો ઉપાડી જાય છે.'

(બાલોદ્યાન) ગિજુભાઇ

શિયાળામાં ટાઢ કેમ પડે છે?

તારીખ ૨૧મી સપ્ટેમ્બરથી ૨૦મી માર્ચ સુધી ઉત્તર ધ્રુવમાં રાત હોય છે. આ કારણે લાગલાગટ છ માસ સુધી સૂર્યના તાપને અભાવે ત્યાંની હવામાં ઘણી ઠંડક રહે છે. આકાશમાં ભેગાં થએલાં વાદળાં પણ ઘણી ઠંડીને લીધે પાણી અને બરફ રૂપે નીચે પડે છે. આથી ઘણીવાર ડિસેમ્બર માસમાં વિલાયત તરફ બરફ પડે છે.

ઉત્તર ધ્રુવ તરફનો ઠંડો પવન દક્ષિણ તરફ આગળ વધે તેમ દક્ષિણ તરફ હવા ઠંડી થવા લાગે છે. વરસાદ દરમ્યાન જે વાદળાં ઉત્તર ધ્રુવ તરફ ગયાં હોય તે ઉત્તર ધ્રુવની મુસાફરી પૂરી કરી ત્યાંથી પાછાં વળે છે અને તેની સાથે સખત ઠંડીનું મોજું લાવે છે. ઉપરાંત દક્ષિણ ધ્રુવનાં વાદળાં હિમાલયની દીવાલ ઓળંગી શકયાં ન હોય તે હિમાલય ઉપર જ આરામ લે છે. પરંતુ હિમાલયની પેલી તરફથી ઠંડો પવન આવતાં તેની સાથે પાછાં દક્ષિણ તરફ તણાવા લાગે છે, અને રસ્તામાં જ વરસી જાય છે. હિમાલય તરફથી આવતો આ પવન ઠંડોનું બીજું મોજું લાવે છે ને તેથી હિમ પડે છે.

આ રીતે શિયાળામાં સાધારણ ટાઢ પડવા ઉપરાંત ઠંડીનાં બે મોજાં હિન્દુસ્તાન ઉપર ફરી વળે છે. એમાંનો એક પ્રવાહ સાઇબીરિયા તરફથી, એટલે ઉત્તર ધ્રુવની ઠંડીનાં મોજાંનો અને બીજો હિમાલયને અથડાઇને પાછાં વળતાં વાદળાં તથા પવનનાં મોજાંનો.

સાઇબીરિયા તરફથી આવતો પ્રવાહ ચીન, તુર્કસ્તાન, અરબસ્તાન, ઈરાન અને કાશ્મીર ઉપરથી આવતો હોઇને તેની ઠંડક કંઇક ઓછી થઇ જાય છે; પણ હિમાલય ઉપરથી આવતો પ્રવાહ વધુ ઠંડી લાવે છે. આપણે ત્યાં જે હિમ પડે છે તે એ હિમાલય તરફના પવનમાં આવતી ઠંડીને કારણે.

શિયાળામાં દિવસ નાનો હોઇને સૂર્યના તાપથી પૃથ્વી પરની હવા ગરમ થાય તે લાંબી રાત દરમ્યાન ઠંડી પડી જાય છે. આ ઠંડી હવાને યોગ્ય પ્રમાણમાં ગરમ કરવા જેટલો તાપ દિવસે ન મળતો હોઇને પૃથ્વી ઉપરનું વાતાવરણ ઠંડુ રહે છે. ઉત્તર ધ્રુવમાં રાત સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં શરૂ થાય છે, પરંતુ ત્યાંની ઠંડીની અસર અહીં પહોંચતાં વાર લાગે છે. વળી તે જ અરસામાં રાત લાંબી થઇને દિવસ ટૂંકો થવા માંડે છે એટલે રીતસર ઠંડીની અસર ઑક્ટોબરની આખરથી અથવા નવેમ્બરની શરૂઆતથી જણાવા માંડે છે. ડિસેમ્બરની ૨૨મી તારીખે ટૂંકામાં ટૂંકો દિવસ હોય છે તે ધીમેધીમે વધતો જાય છે ને રાત ટૂંકી થતી જાય છે. અંતે માર્ચની ૨૧મી તારીખે દિવસ ને રાત સરખાં થાય તે અરસામાં વાતાવરણમાં ધીમે ધીમે ગરમી જણાવી શરૂ થાય છે. એટલે ફેબ્રુઆરી પૂરો થયે શિયાળો પણ પૂરો થયો ગણાય. —વેણીલાલ બૂચ

ગોળીઓ, દાણા, સોયો, ચૂંકો, ટાંકણી વગેરે સંચાથી બનતી બારીક જણસો ગણવાને બદલે એક તોલામાં કેટલી જોખાય છે તે ઠરાવી લઈ તેનું એક એક બંડલ કરી લેવાથી ગણત્રી સહેલી બને છે.

હિમાલયના કોઈ નિર્જન ઉન્નત શિખર ઉપર તપશ્ચર્યા કરવાના ઇરાદે નીકળેલા એક સંન્યાસીએ ગંગાતીરે સ્નાન કરતાં કરતાં જોયું કે પોતાના મૃત બાળકના શબને ગંગામાં વહેવડાવવા આવેલી એક કંગાલ માતા તેના પર ઓઢાડેલું વસ્ત્ર કાઢી લઈ શબને નવસ્રું જ નદીમાં વહેવડાવી રડતી રડતી પાછી વળી. જે દેશમાં માતાને પોતાના પ્રિય બાળકના દેહને આખરી મજલે પહોંચાડવા માટેનું એકમાત્ર વસ્ત્ર પણ ખેંચી લેવું પડે એવી ભીષણ ગરીબી છે ત્યાં કેવળ પોતાની જ આત્મોન્નતિ માટે હિમાલયને ખૂણે બેસી રહેવામાં એ સંન્યાસીને નર્યો સ્વાર્થ લાગ્યો; અને તે પછીના ચાર દાયકામાં તો વેદટંકારકારી એ સ્વામી દયાનંદજીએ હિંદુ ધર્મ અને સમાજની કાયાપલટ કરી નાખી.

અમેરિકાની રેડ ઇન્ડીઅનોની ચેરોકી (Cherokee) નામની એક જાતની સ્ત્રીઓ બાળકને જન્મ આપ્યા પછી જે વસ્તુને જુએ છે તે વસ્તુના નામ પરથી તે બાળકનું નામ પાડે છે. એક બાઇએ બાળકને જન્મ આપ્યા પછી ત્રણ પુરુષોને સાથે ઊભેલા બારીમાંથી જોયા, તેથી તેણે તે બાળકનું નામ 'ટૉમ થ્રી પરસન્સ' (Tom Three persons) પાડ્યું ! આવો રિવાજ હોવાથી કેટલાકનાં નામ 'ટૉમ રેડ રૉક' (Tom Red Rock) 'ટૉમ સ્પૉટેડ ડૉગ' (Tom Spotted Dog) વગેરે હોય છે!

છાપખાનાની શોધ થઈ ત્યારથી આજ સુધીમાં પચાસ અબજ ઉપરાંત પુસ્તકો છપાયાંનો અંદાજ નીકળ્યો છે.

સીદી કાળા જ હોય એવી આપણી સૌની માન્યતા છે; પણ પૂર્વ આફ્રિકાના મૅનૅરેમાન્ગોના હબસીઓ ગોરી ચામડીના છે !


શ્રદ્ધા એટલે પારકાના અનુભવ ઉપર વિશ્વાસ. કોઈ મહાન પુરુષના અનુભવને નજર સામે રાખી તે પ્રમાણે વર્તીએ, ને જે કંઈ મળી રહે તેથી સંતોષ પામીને આપણું કામ ચલાવ્યે જ રાખીએ.

ગાંધીજી

અનેકાર્થી શબ્દ : હેડ=ગુનેગારનો પગ જકડી રાખવા માટેનું ભારે લાકડું, સગર્ભા સ્ત્રીને દરેક વખતે થતી અમુક પીડા, જેમકે ઊલટીની હેડ; તોફાની ગાયભેંસના ગળામાં પગ વચ્ચે રહે એમ બંધાતું લાંબું લાકડું–ડેરો; વેચવાના બળદનો કાફલો; જેલ–કેદ.

ચામાચીડિયાં આંધળાં નથી હોતાં, પણ એમની આંખોની શક્તિ નબળી હોવાથી તીવ્ર પ્રકાશ ઝીલી ન શકતાં માત્ર ભળભાંખળામાં જ જોઇ શકે છે.

જર્મનીમાં લાલ ગુલાબની ડાળી પર કાળાં ગુલાબ ઉગાડવાનો પ્રયોગ સફળ થયો છે.



દિવસ દરમ્યાન મળેલા સૂર્યપ્રકાશના કલાક માપવાનું યંત્ર આ ઉપર આપ્યું છે. સૂર્યનાં કિરણોને એકત્રિત કરીને પોતાની નીચે આવતી ચીજોને બાળી શકે એવી બનાવટના આગિયા કાચના એક ગોળાની નીચે, પતરાની એક વાંકી સૂપડી ઉપર, ખાસ બનાવટના કાગળની આંકાવાળી પટ્ટી રાખેલી હોય છે. સૂર્ય જેમજેમ પૂર્વમાંથી પશ્ચિમમાં પ્રકાશતો જતો જાય તેમતેમ તેનાં કિરણો પેલા ગોળા સોંસરાં નીચેના કાગળને બાળીને તેટલા ભાગના આંકા પર કાળી નિશાની મૂકતાં જાય. વાદળાં હોય તો તેટલો વખત સૂર્યનાં કિરણો રોધાવાથી કાગળનો એટલો ભાગ કોરો રહે. પછી કાગળ પરના આંકા ઉપરથી કેટલા કલાક સૂર્ય તપ્યો તેની ગણત્રી કરી લે. ઉપરના યંત્રના ચિત્રને મથાળે ગોળાકારી એવી કાગળની બળેલી પટ્ટીની જુદી આકૃતિ આપી છે.

KUMAR Reg. No. B. 1808

ચિત્રોનો તમને શૉખ છે?

● **ઘ**ણાને હશે.
ઘણાને સારાં ચિત્રો વસાવવાનું મન પણ થતું હશે.
ઘણાને વળી એમ પણ થતું હશે કે ફુરસદ ને આરામની પળોમાં મનને ઉલ્લાસ આનંદ ને પ્રેરણા આપનારૂં એકાદ આલ્બમ વસાવીએ.

પણ

● **ત**મારૂં ગજવું ગરીબ હશે. મોટી કિંમતનાં આલ્બમો ખરીદવાં પોસાતાં નહિ હોય. અથવા એમ પણ લાગતું હશે કે ચિત્રઆલ્બમોમાં, તેમની કિંમતના પ્રમાણમાં ચિત્રસંખ્યા ઓછી હોય છે.

તો

● **ત**મારે જ માટે આ નવું પ્રકાશન થયું છે.
એમાં બાર-પંદર કે સોળ-સત્તર નહિ પણ ૧૦૦ ચિત્રો છે. ચિત્રોથી ભરચક્ક આલ્બમ,—'કુમાર'ના કદનું, સારા કાગળ પર છાપેલું, છીંટપટ્ટીની બાંધણીનું. એ ચિત્રોની પસંદગી ઊંચી ને શિષ્ટ છે, સાથે વિવિધતાભરી છે. આ દેશની છે તેમ બીજા દેશોની પણ છે. પ્રાચીન છે તેમ અર્વાચીન પણ છે.

● **એ**માં શિલ્પ ને સ્થાપત્ય છે, રંગચિત્રો ને રેખાચિત્રો છે; છાયાચિત્રો ને સુંદર ફોટોગ્રાફો પણ છે. કેટલાંક ચિત્રો નીચે સમજણ પણ આપી છે.

● **અ**ને આટલું બધું છતાં એની કિંમત તદ્દન માફકસર છે. સૌકોઇને પોસાય એવી છે. તમે કરકસરથી ભણતા વિદ્યાર્થી હો, કે મધ્યમ સ્થિતિના ગૃહસ્થ હો કે સામાન્ય ફંડથી ચાલતી સંસ્થાના મંત્રી હો;—ગમે તેના ગજવાને માફક આવે એવી તેની કિંમત છે: **સવા રૂપિયો.**

સવા રૂપિયામાં સો ચિત્રો!

● **સોં**ઘું—નહિ? અને બરાબર તમને જોઈતી જ વસ્તુ! એનું પોસ્ટેજ ત્રણ આના છે. રજિસ્ટર્ડ કરાવીને સલામતીથી મંગાવો તો બીજા ત્રણ આના વધારે. આજે જ કુમાર કાર્યાલયના વ્યવસ્થાપકને, ૧૪૫૪ રાયપુર અમદાવાદ એ સરનામે લખો કે તમને મોકલી આપે: શું?—

ચિત્રશતક

સો ચિત્રોનું આલ્બમ